Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતી વ્યાકરણ અને લેખન

પુસ્તક ૨

કર્તા

રણછોડજી દયાળજી દેસાઈ, એમ. એ., બી. ટી.

જયંતિલાલ ઉત્તમરામ મહેતા, બી. એ., બી. ટી.

२५ग
१ख

…રસનદાસ નારણદાસ એન્ડ સન્સ,
નાણાવટ, સૂરત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

❀ ओ३म् ❀

पुस्तक-संख्या 2.5.ग./१२७

पंजिका-संख्या १८५६२

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતી વ્યાકરણ અને લેખન

પુસ્તક ૨જું

पुस्तकालय
गुरुकुल कांगड़ी

स्यक प्रमाणीकरण १९८४-१९८५

રણછોડજી દયાળજી દેસાઈ,
એમ. એ., બી. ટી.

જયંતિલાલ ઉત્તમરામ મહેતા,
બી. એ., બી. ટી.

પ્રકટકર્તા

કરસનદાસ નારણદાસ ઍન્ડ સન્સ,
નાણાવટ, સૂરત.

૧૯૪૧

કિંમત પાંચ આના

CH... 1973
Ini...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રથમ આવૃત્તિ: ૧૯૩૯
ફરી છાપી: ૧૯૪૧

સર્વ હક્ક સ્વાધીન રાખ્યા છે.

Printed by Jashvantsinh Gulabsinh Thakore, at the 'Surat City' Printing Press, Near Chauta Bridge, Surat, and Published by Navanitlal Balubhai of Messrs Karsondas Narandas & Sons, Nanavat, Surat.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

બાળકો સહેલાઈથી વ્યાકરણ જેવો શાસ્ત્રીય વિષય સમજી શકે એ હેતુ ધ્યાનમાં રાખીને **વ્યાકરણ અને લેખન** નામની આ પુસ્તકમાળા અમે યોજી છે. વ્યાકરણના સિદ્ધાંતોનું સ્પષ્ટ જ્ઞાન આપવાનું અનેક રીતે મુસ્કેલ હોય છે, તેથી વ્યાકરણનો વિષય વિદ્યાર્થી અને શિક્ષક બંનેને નીરસ અને સુક્કો લાગે છે. પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાઓમાં વ્યાકરણ રસપૂર્વક વિદ્યાર્થીઓ શીખે તેને માટે શિક્ષણશાસ્ત્ર અને બાલમાનસના સિદ્ધાંતોને અનુસરી વ્યાકરણની એક પુસ્તકમાળા યોજવાની જરૂર અમને લાગ્યા કરતી હતી. આ પુસ્તકની રચના જે ઢબે કરવામાં આવી છે તે ઉપરથી સમજાશે કે શિક્ષણશાસ્ત્રના નીચે જણાવેલા સિદ્ધાંતોને પાયારૂપ ગણવામાં આવ્યા છે.

(૧) કોઈપણ સિદ્ધાંત કે વ્યાખ્યા પ્રથમથીજ આપવાનો નિયમ રાખ્યો નથી, પરંતુ વિશેષ ઉદાહરણો આપીને તેની મદદ વડે જે તે સિદ્ધાંત તારવી કાઢવામાં આવ્યો છે. શિક્ષણશાસ્ત્રનો **ઉદાહરણ ઉપરથી સામાન્ય નિયમ** ઉપર જવાનો જાણીતો સિદ્ધાંત અમે સ્વીકાર્યો છે. આમ કરવાથી બાળકો જ્ઞાત એટલે જાણેલી હકીકત ઉપરથી અજ્ઞાત વ્યાપ્તિ કે સામાન્ય સિદ્ધાંત ઉપર સહેલાઈથી જઈ શકે છે.

(૨) જ્યાં જ્યાં પ્રતિપાદિત કરેલી વસ્તુની રજૂઆત ચિત્ર વડે સ્પષ્ટ અને જીવંત થઈ શકે ત્યાં ત્યાં ચિત્રોની મદદ લીધી છે, અને તેની મદદથી ભાવાર્થને મૂર્તિમંત કરવાનો પ્રયત્ન કર્યો છે.

(૩) ઉપર જણાવેલી રીતે નવીન સિદ્ધાંત કે ભાવાર્થનું જ્ઞાન મેળવ્યા પછી બાળકો પાસે તે સિદ્ધાંતનો ઉપયોગ કરાવવામાં આવે તોજ તેનું જ્ઞાન દૃઢ થાય છે, અને તેઓ નવી પરિસ્થિતિમાં એનો ઉપયોગ સહેલાઈથી કરી શકે છે.

આ હેતુને ધ્યાનમાં રાખીને સિદ્ધાંતની પ્રાપ્તિ કરાવ્યા પછી તેના ઉપયોગને અર્થે કે અભિજ્ઞાનને અર્થે મનોયત્નો આપવામાં આવ્યાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૪) બાળકો પાસે શરૂઆતમાં શાસ્ત્રીય ઢબની તર્કશુદ્ધ વ્યાખ્યાઓ મોઢે કરાવવાનો આગ્રહ અયોગ્ય છે એમ કેળવણીકારો માને છે. એના કરતાં બાળકો બુદ્ધિપૂર્વક કોઈપણ શાસ્ત્રીય કે તર્કપ્રધાન વિષયનાં મૂળતત્ત્વોનો ભાવાર્થ બરાબર સમજે તો આગળ ઉપર ઊંચી કક્ષાએ જતાં એ શાસ્ત્રીય વ્યાખ્યા પોતાની મેળેજ તારવી કાઢે, અગર તો આપેલી વ્યાખ્યાઓને સમજણપૂર્વક પોતાની બનાવી શકે. આવી રીતે આ પુસ્તક માળામાં અમે વસ્તુના ભાવાર્થ ઉપર પહોંચવાના નિયમને ખાસ મહત્ત્વનો ગણ્યો છે.

વ્યાકરણ ઉપરાંત આ પુસ્તકમાળામાં કક્ષા પ્રમાણે **લેખન વિભાગ** પણ રાખ્યો છે, એ આ માળાનું એક વિશિષ્ટ અંગ છે. વ્યાકરણનો અભ્યાસ કરતી વખતે બાળકની બુદ્ધિ પૃથક્કરણશીલ હોય છે, અને વસ્તુનું પૃથક્કરણ કરીને તેનું દર્શન અને ગ્રહણ કરે છે. પરંતુ એ બુદ્ધિને સર્જનશીલ બનાવવી હોય, તો તેની પાસે પોતાનું મૌલિક લખાણ લખાવવાનો પ્રયત્ન કરાવવો જોઈએ. એને અંગે લેખનના કક્ષા અનુસાર વિવિધ પ્રકાર થઈ શકે, અને એના અભ્યાસથી બાળકોની સ્વતંત્ર સર્જન કરવાની શક્તિ અને શૈલી સંયમપૂર્વક કેળવી શકાય.

આ પુસ્તકમાળાનાં પુસ્તક ૧–૨–૩નો પ્રાથમિક શાળાનાં ચોથા, પાંચમા, છઠ્ઠા અને સાતમા ધોરણમાં અને અંગ્રેજી પહેલા, બીજા અને ત્રીજા ધોરણમાં ઉપયોગ કરી શકાશે.

વર્ગમાં ઉપયોગ કરતાં કરતાં, આ પુસ્તકની રચનામાં સુધારા વધારા કરવા જેવું જણાય, તો તે બદલની સૂચનાઓ શિક્ષક બંધુઓ અમને મોકલી આપે એવી અમારી એમને આગ્રહ ભરી વિનંતી છે.

અમારે અહીં સહર્ષ નોંધ લેવી ઘટે છે કે પૂ. કાકાસાહેબે આ પુસ્તકમાળાની રચનામાં મહત્ત્વની સૂચનાઓ કરીને અને પહેલા પુસ્તક માટે આમુખ લખી આપીને જે પ્રેરણા અને ઉત્તેજન આપ્યાં છે તે બદલ અમે તેમના અત્યંત આભારી છીએ.

નવસારી
તા. ૨૯–૨–૪૦

રણછોડજી દેસાઈ
જયંતિલાલ મહેતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલા પુસ્તકનો આમુખ

—૦—

'વ્યાકરણ અને લેખન'નું પહેલું પુસ્તક જોઈ ગયો. શિક્ષણકળાના સર્વમાન્ય સિદ્ધાન્તોને અનુસરીને આ ચોપડી લખેલી છે. ખાસ કરીને ઉદાહરણો ઉપરથી સામાન્ય નિયમ તારવવાની પદ્ધતિ અહીં સ્વીકારેલી હોવાથી બાળકો માટે વ્યાકરણ જેવો વિષય સહેલો થયો છે. ચિત્રો તો પાઠ્ય પુસ્તકોમાં, માસિકોમાં અને બહુબહુ તો કોષ-ગ્રંથોમાં જ વપરાય, એ જાતની માન્યતા તોડી કર્તાઓએ વ્યાકરણ ગ્રંથમાં પણ તેમનો ઉપયોગ કર્યો છે. તેમાંએ કામ પુરતી આકૃતિ દોરવાની પદ્ધતિ અભિનન્દનીય છે.

શિક્ષણકળાને વ્યક્ત કરતી આવી ચોપડીઓ વિદ્યાર્થીઓને માટે અમુક અંશે શિક્ષકોની ગરજ સારે છે. પણ આવી ચોપડીઓનો વિશેષ ઉપયોગ શિક્ષકો માટે છે. જો સામાન્ય શિક્ષકો આવી ચોપડીઓ ધ્યાનપૂર્વક વાંચે, એની અંદર રહેલી શિક્ષણકળાની ખૂબીઓ પારખી લે, તો વિષય સહેલો કરવો એટલે શું, એનો તેમને ખ્યાલ આવશે.

કર્તાઓએ પહેલા પુસ્તકમાં જરૂર કરતાં વધારે વ્યાકરણ ઠાલવ્યું નથી એટલા માટે તેઓ અભિનન્દનને પાત્ર છે. બધી રીતે આ ચોપડી વિદ્યાર્થીઓને તેમજ શિક્ષકોને ઉપયોગી થઈ છે.

મહિલાશ્રમ,
વર્ધા,
૨–૯–૩૯

કાકા કાલેલકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિષય - સૂચી

પ્રકરણ		પાનું
૧	વાક્યના પ્રકાર	૧
૨	નામના પ્રકાર	૫
૩	ક્રિયાપદના કાળ	૧૫
૪	નામ—વચન	૨૦
૫	નામ—જાતિ	૨૬
૬	નામ—વિભક્તિ	૩૩
૭	વિભક્તિના અર્થ	૩૯
૮	સર્વનામના પ્રકાર	૫૦
૯	વિશેષણ—પ્રકાર	૫૮
૧૦	ક્રિયાપદ અને તેના પ્રકાર	૬૩
૧૧	ક્રિયાપદના અર્થ	૬૯
૧૨	પ્રયોગ	૭૩
૧૩	કૃદન્ત	૮૦
૧૪	અવ્યય અને તેનું કાર્ય	૮૪
૧૫	ક્રિયાવિશેષણના પ્રકાર	૮૭
૧૬	પદચ્છેદ	૮૯
૧૭	વાક્ય પૃથક્કરણ	૯૨
૧૮	વિરામચિહ્નો	૯૮
૧૯	શબ્દ અભ્યાસ	૧૦૩
૨૦	સમાસ	૧૦૫
૨૧	પત્રલેખન	૧૦૮
૨૨	નિબંધ લેખન	૧૧૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧

વાક્યના પ્રકાર

क	ख
૧ પેલું કોણ દોડે છે?	૩ એ હેમંત દોડે છે.
૨ તે ગામ ગયો?	૪ તે ગામ ગયો નથી.

कનાં વાક્યો વાંચો. દોડવાની ક્રિયા કોણ કરે છે એ જાણવા પહેલા વાક્યમાં પ્રશ્ન પૂછયો છે. બીજા વાક્યમાં તે ગામ ગયો છે કે નહિ તે જાણવા પ્રશ્ન કર્યો છે. આવી રીતે પહેલા અને બીજા વાક્યમાં પ્રશ્નો પૂછવામાં આવ્યા છે.

જે વાક્યમાં પ્રશ્ન પૂછવામાં આવે છે તે વાક્યને **પ્રશ્ન વાક્ય** કહે છે.

खનાં વાક્યોમાં કોઈપણ હકીકત જાણવા માટે પ્રશ્ન પૂછયો નથી, પરંતુ એ બંને વાક્યોમાં ચોક્કસ હકીકત કહેવામાં આવી છે. ત્રીજા વાક્યમાં હેમંત દોડવાની ક્રિયા કરે છે એમ કહેવામાં આવ્યું છે, અને ચોથા વાક્યમાં તેણે ગામ જવાની ક્રિયા કરી નથી એમ કહેવામાં આવ્યું છે. આ વાક્યોમાં કંઈક હકીકત કહેવાઈ છે, એટલે કે કંઈ બાબતનું વિધાન કરવામાં આવ્યું છે. (વિધાન કરવું એટલે કંઈ હકીકત કહેવી)

જે વાક્યમાં કોઈ હકીકત કહેવાય એટલે કે કંઈ વિધાન કરવામાં આવે, તે વાક્યને **વિધાન વાક્ય** કહે છે.

૧ અહીંથી જા.
૨ દિનકર, ઘંટ વગાડ.
૩ પેલી બારી બંધ કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલા વાક્યમાં જવાનો હુકમ કરવામાં આવ્યો છે. બીજા વાક્યમાં દિનકરને ઘંટ વગાડવાનો હુકમ કે આજ્ઞા કરવામાં આવી છે. ત્રીજા વાક્યમાં બારી બંધ કરવાની આજ્ઞા કરવામાં આવી છે.

ઉપરનાં વાક્યોમાં હુકમ કે આજ્ઞા કરવામાં આવી છે. જે વાક્યમાં આજ્ઞા કે હુકમ કરવામાં આવે છે, તેને **આજ્ઞા વાક્ય** કહે છે.

૧ અહા, કેવો મોટો સાપ!
૨ ખરો બહાદુર છોકરો!
૩ કેવો નીચ માણસ!

પહેલા વાક્યમાં આશ્ચર્યની લાગણી બતાવાઈ છે. બીજા વાક્યમાં પ્રશંસાની લાગણી બતાવાઈ છે, અને ત્રીજા વાક્યમાં ધિક્કારની લાગણી બતાવાઈ છે.

આમ ઉપરનાં વાક્યોમાં જુદી જુદી લાગણીઓને એકદમ ઉદ્ગાર રૂપે બતાવવામાં આવી છે. જે વાક્યમાં લાગણી બતાવવા ઉદ્ગાર કાઢવામાં આવ્યો હોય, તે વાક્યને **ઉદ્ગાર વાક્ય** કહે છે.

મનોયત્ન : ૧

નીચેનાં વાક્યોમાંથી **વિજ્ઞાન, આજ્ઞા, પ્રશ્ન** કે ઉદ્ગાર વાક્યો જુદાં પાડો :

૧ રોજ હું વહેલો ઊઠું છું.
૨ મગન મુંબાઈ ગયો છે?
૩ તમે રોજ ક્યાં ફરવા જાઓ છો?
૪ ઉતાવળે કદી પણ જમશો નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫ રામા, જલદીથી પેટી અહીં લાવ.
૬ કેવું ભવ્ય આકાશ !
૭ ઊંચે તારાઓ ચમકતા હતા.
૮ અહો, છોકરો કેટલો હોશિયાર છે !
૯ તમે અહીં કેમ ઊભા છો ?
૧૦ પેલી ફૂલદાનીમાં મોગરાનાં ફૂલ મૂકો.
૧૧ કદી અન્યાય સહન કરશો નહિ.
૧૨ અહા, તે કેટલો દુઃખી થયો !
૧૩ ઈશ્વિર બધું જુએ છે.
૧૪ તમારી શાળામાં કેટલા છોકરા છે ?
૧૫ તિજોરીમાં ઝવેરાત ભર્યું હતું.

• • •

હકાર અને નકાર વાક્યો

૧ પંખી ઊડે છે.	૨ પંખી ઊડતું નથી.
૩ રામ ભલો છે.	૪ રામ ભલો નથી.

પહેલા વાક્યમાં ઊડવાની ક્રિયા થાય છે એમ કહ્યું છે. બીજા વાક્યમાં પંખી ઊડતું નથી એમ કહ્યું છે, એટલે કે ઊડવાની ક્રિયા થતી નથી એમ કહ્યું છે.

પહેલું વાક્ય હકાર સૂચવે છે, અને બીજું વાક્ય ક્રિયાનો નિષેધ કે નકાર સૂચવે છે. તેવી જ રીતે ત્રીજું વાક્ય રામ ભલો હોવાનું એટલે કે હકાર સૂચવે છે. જ્યારે ચોથા વાક્યમાં રામ ભલો નથી એમ કહી ત્રીજા વાક્યની હકીકતનો નકાર કરવામાં આવ્યો છે.

જે વાક્યમાં કોઈ હકીકત હોવાનો અર્થ એટલે કે હકાર અર્થ સૂચવાયો હોય તેને **હકાર વાક્ય** કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે વાક્યમાં કોઈ હકીકતનો નિષેધ કે નકાર કરવામાં આવ્યો હોય, એટલે કે નકાર અર્થ સૂચવાયો હોય તેને **નકાર વાક્ય** કહે છે.

૧ તમે **જશો**? ૨ તમે **જશો નહિ**?

૧ લા વાક્યમાં હકાર રૂપમાં પ્રશ્ન કર્યો છે.

૨ જા વાક્યમાં નકાર રૂપે પ્રશ્ન કર્યો છે.

૧ આ ફળ **ખાઓ.** ૨ આ ફળ **ખાશો નહિ.**

૧ લા વાક્યમાં હકાર રૂપે આજ્ઞા કરી છે.

૨ જા વાક્યમાં નકાર રૂપે આજ્ઞા કરી છે.

મનોયત્ન : ૨

હકાર અને નકાર વાક્યો ઓળખો :

૧ ચપ્પુ વડે કેરી કાપો.

૨ આ નદી બહુ લાંબી નથી.

૩ સવારે રોજ વહેલા ઊઠવું જોઈએ.

૪ રમાનાથ નીચે બેઠો છે.

૫ તમે આ કામ નહિ કરો?

૬ તમને તેણે શું કહ્યું?

૭ સારા લોકો સાથે દોસ્તી રાખવી.

૮ મેળામાં માણસો ખૂબ હતાં.

૯ હજી તેણે જાત્રા કરી નથી.

૧૦ તમને રમવું ગમે છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૨

નામના પ્રકાર

૧ **ગાય** દૂધ આપે છે.
૨ **સોનું** કીમતી ધાતુ છે.
૩ **ભલાઈ** મોટો સદ્‌ગુણ છે.

ઉપલાં વાકયોમાં મોટા અક્ષરે છાપેલા શબ્દોને ઉદ્દેશીને કંઈક હકીકત કહેવામાં આવી છે. એ દરેક શબ્દ પોતપોતાના વાકયમાં **ઉદ્દેશ્ય** તરીકે આવેલો છે.

પહેલા વાકયનું ઉદ્દેશ્ય **ગાય** એ **પ્રાણીનું** નામ છે.

બીજા વાકયનું ઉદ્દેશ્ય **સોનું** એ **પદાર્થનું** નામ છે.

ત્રીજા વાકયનું ઉદ્દેશ્ય **ભલાઈ** એ **ગુણનું** નામ છે.

આ ઉપરથી જણાશે કે સામાન્ય રીતે ઉદ્દેશ્યને સ્થાને નામો આવે છે, અને એ નામો જુદા જુદા પ્રકારનાં હોય છે. એ નામ કેટલા પ્રકારનાં હોય છે તે નીચે બતાવ્યાં છે.

(૧) જાતિવાચક નામ

૧. **ઘોડો** ઝડપથી ચાલનારું પ્રાણી છે.

અહીં ઘોડા વિશે શું કહેવામાં આવ્યું છે?—તે **ઝડપથી ચાલનારું પ્રાણી છે.**

આ હકીકત માત્ર એક જ ઘોડા માટે કહેવામાં આવી છે કે બધા ઘોડા માટે કહેવામાં આવી છે?—ઘોડા વિશેની હકીકત બધા ઘોડાને માટે કહી છે; એ કંઈ ખાસ મારા કે તમારા કોઈના ઘોડા માટે કહેવામાં આવી નથી. એટલે **ઘોડો** એ નામ ઘોડાના આખા વર્ગ માટે કે **ઘોડાની આખી જાતિ માટે** વાપરવામાં આવ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. **ગાય માણસને** બહુ ઉપયોગી પ્રાણી છે.

ગાય વિશે કહેલી હકીકત કઈ ગાય માટે કહી છે?—એ હકીકત કોઈ પણ એક ગાયને માટે કહેવામાં આવી નથી, પરંતુ **ગાયની આખી જાતિને માટે** કહેવામાં આવી છે. વાક્ય ફરી વાંચો :

ગાય કોઈ **ખાસ માણસને** ઉપયોગી છે એમ કહ્યું છે?—કોઈ ખાસ માણસને ગાય ઉપયોગી છે એમ કહેવાનો એ વાક્યનો હેતુ નથી, પણ ગાય **આખી માણસ જાતને** ઉપયોગી છે એમ કહેવાનો હેતુ છે. અહીં **માણસ** એટલે કોઈ એક માણસ નહિ, પરંતુ આખી માણસ જાતિ.

૩. **ખુરશી** બેસવાનું સાધન છે.

આ વાક્યમાં **ખુરશી** એટલે કોઈ એક ખુરશી નહિ પણ બધી ખુરશી એટલે ખુરશીનો આખો વર્ગ કે જાતિ.

ઉપર જોયું તેમ કેટલાંક **નામો** પ્રાણી કે **પદાર્થના** આખા વર્ગ કે તેની જાતિને માટે વપરાય છે.

આવાં નામો **જાતિવાચક નામો** કહેવાય છે. નીચેનું વાક્ય વાંચો :

૪. **યાત્રાળુઓ નદીમાં નાહ્યા.**

અહીં યાત્રાળુઓ નદી જાતિની કોઈ પણ એક નદીમાં નાહ્યા એટલું સમજાય છે.

આ વાક્યમાં **નદી** એ પદ નદીના આખા વર્ગને માટે વપરાયું નથી, પરંતુ નદી જાતિની ગમે તે એક નદીને લાગુ પડે છે.

આ પરથી આપણે જોઈ શકીએ છીએ કે જાતિવાચક નામ તે જાતિના આખા વર્ગ અથવા તો તે વર્ગના ગમે તે એકને માટે પણ વપરાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ પણ પ્રાણી કે પદાર્થના આખા વર્ગ કે જાતિને માટે, અથવા તો તે વર્ગના ગમે તે એક પ્રાણી કે પદાર્થ માટે જે નામ વપરાય તે **જાતિવાચક નામ** કહેવાય છે.

મનોયત્ન : ૩

નીચેનાં વાક્યોમાંથી **જાતિવાચક નામ** શોધો :

૧ સિંહ જંગલમાં રહેનારું પ્રાણી છે.
૨ પુસ્તક ક્યાં છે ?
૩ વાંદરો ઝાડ પર બેઠો છે.
૪ છોકરો વાંસળી બજાડે છે.
૫ ઓરડામાં કેટલી ખુરશીઓ છે ?
૬ રસ્તા પર બકરી ઊભી છે.
૭ આ દુકાનમાં ફૂલ વેચાય છે.
૮ આ ગામની પાસે નદી વહે છે.
૯ આ ગામની પાસે પર્વત આવેલો છે.
૧૦ મારી આ આંગળી દુઃખે છે.

મનોયત્ન : ૪

નીચેનાં વાક્યોમાં **જાતિવાચક નામ** મૂકો :

૧ રામ ડાહ્યો ——— છે.
૨ ગંગા પવિત્રમાં પવિત્ર ——— છે.
૩ હિમાલય સૌ પર્વતોમાં ઊંચો ——— છે.
૪ આકાશમાં ——— ઊડે છે.
૫ દૂધ ——— રેડો.
૬ છાપરા પર દેશી ——— ગોઠવ્યાં છે.
૭ રમણ ——— ખરીદી લાવ્યો.
૮ છોકરાઓના હાથમાં ——— નું બચ્ચું છે.
૯ ——— સૂંઢ વતી પાણી મોંમા મૂકે છે.
૧૦ સિંહ કરતાં ——— ક્રૂર પ્રાણી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) વિશેષનામ – સંજ્ઞાવાચક નામ

૧. યાત્રાળુઓ નદીમાં નાહ્યા.

ઉપર જોયું તેમ આ વાક્યનો અર્થ 'યાત્રાળુઓ ગમે તે એક નદીમાં નાહ્યા' એટલો જ થાય છે.

પણ યાત્રાળુઓ **કઈ ચોક્કસ નદીમાં** નાહ્યા એમ આપણે જાણવું હોય, તો આપણે શું કરવું જોઈએ ?—આપણે નદીનું નામ પૂછવું જોઈએ.

૨. યાત્રાળુઓ **ગંગામાં** નાહ્યા.

આ વાક્યથી આપણને યાત્રાળુઓ કઈ નદીમાં નાહ્યા તેનું સ્પષ્ટ જ્ઞાન થાય છે.

યાત્રાળુઓ અમુક જ નદીમાં નાહ્યા તે આપણે ક્યારે સમજી શક્યા ?—જ્યારે એ નદીનું ખાસ નામ કહેવામાં આવ્યું ત્યારે.

આ રીતે **ગંગા** એ ખાસ નામની મદદથી એ નદી એના વર્ગની બીજી નદીઓથી જુદી છે એમ આપણે ઓળખી શક્યા.

આ પ્રમાણે એક નદીને બીજી નદીથી જુદી ઓળખવા માટે આપણે તેમનાં નામો પાડ્યાં છે; જેમકે : **ગંગા, જમના, તાપી, નર્મદા, સિંધુ** વગેરે.

બીજો દાખલો લઈએ :

તમારા વર્ગમાં પચીસ છોકરાઓ છે. હું કહું : **છોકરો ઊભો થાય.**

તમારામાંથી કોણે ઊભા થવું તેની તમને સમજ પડશે ?— કોણે ઊભા થવું તેની તમને સમજ પડશે નહિ, કારણકે **છોકરો** એ શબ્દ જાતિવાચક નામ છે, એટલે તમને દરેકને એ લાગુ પડશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે હું કહું છું : **હેમંત** ઊભો થાય.

આમ કહું તો કોણે ઊભા થવું તેની તમને સમજ પડશે, કારણ કે **હેમંત** એ તમારામાંના ફક્ત એકજ છોકરાનું ખાસ નામ છે.

આ રીતે તમે બધા, 'છોકરા' એ શબ્દથી ઓળખાઓ છો, છતાં તમે એકબીજાથી જુદા ઓળખાઈ શકો તે માટે તમારું દરેકનું જુદું જુદું ખાસ નામ હોય છે; જેમકે : **અરવિંદ, હેમંત, સુધીર, જગદીશ, રૂસ્તમ, સોરાબ, કાસમ, મહમદ** વગેરે.

આવીજ રીતે પર્વતોનાં પણ ખાસ નામો હોય છે; જેમકે : **હિમાલય, વિંધ્યાચળ, સાતપુડા** વગેરે.

કોઈ એક પ્રાણી કે પદાર્થને, પોતાની જાતિનાં બીજાં પ્રાણી કે પદાર્થથી જુદી રીતે ઓળખવા, જે ખાસ નામ અપાય છે તે **વિશેષનામ** અથવા **સંજ્ઞાવાચક નામ** કહેવાય છે.

મનોયત્ન : ૫

નીચેનાં વાક્યોમાંથી વિશેષનામ શોધી કાઢો :

૧ મુંબાઈ બહુ મોટું શહેર છે.
૨ રમેશ, રમણ અને કાન્તા સૂરત ગયાં છે.
૩ તમે કદી મથુરા અથવા તો કાશી ગયા છો ?
૪ નિશાળમાં રવિવારે રજા હોય છે.
૫ સોમવારે હેમંત બારડોલી ગયો.
૬ નર્મદા નદી પર ભરૂચ શહેર આવેલું છે.
૭ પ્રતાપ રાણા બહુ બહાદુર રાજા હતા.
૮ પાણીપતમાં બાબર અને ઈબ્રાહીમ લડ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોયત્ન : ૬

ખાલી જગ્યામાં યોગ્ય વિશેષનામ મૂકો :

૧ મારું નામ ——— છે.
૨ મારી બેન ——— નિશાળે ગઈ છે.
૩ સૌથી ઊંચો પર્વત ——— છે.
૪ મોગલ રાજાઓમાં ——— સૌથી ડાહ્યો રાજા હતો.
૫ અમારા ગામ પાસે ——— નદી આવેલી છે.
૬ ——— અહિંસા અને સત્યનો ઉપદેશ આપે છે.
૭ રામચંદ્રના પિતાનું નામ ——— હતું.
૮ ——— રામચંદ્ર સાથે વનમાં ગયાં હતાં.

(૩) સમૂહવાચક નામ

૧ સવારે **લશ્કરે** કૂચ કરી.
૨ અમે રસ્તા પર લોકોની **ઠઠ** જોઈ.
૩ સાંજે **ધણ** પાછું ફરતું હતું. (ધણ = ગાયોનું ટોળું).

ઉપલાં વાકયોમાં મોટા અક્ષરે છાપેલા પદોના અર્થ વિશે વિચાર કરો :

લશ્કર એ નામથી આપણને લડવૈયાઓના જથ્થાનો કે સમૂહનો ખ્યાલ આવે છે. **લશ્કર** એ શબ્દ છૂટા છવાયા લડવૈયા કે સૈનિકને માટે આપણે વાપરી શકતા નથી. આખા લશ્કરને જ આપણે લશ્કર કહીએ છીએ; લશ્કરના નાના ભાગને કે તેમાંના થોડા છૂટા પડેલા લડવૈયાને આપણે લશ્કર કહેતા નથી.

લશ્કરમાંના દરેક માણસને આપણે **યોદ્ધો, લડવૈયો,** કે **સૈનિક** કહીએ છીએ, પરંતુ લડવૈયાના બનેલા અમુક સમૂહને આપણે **લશ્કર** એ નામથી ઓળખીએ છીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એજ રીતે લોકોના ઘણા મોટા ટોળાને આપણે **ઠઠ** એ નામથી ઓળખીએ છીએ. એમાંના દરેક માણસને **ઠઠ** કહેતા નથી.

આમ જ ગાયોના અમુક સમૂહને કે ટોળાને આપણે **ધણ** કહીએ છીએ.

ટોળું કે જથ્થો બતાવવા માટે વપરાતા શબ્દો **સમૂહવાચક નામ** કહેવાય છે.

થોડાંક સમૂહવાચક નામ

નીચે થોડાં સમૂહવાચક નામો આપ્યાં છે; તેના અર્થ આપો :

મેદની	વણજાર	લૂમ
પલટણ	જૂથ	થોકડો
કાફલો	ઝૂમખો	

મનોયત્ન : ૭

ઉપરનાં સમૂહવાચક નામોને વાપરી વાક્યો બનાવો.

(૪) દ્રવ્યવાચક નામ

ઘઉં—ઘઉંનો દાણો
ઘી—ઘીનું ટીપું
લાકડું—લાકડાનો ટૂકડો
રૂ—રૂનું પૂમડું
સોનું—સોનાની રજ

આપણે જ્યારે **ઘઉં** શબ્દ બોલીએ છીએ, ત્યારે ઘઉં નામના અનાજ માટે એ શબ્દ વાપરીએ છીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છૂટા છવાયા ઘઉંના કણને તો આપણે ઘઉંનો દાણો કહીએ છીએ. ઘઉં એ શબ્દનો અર્થ ઘઉં નામનું અનાજ.

એજ પ્રમાણે :

ઘી એટલે ઘી નામનું દ્રવ્ય કે પદાર્થ.

લાકડું એટલે લાકડું એ નામનું દ્રવ્ય કે પદાર્થ.

રૂ એટલે રૂ એ નામનું દ્રવ્ય કે પદાર્થ.

સોનું એટલે સોનું એ નામનું દ્રવ્ય કે પદાર્થ.

ઉપલાં બધાં નામો દ્રવ્યનાં નામો છે. તેથી એવાં નામો **દ્રવ્યવાચક નામ** કહેવાય છે.

દ્રવ્યના નામને **દ્રવ્યવાચક નામ** કહેવાય છે.

મનોયત્ન : ૮

નીચેનાં વાક્યોમાંથી **દ્રવ્યવાચક** નામ શોધી કાઢો :

૧ આ બંગડી સોનાની બનાવેલી છે.
૨ આ તપેલીમાં એક શેર દૂધ છે.
૩ આ શીશીમાં ચોખ્ખું મધ છે.
૪ બાજરીનો રોટલો મીઠો લાગે છે.
૫ મારાં રમકડાં લાકડાનાં બનાવેલાં છે.
૬ આ દુકાનદાર તેલ અને ઘી વેચે છે.
૭ તળાઈમાં રૂ વધારે ભર્યો છે.
૮ પાંચ મણ ઘઉં લેતા આવજો.
૯ કોલસા ક્યાં મળે છે?
૧૦ આ લાકડું સારું નથી.

ભાવવાચક નામ

ફૂલ	મીઠાશ	સાચો છોકરો	ભૂખ.
રતાશ	ભલો માણસ	સચ્ચાઈ	ચાલતો છોકરો
ખાંડ	ભલાઈ	ભૂખ્યું બાળક	ચાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરના શબ્દો વાંચો :

એમાંથી તમે શું શું સ્વતંત્ર વસ્તુ રૂપે બતાવી શકો ?—

જવાબ :-			
	ફૂલ	ભલો માણસ	ભૂખ્યું બાળક
	ખાંડ	સાચો માણસ	ચાલતો છોકરો

ઉપરનાં પ્રાણી કે પદાર્થ મેળવી અને બતાવી શકાય. ફરીથી મથાળે આપેલા શબ્દો જુઓ :

એમાંથી તમે શું શું સ્વતંત્ર વસ્તુ રૂપે મેળવી કે બતાવી ન શકો ?—

જવાબ :-			
	રતાશ	ભલાઈ	ભૂખ
	મીઠાશ	સચ્ચાઈ	ચાલ

આ બધાં સ્વતંત્ર વસ્તુ રૂપે દુનિયામાં મળી શકતાં નથી કે જોવામાં આવતાં નથી.

મીઠાશ એ ખાંડથી જુદી રહેલી વસ્તુ નથી, પરંતુ ખાંડમાં જ રહેલો તેનો ગુણ છે. **ભલાઈ** એ ભલા માણસનો ગુણ છે. **સચ્ચાઈ** એ સાચા છોકરાનો ગુણ છે. **ભૂખ** એ એ ભૂખ્યા બાળકને થતી એક પ્રકારની લાગણી છે. અને **ચાલ** એ કોઈ સ્વતંત્ર વસ્તુ નથી પણ ચાલવાની ક્રિયાનું એક પ્રકારનું નામ છે.

ઉપરનાં બધાં નામો જે સ્વતંત્ર વસ્તુરૂપે આપણે મેળવી શકતા નથી તેનું જ્ઞાન આપણને શી રીતે થાય છે? દા. ત. **સચ્ચાઈ** એ શબ્દનો અર્થ તમે કેવી રીતે જાણી શકો છે ?— સચ્ચાઈ એટલે સાચા માણસનો સાચા હોવાનો ગુણ. આ અર્થ આપણે મનની મદદ વડે સમજીએ છીએ, પણ તેને સ્વતંત્ર પદાર્થ રૂપે જોઈ શકતા નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એજ પ્રમાણે ઉપલા બીજા શબ્દોનો અર્થ પણ આપણે મનની મદદ વડે સમજીએ છીએ.

આ ઉપરથી સમજાશે કે **ગુણ, લાગણી અને ક્રિયાનાં નામો** આપણે મન વડે સમજીએ છીએ: એ નામો મનથી ભાવરૂપે એટલે સૂક્ષ્મ ગુણ રૂપે સમજાય છે, તેથી એને **ભાવવાચકનામ** કહે છે.

ગુણ, લાગણી અને ક્રિયાનાં જે **નામોને** આપણે મનવડે સમજીએ છીએ તે **ભાવવાચક નામ** કહેવાય છે.

નામના પ્રકાર: ૧ જાતિવાચક ૨ વિશેષનામ ૩ સમૂહવાચક ૪ દ્રવ્યવાચક ૫ ભાવવાચક.

મનોયત્ન : ૯

નીચેનાં વાક્યોમાંથી ભાવવાચક નામ શોધી કાઢો:

૧ ખાંડમાં મીઠાશ હોય છે.
૨ તેણે બહુ બહાદુરી બતાવી અને જીત મેળવી.
૩ તમે બધાં પર પ્રેમ રાખો તો સુખી થશો.
૪ ભલાઈ બતાવવાથી બૂરાઈ નાશ પામે છે.
૫ કદીયે મનમાં અહંકાર આણશો નહિ.
૬ તેનામાં ખૂબ આળસ છે.
૭ બજારમાં ખૂબ ગરબડ થવાથી સિપાઈ દોડી આવ્યા.
૮ મને ખૂબ થાક અને ભૂખ લાગ્યાં છે.
૯ ઘડપણમાં માણસ શાંત બની જાય છે.
૧૦ નમ્રતા એ કેળવવા યોગ્ય ગુણ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૩

ક્રિયાપદના કાળ



અત્યાર પહેલાં ←	**અત્યારે**	→ **અત્યાર પછી**
પંદર વર્ષ ઉપર ગોવિંદ બાળક **હતો.**	ગોવિંદ વીસ વર્ષનો યુવાન **છે.**	૩૦ વર્ષ જતાં તે ડોસો **થશે.**

૧ ગોવિંદ ક્યારે **૨૦** વર્ષનો યુવાન છે?—**અત્યારે. છે** ક્રિયાપદ ક્યારનો સમય કે કાળ બતાવે છે? **અત્યારનો સમય** એટલે **વર્તમાન સમય.**

૨ ગોવિંદ અત્યારે બાળક છે?—**ના.** એ બાળક ક્યારે હતો?—**અત્યાર પહેલાં પંદર વર્ષ ઉપર. હતો** ક્રિયાપદ અત્યારનો સમય બતાવે છે કે અત્યાર પહેલાંનો?—**હતો** એ ક્રિયાપદ **અત્યાર પહેલાંનો** એટલે **ભૂત** કે **પસાર થઈ ગયેલો સમય** બતાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩ ગોવિંદ અત્યારે ડોસો છે?—**ના, હજી ડોસો થવાનો છે.** ક્યારે ડોસો થવાનો છે? અત્યારે કે અત્યાર પછીના સમયમાં?—**અત્યાર પછીના સમયમાં ૩૦ વર્ષ પછી. થશે** એ ક્રિયાપદ કયો સમય બતાવે છે? **અત્યાર પછીનો** એટલે **ભવિષ્યનો સમય.**

ત્રણ કાળ

અત્યારનો સમય = વર્તમાન કાળ

અત્યાર પહેલાંનો સમય = ભૂતકાળ

અત્યાર પછીનો સમય = ભવિષ્યકાળ

૧. જે ક્રિયાપદનું રૂપ ચાલુ કે અત્યારનો સમય બતાવે તે ક્રિયાપદ **વર્તમાનકાળનું** કહેવાય છે.

૨. જે ક્રિયાપદનું રૂપ અત્યાર પહેલાંનો સમય બતાવે તે ક્રિયાપદ **ભૂતકાળનું** કહેવાય છે.

૩. જે ક્રિયાપદનું રૂપ અત્યાર પછીનો સમય બતાવે તે ક્રિયાપદ **ભવિષ્યકાળનું** કહેવાય છે.

· અભ્યાસ ·

નીચેનાં વાક્યોમાં વપરાયલાં ક્રિયાપદોના કાળનો અભ્યાસ કરોઃ

૧ અત્યારે કેટલો બધો વરસાદ **પડે** છે?

૨ તમે ગઈ કાલે સ્ટેશન ઉપર **ગયા હતા.**

૩ કાલે આપણે ફુટબોલ **રમીશું.**

૪ આજે સવારે મેં નારંગી **ખાધી.**

૫ સાંજે આપણે ફરવા **જઈશું.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલા વાક્યમાં, વરસાદ પડવાની ક્રિયા ક્યારે થાય છે?—**અત્યારે.** એ ક્રિયાપદ ચાલુ કે વર્તમાન સમય બતાવે છે, તેથી એ ક્રિયાપદ **વર્તમાન કાળનું** છે.

બીજા વાક્યમાં, તેણે સ્ટેશન ઉપર જવાની ક્રિયા કયારે કરી હતી?—**અત્યાર પહેલાં ગઈ કાલે.** એ ક્રિયાપદ અત્યાર પહેલાંનો સમય બતાવે છે, તેથી તે **ભૂતકાળનું** છે.

ત્રીજા વાક્યમાં, **રમીશું** એ ક્રિયાપદ રમવાની ક્રિયા અત્યાર પછી થવાની છે એમ બતાવે છે, તેથી **રમીશું** એ ક્રિયાપદ **ભવિષ્યકાળનું** છે.

ચોથા વાક્યમાં, **ખાધી** એ ક્રિયાપદ ભૂતકાળની ક્રિયા બતાવે છે, તેથી તે **ભૂતકાળનું** છે.

પાંચમાં વાક્યમાં, **જઈશું** એ ક્રિયાપદ જવાની ક્રિયા અત્યાર પછી થવાની છે એમ બતાવે છે. તેથી એ **ભવિષ્ય-કાળનું** છે.

· અભ્યાસ ·

વર્તમાનકાળ	ભૂતકાળ	ભવિષ્યકાળ
૧ રામ **દોડે છે.**	૧ રામ **દોડયો હતો.**	૧ રામ **દોડશે.**
૨ હું રોટલી **ખાઉં છું.**	૨ મેં રોટલી **ખાધી.**	૨ હું રોટલી **ખાઈશ.**
૩ તેઓ જાત્રા **જાય છે.**	૩ તેઓ જાત્રા **ગયા હતા.**	૩ તેઓ જાત્રા **જશે.**

મનોયત્ન : ૧૦

નીચેનાં વાક્યોનાં ક્રિયાપદના કાળ ઓળખો :

૧ સીતા ખાય છે.

૨ ગયે વર્ષે અમે મુંબાઈ ગયા હતા.

૩ ગાંધીજી સત્યવાદી છે.

૪ આવતા નવરાત્રિના તહેવારમાં સાવિત્રી ગરબા ગાશે.

૫ તમે મંદિરે ગયા હતા?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬ આકાશમાં પંખી ઊડી રહ્યું છે.
૭ સતીશ ચોપડો વાંચે છે.
૮ તમારી વાત ખરી છે.
૯ તમે કહેશો તેમ કરીશ.
૧૦ આંગણામાં બાળકો રમે છે.
૧૧ સવારમાં મારા દાદા ફરવા ગયા હતા
૧૨ કાગળ પર ટિકિટ ચોંટાડીશ કે ?
૧૩ અમે કાલે બાગમાં જઈશું.
૧૪ મહેશ અજિતાને પાઠ સમજાવે છે.

મનોયન : ૧૧

નીચેનાં વાક્યોમાં યોગ્ય કાળનાં ક્રિયાપદ પૂરો :

૧ કાલે અમે પર્વત જોવા માટે ———.
૨ અત્યારે ઠંડો પવન ———.
૩ આવતી કાલે ગાડી આજ વખતે ———.
૪ મેદાનમાં ગાય ઘાસ ———.
૫ મંગુએ ખડિયો ———.
૬ આવતા સોમવારે તમને હું ———.
૭ નોકર દીવો ———.
૮ બાળકોએ ફટાકડા ———.
૯ આવતી હોળીએ હું મુંબાઈ ———.
૧૦ છોકરો કૂતરાને રોટલો ———.
૧૧ વાત સાંભળીને દુર્ગા ———.
૧૨ આવતી કાલે હું પત્ર ———.
૧૩ મારી મા રોજ રામનું નામ ———.
૧૪ ઈબ્રાહીમે અલ્લાહની બંદગી ———.
૧૫ આ વરસે ખૂબ વરસાદ ———.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાળનાં રૂપ

ક્રિયાપદ—રમ (ધાતુ)

વર્તમાન કાળ

	એકવચન	બહુવચન
૧લો પુરુષ	હું રમું છું (રમું)	અમે રમીએ છીએ (રમીએ)
૨જો પુરુષ	તું રમે છે (રમે)	તમે રમો છો (રમો)
૩જો પુરુષ	તે રમે છે (રમે)	તેઓ રમે છે (રમે)

ભૂત કાળ

	એકવચન	બહુવચન
૧લો પુરુષ	હું રમ્યો (રમેલો)	અમે રમ્યા (રમેલા)
૨જો પુરુષ	તું રમ્યો (રમેલો)	તમે રમ્યા (રમેલા)
૩જો પુરુષ	તે રમ્યો (રમેલો)	તેઓ રમ્યા (રમેલા)

ભૂત કાળ (બીજી રીતે)

	એકવચન	બહુવચન
૧લો પુરુષ	હું રમ્યો હતો (રમેલો હતો)	અમે રમ્યા હતા (રમેલા હતા)
૨જો પુરુષ	તું રમ્યો હતો (રમેલો હતો)	તમે રમ્યા હતા (રમેલા હતા)
૩જો પુરુષ	તે રમ્યો હતો (રમેલો હતો)	તેઓ રમ્યા હતા (રમેલા હતા)

ભવિષ્ય કાળ

	એકવચન	બહુવચન
૧લો પુરુષ	હું રમીશ	અમે રમીશું (રમશું)
૨જો પુરુષ	તું રમશે	તમે રમશો
૩જો પુરુષ	તે રમશે	તેઓ રમશે

નોંધ : ઉપર આપેલાં જુદાં જુદાં રૂપોના કાળ વિશે તમે બીજી ચોપડીમાં શીખશો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ : ૪

નામ—વચન

છોકરો, વાંદરું, છોકરાઓ, ચોપડી, રૂપિયો, વાંદરાંઓ, ચોપડીઓ, રૂપિયાઓ.

ઉપરનાં નામો વાંચો અને તેમાંથી એક વસ્તુ સૂચવનારાં નામો અને એકથી વધારે એટલે બહુ વસ્તુ સૂચવનારાં નામો જુદાં પાડો:

એક વસ્તુ સૂચવનારાં નામો	એકથી વધારે (બહુ) વસ્તુ સૂચવનારાં નામો
છોકરો	છોકરાઓ
વાંદરું	વાંદરાઓ
ચોપડી	ચોપડીઓ
રૂપિયો	રૂપિયાઓ

ઉપરનાં બંને બાજુનાં નામોને સરખાવતાં જણાશે કે એક વસ્તુ સૂચવનારાં નામો અને બહુ વસ્તુ સૂચવનારાં નામોનાં રૂપમાં ફેર છે.

નામ જ્યારે એક વસ્તુ સૂચવવા વપરાય છે, ત્યારે તે પોતાનું અસલ રૂપ કાયમ રાખે છે; દા. ત. **એક છોકરો** એમ કહીએ ત્યારે **છોકરો** એ શબ્દના રૂપમાં ફેરફાર થતો નથી; પણ એનું એજ નામ ઘણા છોકરા સૂચવવા વપરાય છે, ત્યારે તેના રૂપમાં ફેરફાર થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

૨૫ ગ/૧(ब) पुस्तकालय
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દા. ત. **છોકરો** એ મૂળ રૂપનું બહુ વસ્તુ સૂચવનાર રૂપ **છોકરાઓ** એવું થાય છે.

	એક	બહુ	
એજ પ્રમાણે	**વાંદરું**	**વાંદરાંઓ**	એમ રૂપો થાય છે.
	ચોપડી	**ચોપડીઓ**	
	રૂપિયા	**રૂપિયાઓ**	

જ્યારે નામનું રૂપ એક વસ્તુ સૂચવે, ત્યારે તે નામનું વચન **એકવચન** કહેવાય, કારણ કે તે નામ એક વસ્તુનું વચન અથવા સૂચન કરે છે.

જ્યારે નામનું રૂપ બહુ વસ્તુ સૂચવે, ત્યારે તે નામનું વચન **બહુવચન** કહેવાય છે, કારણ કે તે નામ બહુ વસ્તુનું વચન અથવા સૂચન કરે છે.

નામનું બહુવચન કેમ બને છે ?

અકારાંત એટલે કે જે નામને છેડે **અ** છે તેનું બહુવચન **અનો ઓ** કરવાથી થાય છે.

એકવચન	બહુચન
પુસ્તક	પુસ્તકો
કલમ	કલમો
કમળ	કમળો
બાળક	બાળકો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓકારાંત એટલે જે નામને છેડે **ઓ** છે તેનું બહુવચન **ઓ** નો **આ** કરવાથી, અથવા તો **આ** કર્યા પછી **ઓ** પ્રત્યય લગાડવાથી થાય છે.

એકવચન	બહુવચન	
છોકરો	છોકરા	છોકરાઓ
ઘોડો	ઘોડા	ઘોડાઓ
દરવાજો	દરવાજા	દરવાજાઓ

આકારાંત, **ઇ**કારાંત અને **ઈ**કારાંત નામનું બહુવચન નામને **ઓ** પ્રત્યય લગાડવાથી થાય છે :

	એકવચન	બહુવચન
(આ)	શાળા	શાળાઓ
	બાળા	બાળાઓ
(ઇ)	જાતિ	જાતિઓ
(ઈ)	ચોપડી	ચોપડીઓ
	નદી	નદીઓ

ઉકારાંત અને ઊકારાંત નામનું બહુવચન નામને **ઓ** પ્રત્યય લગાડવાથી થાય છે:

	એકવચન	બહુવચન
(ઉ)	તરુ	તરુઓ
	ગુરુ	ગુરુઓ
(ઊ)	ધેનૂ	ધેનૂઓ
	વધૂ	વધૂઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉંકારાંત નામનું બહુવચન ઉં નું **આં** કરવાથી, અથવા **આં** કર્યા પછી **ઓ** પ્રત્યય લગાડવાથી થાય છે:

એકવચન		બહુવચન	
(ઉં)	છોકરું	છોકરાં	છોકરાંઓ
	બકરું	બકરાં	બકરાંઓ
	વાંદરું	વાંદરાં	વાંદરાંઓ

માનાર્થે બહુવચન

૧ ભલો છોકરો બીજાને મદદ કરે છે.
૨ ભલા **રામ** વનમાં ગયા.

પહેલા વાક્યમાં **છોકરો** એ એકવચનનું રૂપ છે, અને તેની સાથે વપરાયેલું **ભલો** એ વિશેષણ પણ એકવચનનું રૂપ છે.

બીજા વાક્યમાં **રામ** એ એકજ માણસનું નામ છે, પણ એની સાથે વપરાયેલું વિશેષણ બહુવચનના નામ સાથે વપરાય તેમ વપરાયું છે. એટલે **રામ** એ નામ અહીં એકવચનના રૂપમાં હોવા છતાં **બહુવચનના અર્થમાં** વપરાયું છે.

આવી રીતે માન બતાવવા માટે નામનું એકવચનનું રૂપ બહુવચનના અર્થમાં વપરાય છે, ત્યારે તેનું વચન **માનાર્થે બહુવચન** ગણાય છે.

બહુવચન તરીકે વપરાતું એકવચનનું રૂપ :

૧ મેં બ્રાહ્મણને ઘણી **ગાય** દાનમાં આપી.
૨ મારા ટેબલ પર કેટલાંક **પુસ્તક** પડ્યાં છે.
૩ તમારા બાગમાં ઘણાં **ઝાડ** ઊગ્યાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરના પહેલા વાક્યમાં **ગાય** એ એકવચનનું રૂપ છે, પરંતુ તે એક જ ગાય સૂચવવા નથી વપરાયું. **ઘણી** એ વિશેષણથી માલૂમ થાય છે કે વાક્યમાં તે એકથી વધારે ગાયો સૂચવવા માટે વપરાયું છે. એટલે એ નામનું રૂપ એકવચનના રૂપ જેવું હોવા છતાં, એ બહુવચનના અર્થમાં વપરાયું છે.

એજ રીતે **પુસ્તક** અને **ઝાડ** એ બંને નામો એકવચનના રૂપમાં હોવા છતાં, બહુવચનના અર્થમાં વપરાયાં છે, એમ તેની સાથે સંબંધ રાખનાર ક્રિયાપદો બહુવચનમાં છે તે ઉપરથી માલૂમ પડે છે.

આવી રીતે કોઈ નામ બહુવચનના રૂપમાં વપરાયું છે કે કેમ તે તેની સાથે સંબંધ રાખનારાં વિશેષણો, અથવા વાક્યમાંના ક્રિયાપદ પરથી જાણી શકાય છે.

મનોયત્ન : ૧૧ अ

નીચેનાં નામોનાં બહુવચનનાં રૂપો આપો :

ગાય	ઝાડ	ટેબલ	હાથી	કબાટ
સિંહ	ખુરશી	પુસ્તક	તારો	રાજા
પર્વત	કૂતરો	ચોપડી	ઈંટ	રાણી
કીડી	પતંગ	માણસ	પથ્થર	પ્રધાન

મનોયત્ન : ૧૨

નીચેનાં નામોનાં એકવચનનાં રૂપો આપો :

ઘેટાંઓ	શિકારીઓ	મીઠાઈઓ	સંતરાંઓ
ચકલીઓ	મોચીઓ	કેરીઓ	પાંદડાં
પંખીઓ	દુકાનદારો	કેળાંઓ	ટોપલા
વાઘો	ચોપડીઓ	બકરાંઓ	નળિયાં
હરણો	બત્તીઓ	બાળકો	બારીઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોયત્ન : ૧૩

નીચેનાં વાક્યોમાં યોગ્ય વચનનાં નામો મૂકો :

૧ મારી પાસે તારું ——— નથી. (પુસ્તક, પુસ્તકો)
૨ પેલાં ——— લીલાં છે. (ઝાડ, ઝાડો)
૩ મારા એક ——— પર પુસ્તક છે. (ટેબલ, ટેબલો)
૪ ઘણા ——— આવ્યા છે. (છોકરો, છોકરાઓ)
૫ ત્રણ ——— વેચવાની છે. (ચોપડી, ચોપડીઓ)
૬ ઓરડામાં મોટો ———બળે છે. (દીવો, દીવાઓ)
૭ આ સરકસમાં ઘણી જાતનાં ——— છે. (જાનવર, જાનવરો)
૮ આકાશમાં કેટલાં ——— ઊડે છે ? (પંખી, પંખીઓ)
૯ રાતે આકાશમાં કેટલા ——— ઝગઝગે છે ? (તારો, તારાઓ)
૧૦ સવારે પેલા ——— નિશાળે જાય છે. (છોકરો, છોકરાઓ)

મનોયત્ન : ૧૪

નીચેનાં વાક્યોમાં મોટા અક્ષરે છાપેલાં નામોનું વચન ફેરવી વાક્યો ફરીથી લખો :

૧ ઝાડ પર **પંખી** ગાય છે.
૨ મારો **ઘોડો** દોડતો હતો
૩ **પુસ્તક** અહીં મૂકતા જજો.
૪ આ **ભમરડો** મારો છે.
૫ આ **ગુલાબો** સારાં છે.
૬ ટેબલ પર **ખડિયો** પડ્યો છે.
૭ ઓરડામાં **દીવો** સળગાવ્યો છે.
૮ મેં એક **પર્વત** જોયો છે.
૯ **નદીનું** પાણી મીઠું છે.
૧૦ **વહાણો** ભરદરિયે ડોલી રહ્યાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ : ૫

નામ—જાતિ

નરજાતિ અને નારીજાતિ

છોકરો, સિંહ, વાઘ, સિંહણ, વાઘણ, બિલાડી, વાંદરો, બિલાડો, છોકરી, વાંદરી.

ઉપલા શબ્દોને નીચે બતાવ્યા પ્રમાણે બે ભાગમાં વહેંચ્યા છે: જે પ્રાણી નર વર્ગને સૂચવે છે તે **નરવર્ગમાં** અને જે નારીવર્ગને સૂચવે છે તે પ્રાણીને **નારી વર્ગમાં** મૂક્યાં છે :

નર વર્ગનાં પ્રાણી	નારી વર્ગનાં પ્રાણી
છોકરો	છોકરી
સિંહ	સિંહણ
વાઘ	વાઘણ
વાંદરો	વાંદરી
બિલાડો	બિલાડી

આ ઉપરથી જણાશે કે પ્રાણીઓમાં **નર** અને **નારી** એવા બે **વર્ગ** અથવા બે **જાતિ** હોય છે. આ જાતિભેદ બતાવવા માટે ભાષામાં પણ આપણે જુદાં જુદાં નામો વાપરવાં પડે છે.

(૧) જે નામો નરજાતિને એટલે નર વર્ગને સૂચવે તે વ્યાકરણમાં **નરજાતિનાં નામ** કહેવાય છે. ઉપરના કોષ્ટકમાં પહેલા ખાનાનાં-છોકરો, સિંહ, વગેરે નામો **નરજાતિનાં છે.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) જે નામો નારીજાતિને એટલે નારીવર્ગને સૂચવે તે વ્યાકરણમાં **નારીજાતિનાં નામ** કહેવાય છે. બીજા ખાનાનાં-છોકરી, સિંહણ વગેરે નામો નારી જાતિનાં છે.

નાન્યતર જાતિ

૧ પેલું છોકરું રડે છે.
૨ પેલું ઘોડું લંગડાય છે.
૩ આ **બકરું** કોનું છે?

ઉપરનાં વાક્યોમાં મોટા અક્ષરે છાપેલાં નામો વાંચો, અને તેમની કઈ **જાતિ** છે તે વિચારો :

છોકરું એ શબ્દ વાંચીને **છોકરો** રડે છે કે **છોકરી** રડે છે તે આપણે કહી શકીએ ખરા?—ના, આપણે ચોક્કસ કહી શકીએ નહિ.

ઘોડું શબ્દ વાંચી **ઘોડો** લંગડાય છે કે **ઘોડી** લંગડાય છે તે આપણે કહી શકતા નથી.

એજ રીતે **બકરું** એ નામ વાંચી એ **બકરાને** માટે વપરાયું છે કે **બકરીને** માટે તે આપણે કહી શકીએ નહિ.

આ ઉપરથી જણાશે કે કેટલાંક નામો નર જાતિ સૂચવતાં નથી, અને નારી જાતિ પણ સૂચવતાં નથી.

(૩) બેમાંની એકે જાતિ સૂચવે નહિ તેવાં નામોની જાતિ **નાન્યતરજાતિ** કહેવાય છે. [નાન્યતર = ન + અન્યતર. **ન** એટલે **નહિ** અને **અન્યતર** એટલે **બેમાંની એક**. બેમાંની એકે નહિ તે નાન્યતર.]

આથી 'છોકરું', 'ઘોડું' અને 'બકરું' એ નામો નાન્યતર જાતિનાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોયત્ન : ૧૫

નીચે આપેલાં નામોની ઊલટી જાતિનાં નામો આપો :

કૂતરો	પિતા	દાદા
હાથી	બળદ	રાણી
વાઘ	મોર	કાચબો
સિંહ	બેન	ચકલી
પુરુષ	ચોપડી	પાટલી
બિલાડી	કાકી	ઓટલી

જાતિ પારખવાની રીત

એકવચનના નામની જાતિ

૧ મારી વાડીમાં **ધોળું** બકરું ચરે છે.
૨ **રાતો** કૂતરો દોડે છે.
૩ **કાળી** ગાય તમારી છે.

બકરું એ નામની જાતિ નાન્યતર છે.

બકરું કેવું છે?—**ધોળું.** ત્યારે **ધોળું** એ વિશેષણ નાન્યતર જાતિના નામનું વર્ણન કરવાને વપરાયું છે, અને એને છેડે ઉં આવેલું છે.

કૂતરો એ નામની જાતિ નર છે.

કૂતરો કેવો છે?—**રાતો.** ત્યારે **રાતો** એ વિશેષણ નર જાતિના નામનું વર્ણન કરવાને વપરાયું છે, અને એને છેડે **ઓ** આવેલો છે.

ગાય એ નામની જાતિ નારી છે.

ગાય કેવી છે?—**કાળી.** ત્યારે **કાળી** એ વિશેષણ નારી જાતિના નામનું વર્ણન કરવાને વપરાયું છે, અને એને છેડે ઈ આવેલી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ઉપરથી સમજાશે કે :

(૧) જેને છેડે ઉં હોય એવું વિશેષણ જે નામની સાથે વપરાય તે **નામ નાન્યતરજાતિનું** હોય છે.

(૨) જેને છેડે **ઓ** હોય એવું વિશેષણ જે નામની સાથે વપરાય તે **નામ નરજાતિનું** હોય છે.

(૩) જેને છેડે ઈ હોય એવું વિશેષણ જે નામની સાથે વપરાય તે **નામ નારીજાતિનું** હોય છે.

બહુવચનના નામની જાતિ

૧ મારી વાડીમાં **ધોળાં** બકરાં ચરે છે.
૨ **રાતા** કૂતરાઓ દોડે છે.
૩ **કાળી** ગાયો તમારી છે?

ઉપરનાં વાકયોમાં મોટા અક્ષરે છાપેલાં વિશેષણો જુઓ. તમને જણાશે કે :

(૧) નાન્યતર જાતિના બહુવચનના નામ આગળ જ્યારે વિશેષણ આવે છે, ત્યારે વિશેષણને છેડેના ઉં નો **આં** થાય છે; જેમકે: **ધોળું** બકરું, **ધોળાં** બકરાં.

(૨) નર જાતિના બહુવચનના નામ આગળ જ્યારે વિશેષણ આવે છે, ત્યારે વિશેષણને છેડેના **ઓ** નો **આ** થાય છે; જેમકે: **રાતો** કૂતરો, **રાતા** કૂતરાઓ.

(૩) નારી જાતિ બહુવચનના નામ આગળ વપરાતા વિશેષણને છેડે આવેલી ઈ કાયમ રહે છે. એમાં કંઈ ફેરફાર થતો નથી; જેમકે: **કાળી** ગાય, **કાળી** ગાયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમારા વાચન દરમ્યાન આ રીતે **જાતિનો અભ્યાસ** તમે કરી શકો છો, અથવા તો શબ્દકોષમાં આપેલી નામની જાતિઓ જોઈ તે યાદ રાખી શકો છો.

નામની જાતિનો ક્રિયાપદના રૂપ સાથે સંબંધ

૧ છોકરો દોડયો.	૧ છોકરો દોડે છે.
૨ છોકરી દોડી.	૨ છોકરી દોડે છે.
૩ છોકરું દોડ્યું.	૩ છોકરું દોડે છે.

ઉપરના પહેલા ખાનામાંનાં વાકયો વાંચો, અને તેનાં ક્રિયાપદો તપાસો.

એ દરેક ક્રિયાપદ દોડવાની ક્રિયા દર્શાવે છે, પણ દરેકનું રૂપ જુદું છે.

છોકરો એ નર જાતિનું નામ છે. **દોડયો** એ ક્રિયાપદ તેની સાથે સંબંધ ધરાવે છે, એટલે એ ક્રિયાપદે નર જાતિનું રૂપ લીધું છે.

એજ પ્રમાણે **દોડી** એ ક્રિયાપદનું રૂપ **છોકરી** એ નામ સાથે સંબંધ રાખે છે, તેથી તે નારી જાતિનું છે, અને **દોડયું** એ રૂપ **છોકરું** એ નામ સાથે સંબંધ રાખે છે, તેથી નાન્યતર જાતિનું છે.

હવે બીજા ખાનાનાં વાકયો વાંચો:

એમાં દરેક ક્રિયાપદનું રૂપ એક સરખું છે. એમનું રૂપ જુદી જુદી જાતિનાં નામો પ્રમાણે ફેરવાયું નથી.

આ ઉપરથી જણાશે કે ક્રિયાપદ કેટલી વાર નામની જાતિ પ્રમાણે પોતાનું રૂપ બદલે છે, અને કેટલીક વાર બદલતું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોયત્ન : ૧૬

નીચે મોટા અક્ષરે છાપેલાં નામોનાં જાતિ તેના વિશેષણ કે ક્રિયાપદ ઉપરથી કહો:—

૧ અમે **હાથી** જોયો છે.

૨ પણે **ગાય** ઊભી છે.

૩ આ **પાંજરું** પિત્તળનું બનાવેલું છે.

૪ અમે **સંતરાં** ખરીદ્યાં.

૫ પેલી **છોકરી** કેવી સારી **માળા** ગૂંથે છે?

૬ ટોપલીમાં **ફૂલો** પડ્યાં છે.

૭ તમે **કાચબો** જોયો છે?

૮ **તપેલી** ચૂલા પર મૂકી છે.

મનોયત્ન : ૧૭

નીચે મોટા અક્ષરે છાપેલાં નામોનાં જાતિ વચન પ્રમાણે કૌંસમાંથી તેમને યોગ્ય વિશેષણ લગાડો:

૧ આકાશમાં ——— **તારો** દેખાય છે. (ઝળકતું, ઝળકતો)

૨ ——— **ફૂલ** કેવું સુંદર દેખાય છે! (રાતું, રાતાં)

૩ મારી **ગાય** ——— છે. (ધોળી, ધોળો)

૪ ——— **છોકરાંઓ** ગરબડ કરે છે. (ગાંડી, ગાડાં)

૫ ——— **કાગડો** રોજ આવે છે. (કાળો, કાળા)

૬ તમારો ——— **બળદ** છે? (કેવો, કેવું)

૭ મારે ——— **દૂધ** જોઈએ છે. (ઊનું, ઊના)

૮ મારે માટે ——— **ચા** બનાવજો. (થોડી, થોડો)

૯ આ **સોપારી** ——— છે. (સારું, સારી)

૧૦ ——— **સૂડી** લાવો. (નવી, નવો)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોયત્ન : ૧૮

નીચેનાં વાક્યોમાં આવેલાં નામોની સાથે ખોટાં રૂપનાં વિશેષણો મૂક્યાં છે; તેને સુધારો :

૧ સામેના મેદાનમાં દોડતી ઘોડો દેખાય છે.
૨ નદી કિનારે ઘણો ધોબીઓ કપડાં ધૂએ છે.
૩ રાતા કૂતરો ખાય છે.
૪ ધોળી ગાય સૂકો ઘાસ ખાય છે.
૫ ઝાડો લીલું હોય છે.
૬ ઉનાળામાં ઠંડી પવન વાય છે.
૭ દરિયામાં ઊંચું મોજાંઓ ઊછળે છે.
૮ આકાશમાં ચકચકતા તારો દેખાય છે
૯ ધોળું પ્યાલાંઓ અહીં પડયાં છે.
૧૦ તેજીલી ઘોડો સવારીમાં ખૂબ કામ લાગે છે.

મનોયત્ન : ૧૯

નીચે જુદાં જુદાં ખાનામાં નામો અને વિશેષણો આપ્યાં છે; દરેક નામની સાથે વપરાય એવું વિશેષણ શોધી વાક્ય બનાવો.

કબૂતર	લીલા	ભમરડો	નાની
પોપટો	ભણેલો	દોરી	મોટો
છોકરો	ભણેલી	છબી	લાલ
છોકરીઓ	ધોળું	પેન	કાચી
ચોપડી	સારી	કેરી	ભાંગેલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ : ૬

નામ—વિભક્તિ

નીચે બબ્બે શબ્દોની જોડી આપેલી છે. એ બે શબ્દોને એવી રીતે લખો, કે જેથી એક નામ બીજાનું માલિક છે એમ જણાવી શકાય.

મોહન — ચોપડી
રામ — ઘોડો
અરવિંદ — ઘર

જવાબ :

(૧) મોહન**ની** ચોપડી.
(૨) રામનો ઘોડો
(૩) અરવિંદનું ઘર.

મોહન ચોપડીનો માલિક છે. મોહન એ નામને છેડે આપણે **ની** એવો એક અક્ષર ઉમેર્યો, ત્યારે **મોહન એ માલિક છે**, અને **ચોપડી એ તેની માલિકીની વસ્તુ છે**, એવું ભાન આપણને થાય છે.

એવીજ રીતે રામ એ નામની પાછળ **નો** અક્ષર મૂકીએ, ત્યારે રામ ઘોડાનો માલિક છે એમ સમજાય છે.

અરવિંદ ઘરનો માલિક છે એમ આપણને અરવિંદ એ નામની પાછળ **નું** અક્ષર લગાડવાથી સમજાય છે.

હવે નીચેનાં વાકયોમાં મોટા અક્ષરે છાપેલા શબ્દો વાંચો, અને એ દરેક નામની પાછળ ખૂટતો અક્ષર મૂકી વાકયો અર્થવાળાં બનાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧ મેં·**કૂતરા** લાકડીથી ફટકાવ્યો.
૨ સુથાર **કરવતી** લાકડું વહેરે છે.
૩ સીતા **ભિખારી** ખાવાનું આપે છે.
૪ **સ્ટેશન** ગાડી ઊપડી જાય છે.
૫ પેલો **રમણ** દડો છે.
૬ રમેશ **તપેલી** પાણી રેડે છે.

નીચે પ્રમાણે લખવાથી એ વાક્યો અર્થવાળાં બને છે.

૧ મેં કૂતરા**ને** લાકડીથી ફટકાવ્યો.



૨ સુથાર કરવતી**એ (વડે)** લાકડું વહેરે છે.



૩ સીતા ભિખારી**ને** ખાવાનું આપે છે.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪ સ્ટેશનથી ગાડી ઊપડી જાય છે.



૫ પેલો રમણનો દડો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬ રમેશ તપેલીમાં પાણી રેડે છે.



ઉપરનાં વાકયોમાં મોટા અક્ષરે છાપેલા અક્ષરો **પ્રત્યયો** કહેવાય છે, અને તે પદો વચ્ચે નીચે જણાવ્યા પ્રમાણે સંબંધ બતાવવા વપરાય છે.

મેં કૂતરા લાકડીથી ફટકાવ્યો એમ વાકય બોલવાથી કંઈ અર્થ સમજાતો નથી; પરંતુ કૂતરા**ને** એમ બોલવાથી કોને ફટકાવ્યો તે સમજાય છે. **કૂતરાને** એ નામ **ફટકાવ્યો** ક્રિયાપદનું **કર્મ** છે. એ **કર્મનો ક્રિયાપદ સાથે સંબંધ** બતાવવા કર્મને **ને** પ્રત્યય લગાડયો છે; જેમકે, કૂતરા**ને** ફટકાવ્યો.

બીજા વાકયમાં વહેરવાની ક્રિયાનું સાધન કરવતી છે. એ **સાધન** અને **ક્રિયા વચ્ચેનો** સંબંધ **એ** પ્રત્યયથી દર્શાવાયો છે; જેમકે, કરવતી**એ** વહેરે છે.

ત્રીજા વાકયમાં જે વ્યક્તિને ખાવાનું અપાય છે તે **ભિખારી**, અને **આપ્યા** એ ક્રિયાપદ વચ્ચેનો સંબંધ **ને** પ્રત્યયથી દર્શાવાયો છે; જેમકે, ભિખારી**ને** આપે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચોથા વાક્યમાં **ઊપડી જાય છે** ક્રિયાપદ અને ઊપડવાની જગ્યાથી (સ્ટેશનથી) છૂટા પડવાનો સંબંધ **થી** પ્રત્યયથી દર્શાવાયો છે; જેમકે, સ્ટેશન**થી** ઊપડી જાય છે.

પાંચમા વાક્યમાં, વસ્તુ અને તેના માલિક વચ્ચેનો સંબંધ **નો** પ્રત્યયથી બતાવાયો છે; જેમકે, રમણ**નો** દડો.

છઠ્ઠા વાક્યમાં, રેડવાની ક્રિયા અને તે જેમાં થાય છે, તે વાસણ વચ્ચેનો સંબંધ **માં** પ્રત્યયથી દર્શાવાયોછે; જેમકે, તપેલી**માં** રેડે છે.

આમ વાક્યમાં **બે નામ વચ્ચે** અને **નામ** તથા **ક્રિયાપદ વચ્ચેનો સંબંધ** બતાવવા માટે નામને **પ્રત્યયો** લાગે છે.

નામ અને નામ વચ્ચે, તથા નામ અને ક્રિયાપદ વચ્ચેનો સંબંધ બતાવવા જે પ્રત્યયો વપરાય છે તેને **વિભક્તિ** કહે છે.

નામની વિભક્તિ

વિભક્તિ સાત છે. નીચે **હરિ** એ નામનાં સાતે વિભક્તિનાં પ્રત્યયો અને રૂપો આપ્યાં છે.

વિભક્તિ	રૂપ	પ્રત્યય
૧લી	હરિ	(પ્રત્યય હોતો નથી)
૨જી	હરિને	ને, (કોઈવાર હોતો નથી.)
૩જી	હરિએ (વડે)	એ, વડે
૪થી	હરિને	ને
૫મી	હરિ**થી**	થી
૬ઠ્ઠી	હરિ**નો**, હરિ**ની**, હરિ**નું**	નો, ની, નું
	(હરિ**ના**, હરિ**નાં**)	(ના, નાં)
૭મી	હરિ**માં**	માં, એ
		(જેમકે, ઘરે = ઘરમાં)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોયત્ન : ૨૦

નીચેનાં વાક્યોમાં મોટા અક્ષરે છાપેલાં નામોને યોગ્ય વિભક્તિના પ્રત્યયો લગાડો.

૧ મેં **ગોળી** વાઘને માર્યો.
૨ મારો ભાઈ **ઘર** છે.
૩ રાજાએ **પ્રધાન** બોલાવ્યો.
૪ **મગન** પુસ્તક અહીં છે.
૫ **બારી** બહાર જોશો નહિ.
૬ સીતા **બારણા** સાથિયા પૂરે છે.
૭ **કાન્તા** ચોપડી **કબાટ** મૂકેલી છે.
૮ ઝાડ બખોલમાં **પંખી** માળો દેખાય છે.
૯ **તળાવ** કમળો ખીલ્યાં છે.
૧૦ આ ફૂલમાળા **દેવ** ચઢાવો.

મનોયત્ન : ૨૧

નીચેનાં વાક્યોમાં મોટા અક્ષરે છાપેલાં નામોની વિભક્તિ કઈ છે તે કહો :

૧ મેં **રામને** અહીં બોલાવ્યો છે.
૨ આ રમકડાં **જાપાનમાં** બનેલાં છે.
૩ **સૂરતથી** ગાડી ઊપડતાં લોકોએ હર્ષનાદ કર્યો.
૪ **મુંબાઈમાં** દરેક વસ્તુ મળી શકે છે.
૫ **મગનને** આ **ચોપડીની** કિંમત કહેજો.
૬ **બિલાડું** ઘરમાં આમ તેમ દોડી રહ્યું છે.
૭ બિલાડીથી **ઉંદરો** ખૂબ બીએ છે.
૮ છગને **મગનને** કબાટમાંથી ચોપડી કાઢી આપી.
૯ **તુલસીમાં પાણીનું** પ્યાલું રેડતા આવજો.
૧૦ અગાસીમાં **ચણાની** દાળ સૂકવવા નાંખી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૭

વિભક્તિના અર્થ

પહેલી વિભક્તિના અર્થો :

૧ **રમેશ** પુસ્તક વાંચે છે.
૨ **મહેશ** ગીત ગાય છે.

રમેશ એ નામ વાંચે છે ક્રિયાપદનો કર્તા છે. **મહેશ** એ નામ ગાય છે ક્રિયાપદનો કર્તા છે.

પહેલી વિભક્તિનો પ્રત્યય નથી, એટલે આ બંને નામોને પ્રત્યય લાગ્યો નથી.

આ રીતે પહેલી વિભક્તિ કર્તાનું નામ દેવા માટે વપરાય છે, એટલે એ પહેલી વિભક્તિ **કર્તાના અર્થમાં** છે.

૧ **મગન,** બાગમાં જા.
૨ **છગન,** અહીં આવ.

મગન એ નામ ઉપરના વાક્યમાં મગનને સંબોધવા એટલે તેને બોલાવવા માટે વપરાયું છે. એ નામ પણ પહેલી વિભક્તિમાં છે. અહીં પહેલી વિભક્તિ **સંબોધનના અર્થમાં** છે.

મનોયત્ન : ૨૨

નીચેનાં વાક્યોમાં કયાં નામો પહેલી વિભક્તિમાં વપરાયાં છે તે કહો, અને તે કયા અર્થમાં છે તે કહો :

૧ રમા, તું બાગમાં જા.
૨ હેમંત કેરી ખાય છે.
૩ લુહાર લોઢું ઘડે છે.
૪ સીતા, પણે રમ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫ ભાઈ, તું મારી સાથે કાલે આવીશ ?
૬ ભિખારી ભીખ માંગે છે.
૭ રસ્તા પર બકરી દોડી રહી છે.

બીજી વિભક્તિના અર્થ :

૧ છોકરો **કૂતરાને** મારે છે
૨ તેણે **ઘોડાને** દોડાવ્યો.

કૂતરાને અને **ઘોડાને** એ બંને નામોને બીજી વિભક્તિનો **'ને'** પ્રત્યય લાગેલો છે, એટલે એમનું રૂપ બીજી વિભક્તિનું રૂપ છે.

કૂતરાને એ **મારે** છે ક્રિયાપદનું **કર્મ** છે.
ઘોડાને એ **દોડાવ્યો** ક્રિયાપદનું **કર્મ** છે.

આથી ઉપરના દાખલાઓમાં બીજી વિભક્તિ કર્મના અર્થમાં વપરાઈ છે.

પ્રત્યય વિનાની બીજી વિભક્તિ કર્મના અર્થમાં :

૧ મેં **ફૂલ** ચૂંટ્યાં.
૨ હું **ગાયન** ગાઉં છું.

ફૂલ અને **ગાયન** એ બંને કર્મો છે. એ બંનેનું અહીં પ્રત્યય વિનાનું રૂપ વપરાયું છે.

આમ, બીજી વિભક્તિમાં નામને **ને** પ્રત્યય લાગે છે, અથવા તો એ નામ કોઈવાર પ્રત્યય વિના આવે છે.

મનોયત્ન : ૨૩

નીચેનાં વાક્યોમાંથી બીજી વિભક્તિનાં રૂપો શોધો અને તે પ્રત્યયવાળાં કે પ્રત્યય વિનાનાં છે તે કહો :

૧ હરિ કબૂતરને પંપાળે છે.
૨ છોકરો પુસ્તક વાંચે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩ તે મગનને બોલાવે છે.
૪ સીતા માળા ગૂંથે છે.
૫ માળી ફૂલ વીણે છે.
૬ હેમંત દડાને ફેંકે છે.
૭ હું દડો ઉછાળું છું.

ત્રીજી વિભક્તિના અર્થ:

(क) ૧ તે **ઝારીએ** પાણી પાય છે.
૨ છોકરો **કલમે** લખે છે,

તે શા વડે પાણી પાય છે?--ઝારી વડે. ઝારી એ પાણી પાવાનું સાધન છે.

છોકરો શા વડે લખે છે?—કલમ વડે. કલમ એ લખવાનું સાધન છે.

ઝારીએ અને **કલમે** એ બંને નામોમાં ત્રીજી વિભક્તિનો '**એ**' પ્રત્યય છે. એ બંને નામો '**એ**' પ્રત્યય લઈ સાધનના અર્થમાં વપરાયાં છે.

આથી, અહીં ત્રીજી વિભક્તિ **કરણના** અર્થમાં એટલે **સાધનના અર્થમાં** વપરાઈ છે. [સાધન એટલે કરણ]

(ख) ૧ **શિક્ષકે** તેને શિખામણ આપી.
૨ **મહેન્દ્રે** તેના મિત્રને આશ્રય આપ્યો.

શિક્ષકે અને **મહેન્દ્રે** એ પોતપોતાનાં વાક્યમાં ક્રિયાપદના **કર્તા** છે. એ બંનેને ત્રીજી વિભક્તિનો પ્રત્યય **એ** લાગેલો છે.

અહીં ત્રીજી વિભક્તિ **કર્તાના અર્થમાં** વપરાઈ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોયત્ન : ૨૪

નીચેનાં વાક્યોમાં કયાં નામો ત્રીજી વિભક્તિમાં છે અને તે વિભક્તિ કયા અર્થમાં વપરાઈ છે તે કહો :

૧ રામે ચોપડી પૂરી વાંચી છે.
૨ રાજાએ તલવાર ફેરવવા માંડી.
૩ કઠિયારો કુહાડીએ લાકડાં ફાડે છે.
૪ સોની હથોડાએ સોનું ઘડે છે.
૫ લુહારે આ પાટો બનાવ્યો છે.
૬ અરવિંદે પગે મુસાફરી કરી.
૭ હું ગાડીએ મુસાફરી કરીશ.

ચોથી વિભક્તિના અર્થો :

(क) ૧ રાજાએ **સૈનિકને** ચાંદ આપ્યો.
૨ અમે **બ્રાહ્મણને** ગાય ભેટ કરી.
૩ મેં **બાળકને** વાત કહી.
૪ મારા પિતાએ **ભિખારીને** પૈસા દાનમાં દીધાં.

ઉપરનાં વાક્યોનાં બધાં ક્રિયાપદોમાં **કંઈક આપવું** એવો અર્થ રહેલો છે. આપવું એટલે **સંપ્રદાન** કરવું તે.

પહેલું વાક્ય વાંચો : કોને ચાંદ અપાયો છે?—**સૈનિકને.** ત્યારે, જેને ચાંદ આપવામાં આવે છે તે વ્યક્તિ સૈનિક છે.

એજ રીતે **બ્રાહ્મણને, બાળકને** અને **ભિખારીને** એ નામો જેને કંઈ આપવામાં અથવા કહેવામાં આવે છે, તે વ્યક્તિને માટે વપરાયેલાં છે.

જેને કંઈ આપવામાં આવે તે વ્યક્તિ સૂચવનારાં નામો ચોથી વિભક્તિમાં આવે છે.

અહીં ચોથી વિભક્તિ **સંપ્રદાનના અર્થમાં** વપરાઈ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ख ૧ તે બાળક પાસે **રમવાને** રમકડાં નથી.

૨ **ઓઢવાને** મારી બેન ઓઢણી લાવી છે.

રમવાને એનો અર્થ **રમવાને માટે** એવો થાય છે. તેજ પ્રમાણે **ઓઢવાને** એનો અર્થ **ઓઢવાને સારુ** એવો થાય છે.

અહીં પ્રત્યય **'ને'** હેતુનો અર્થ બતાવવા વપરાયો છે.

આ પ્રમાણે **માટે** કે **સારુ** જે નામને લગાડી શકાય તે નામની વિભક્તિ ચોથી હોય છે.

ग ૧ **રમણને** આ કાર્ય કરવાનું છે.

૨ **છગનને** કાલ જવું પડશે.

કરવાની ક્રિયા કોણે કરવાની છે?—રમણે.

જવાની ક્રિયા કોણે કરવાની છે?—છગને.

ત્યારે ઉપલાં બંને વાક્યોમાં **રમણને** અને **છગનને** એ નામો કર્તાના અર્થમાં છે.

અહીં ચોથી વિભક્તિ **કર્તાના અર્થમાં** વપરાઈ છે.

મનોયત્ન : ૨૫

નીચેનાં વાક્યોમાં ચોથી વિભક્તિમાં આવેલાં નામો શોધો, અને તે વિભક્તિ કયા અર્થમાં છે તે કહો :

૧ અમે બ્રાહ્મણને દાન આપીએ છીએ.

૨ ખાવાને મારી પાસે અન્ન નથી.

૩ છગન પાસે રમવાને બેટ નથી.

૪ રાજાએ રાણીને મોતીનો હાર આપ્યો.

૫ ઇશ્વર બધાં પ્રાણીને જીવન આપે છે.

૬ જાનમાં પીવાને પાણી પણ મળ્યું નહિ.

૭ અમે ગરીબને પૈસો આપ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાંચમી વિભક્તિના અર્થો :

क १ **સૂરતથી** પાંચને ટકોરે ગાડી ઊપડી.
  २ **બકરીથી** તેનું બચ્ચું છૂટું પડી ગયું.

પહેલા વાકયમાં 'ઊપડી' ક્રિયાપદ ગાડી **સૂરતથી** છૂટી પડે છે–દૂર જાય છે એવો અર્થ બતાવે છે. **સૂરત** એ સ્થળથી ગાડી જુદી પડે છે. એવી રીતે જેનાથી છૂટા પડવાનું હોય તેના નામને પાંચમી વિભક્તિ લાગે છે; જેમકે, **સૂરતથી.**

અહીં પાંચમી વિભક્તિ છૂટા પડવું એટલે **અપાદાનના અર્થમાં** વપરાઈ છે. એજ રીતે બકરીથી એ નામ **અપાદાનના અર્થમાં** પાંચમી વિભક્તિનું છે.

ख १ **રાજેન્દ્રથી** ઝાડ કપાયું નહિ.
  २ **ઇંદ્રજિતથી** જૂઠું બોલાયું નહિ.

રાજેન્દ્રથી અને **ઇંદ્રજિતથી** એ બંને નામો ક્રિયાના કરનાર હોઈ **કર્તા** તરીકે વપરાયલાં છે. એમની વિભક્તિ પાંચમી છે. એટલે અહીં પાંચમી વિભક્તિ **કર્તાના અર્થમાં** વપરાઈ છે.

ग १ ખેડૂત **કુહાડીથી** લાકડાં ફાડે છે.
  २ તેણે **તલવારથી** વાઘનું ડોકું છટકાવ્યું.

કુહાડીથી એ નામ **સાધનના અર્થમાં** વપરાયું છે. **તલવારથી** એ નામ **સાધનના અર્થમાં** વપરાયું છે. એ બંને નામોની વિભક્તિ પાંચમી છે. એટલે અહીં પાંચમી વિભક્તિ કરણ કે **સાધનના અર્થમાં** વપરાઈ છે.

घ १ **મેલેરિયાથી** રાનીપરજ બહુ પીડાય છે.
  २ **શીતળાથી** ઘણાં બાળકો મરી જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેલેરિયાથી એ નામ પીડાવાનું **કારણ** બતાવે છે. **શીતળાથી** એ નામ મરી જવાનું **કારણ** બતાવે છે. એ બંને નામો કારણ બતાવવા વપરાયાં છે, અને એમની વિભક્તિ પાંચમી છે.

અહીં પાંચમી વિભક્તિ **કારણ**ના અર્થમાં વપરાઈ છે.

મનોયત્ન : ૨૬

નીચેનાં વાક્યોમાં નામની પાંચમી વિભક્તિ કયા અર્થમાં વપરાઈ છે, તે કહો :

૧ મુંબાઈથી અમે નીકળ્યાં ત્યારે સાત વાગ્યા હતા.
૨ રમેશથી વંચાયું નહિ.
૩ તેણે લાકડીથી સાપને મારી નાખ્યો.
૪ દુઃખથી તે હેબકાઈ ગયો.
૫ માતા પ્રેમથી બાળકને ઉછેરે છે.
૬ ગામથી સ્ટેશન ઘણું દૂર છે.
૭ તેના પિતાથી આ કાર્ય થયું નહિ.

છઠ્ઠી વિભક્તિના અર્થો :

(क) ૧ તે છોકરા**ની** ટોપી કાળી છે.
૨ આ ઘર**નું** છાપરું જૂનું છે.
૩ આ આંબા**ની** કેરી બહુ મીઠી છે.
૪ રામ**ને** ઘેર હું ગયો.

પહેલા વાકયમાં છોકરો **અને** ટોપી **એ બે નામ વચ્ચે, છોકરો ટોપીનો માલિક છે, એવો સંબંધ ની** પ્રત્યયથી બતાવાયો છે.

બીજા વાકયમાં, છાપરું એ ઘરનો ભાગ છે, એવો સંબંધ **ઘર** ને લાગેલો **નું** પ્રત્યય બતાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રીજા વાક્યમાં કેરી આંબાનું ફળ છે, એવો સંબંધ **આંબા** ની સાથે આવેલો **ની** પ્રત્યય બતાવે છે.

તેવીજ રીતે, ચોથા વાક્યમાં ઘર રામનું છે, એવો સંબંધ **રામ** ની સાથે આવેલો **ને** પ્રત્યય બતાવે છે.

આમ કોઈ પણ બે નામ વચ્ચે માલિકી વગેરે સંબંધ બતાવવા માટે છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય વપરાય છે.

અહીં **સંબંધ અર્થે** છઠ્ઠી વિભક્તિ વપરાઈ છે.

(ख) ૧ ઝાડ**ની** ઉપર ફળો છે.

૨ મારા ભાઈ**ને** માટે હું પુસ્તક લાવ્યો.

૩ તળાવ**ની** અંદર ઘણું પાણી છે.

ઝાડની, ભાઈને અને **તળાવની** એ ત્રણે નામોને છઠ્ઠી વિભક્તિના પ્રત્યયો લાગેલા છે.

પહેલા વાક્યમાં **ઉપર** એ નામયોગી છે.

એ કયા નામ સાથે સંબંધ રાખે છે? – ઝાડની એ નામ સાથે. ત્યારે અહીં નામ અને નામયોગી એ વચ્ચેનો સંબંધ **ની** પ્રત્યય વડે બતાવાયો છે.

એજ રીતે **ભાઈ** અને **માટે** એ બે વચ્ચે **ને** પ્રત્યય વડે, અને **તળાવ** અને **અંદર** એ બે વચ્ચે **ની** એ પ્રત્યય વડે સંબંધ બતાવાયો છે.

આવી રીતે નામની પછી વપરાતા નામયોગી પદ અને તે નામ વચ્ચે **સંબંધ બતાવવા** નામની પછી છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય વપરાય છે.

મનોયત્ન : ૨૭

નીચેનાં વાક્યોમાં છઠ્ઠી વિભક્તિ કયા અર્થમાં વપરાઈ છે તે કહો:

૧ ગામનાં માણસો મેળામાં ગયાં છે.

૨ છગનની પાછળ મગન પણ ગયો.

૩ ઘરની અંદર માત્ર દાદી બેઠેલાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪ સીતાની સાડી ભૂરા રંગની છે.
૫ મારા ભાઈને માટે એક મોસંબી લેતા આવજો.
૬ ઘરને માટે ઈંટ આવી છે.
૭ રામની પછી હેમંત જશે કે?

સાતમી વિભક્તિના અર્થો :

૧ ઝાડ**માં** પંખીઓ માળા બાંધે છે.
૨ મંદિરની ટોચે ધજા ફરકે છે. (ટોચ + એ = ટોચે)
૩ દરિયા કાંઠે નાળિયેરી થાય છે.

ઝાડમાં એ નામને સાતમી વિભક્તિનો **માં** પ્રત્યય લાગ્યો છે, અને **ટોચે** અને **કાંઠે** એ બે નામોને **એ** પ્રત્યય લાગ્યો છે.

ઝાડમાં એ નામ માળા બાંધવાનું સ્થળ બતાવે છે. એજ રીતે **કાંઠે** અને **ટોચે** એ બંને નામો સ્થળ બતાવે છે. સ્થળ એટલે **અધિકરણ.**

સાતમી વિભક્તિ **સ્થળ** અથવા **અધિકરણના** અર્થમાં વપરાય છે.

સમાન વિભક્તિ

મારી બેન **સીતા** વાંચે છે.

ઉપરના વાક્યમાં ક્રિયાપદના કર્તા તરીકે, બે નામો આવેલાં છે. સીતા તથા બેન આ બંને નામો એકજ જણને માટે વપરાયાં છે, કારણકે સીતા તેજ બેન છે. **બેન** કર્તા તરીકે પહેલી વિભક્તિમાં છે, તેથી એનેજ સૂચવવાને વપરાયલું સીતા એ નામ પણ પહેલી વિભક્તિમાં જ છે. આમ જ્યારે એકજ જણને સૂચવવા બે કે વધારે નામો સાથે વપરાય, ત્યારે તેઓ એકજ વિભક્તિમાં આવતાં હોવાથી **સમાન** વિભક્તિનાં નામો ગણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીચે જુદી જુદી વિભક્તિમાં સાથે આવેલાં **સમાન વિભક્તિનાં નામોનો અભ્યાસ કરોઃ—**

નીચેનાં ઉદાહરણોમાં મોટા અક્ષરે છાપેલાં નામો જુદી જુદી વિભક્તિનાં નામોની સાથે સમાન વિભક્તિમાં છે.

ઉદાહરણ	કઈ વિભક્તિની સમાન?
૧ મારા **કાકા રામલાલ** બહાર ગયા છે.	પહેલીની સમાન
૨ તેણે મારા **ભાઈ** મગનને બોલાવ્યો.	બીજીની સમાન
૩ **મહારાજા** દશરથે રામને વનવાસ આપ્યો.	ત્રીજીની સમાન
૪ રાવણના **ભાઈ** વિભીષણને રામે લંકાનું રાજ આપ્યું.	ચોથીની સમાન
૫ તેના **મિત્ર** મગનથી દૂર રહો.	પાંચમીની સમાન
૬ **મુંબાઈ** શહેર**ની** વસ્તી ઘણી મોટી છે.	છઠ્ઠીની સમાન
૭ **હિંદુસ્તાન** દેશ**માં** અનેક લાંબી નદીઓ છે.	સાતમીની સમાન
૮ **ભાઈ મોહન,** આમ આવ.	સંબોધન અર્થે પહેલીની સમાન

કઈ કઈ વિભક્તિમાં પ્રત્યય વિના નામનાં રૂપનો ઉપયોગ થાય છે?

૧ પહેલી વિભક્તિ — પ્રત્યય હોતો નથી.

૨ બીજી વિભક્તિ — જગન્નાથે દૂધ પીધું. દૂધ એ નામ કર્મ છે. કર્મને બીજી વિભક્તિનો પ્રત્યય લાગવો જોઈએ, પણ આવી રીતે પ્રત્યય વિના કર્મ વાપરવાની રીત છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩ છઠ્ઠી વિભક્તિ—ઝાડ ઉપર વાંદરો બેઠો છે.
ઝાડ ઉપર = **ઝાડની** ઉપર. નામયોગી પદ સાથે નામનો સંબંધ બતાવાય છે, ત્યારે આવી રીતે પ્રત્યય વિના પણ નામ વપરાય છે.

૪ સાતમી વિભક્તિ—બીજે **દિવસ** રામ તેના મિત્રને મળ્યો, ત્યારે તેણે બધી વાત કહી. (દિવસ = દિવસે)

કર્તા કઈ કઈ વિભક્તિમાં આવે?

(૧) પહેલી વિભક્તિ — **રામ** ચોપડી વાંચે છે.
(૨) ત્રીજી વિભક્તિ — **રામે** ચોપડી વાંચી.
(૩) ચોથી વિભક્તિ — **રામને** ચોપડી વાંચવી નથી.
(૪) પાંચમી વિભક્તિ — **રામથી** ચોપડી વંચાઈ.

કર્મ કઈ કઈ વિભક્તિમાં આવે?

(૧) બીજી વિભક્તિ— રામે **મગનને** માર્યો.
રામે **દૂધ** પીધું.
(૨) ચોથી વિભક્તિ— રામે **મગનને** રૂપિયો આપ્યો.

કરણ દર્શાવનારાં નામો કઈ વિભકિતમાં આવે?

(૧) ત્રીજી વિભક્તિ— રામે કૂતરાને **સોટીએ** માર્યો.
(૨) પાંચમી વિભક્તિ— રામે કૂતરાને **સોટીથી** માર્યો.

સ્થળ દર્શાવનારાં નામો કઈ વિભકિતમાં આવે?

(૧) બીજી વિભક્તિ— રામ **ગામ** જાય છે.
(૨) સાતમી વિભક્તિ— રામ **આશ્રમે** જાય છે.
રામ **ઘરમાં** ગયો.

નોંધ : સ્થળ દર્શાવનારાં નામો ગતિનો અર્થ બતાવનારાં ક્રિયાપદો સાથે વપરાઈને પ્રત્યય વિના આવે, ત્યારે તે બીજી વિભક્તિમાં હોય છે. એ નામો પ્રત્યય સાથે આવે ત્યારે તે સાતમી કે કોઈ અન્ય વિભક્તિમાં હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોયત્ન : ૨૮

નીચેનાં વાક્યોમાં મોટા અક્ષરે છાપેલાં નામોની વિભક્તિ કઈ છે, અને તે કયા અર્થમાં વપરાઈ છે તે કહો:

૧ **રામના** ભાઈએ **ઘર** બંધાવ્યું.
૨ **તળાવમાં ગોવિંદે હોડી** મૂકી છે.
૩ **ઘરની** અંદર મારો **ભાઈ** બેઠો છે.
૪ **લોકો મેલેરિયાથી** ત્રાસી ગયા.
૫ ઝાડની **ડાળે પંખી** બેઠું છે.
૬ **વાડામાં કૂતરું** હાડકું ચાટી રહ્યું છે.
૭ **પાડોશીના છોકરાએ દોરીથી પતંગ** ચગાવ્યો.
૮ **છાપરા** ઉપર પતંગ પડ્યો છે.

પ્રકરણ ૮

સર્વનામના પ્રકાર

તમે પહેલા ભાગમાં શીખી ગયા છો કે વાક્યમાં આપણે નામની જગ્યાએ જે શબ્દ વાપરીએ તે **સર્વનામ** કહેવાય છે. સર્વનામના નીચેના ત્રણ પ્રકાર પણ તમે શીખી ગયા છો:

૧ પુરુષવાચક સર્વનામ　　૨ પ્રશ્નાર્થ સર્વનામ　　૩ દર્શક સર્વનામ

હવે આપણે સર્વનામના બીજા પ્રકારો શીખીશું.

૪ સંબંધી સર્વનામ

૧ **જે** મહેનત કરશે **તે** ફાવશે.
૨ **જેવું** વાવશો **તેવું** લણશો.
૩ **જેટલું** થાય **તેટલું** કરજો.

પહેલા વાક્યમાં **જે** એ શબ્દ કોઈ પણ માણસ અથવા વ્યક્તિ સૂચવવાને વપરાયેલો છે, એટલે એ સર્વનામ છે. એજ રીતે **તે** એ સર્વનામ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે, વાકયમાં જ્યારે જ્યારે **જે** સર્વનામ વપરાય છે, ત્યારે **તે** સર્વનામ તે સાથે વપરાય છે.

એ બંને સર્વનામો **પરસ્પર સંબંધ** રાખીને સાથેજ વપરાય છે, તેથી તે **સંબંધી સર્વનામ** કહેવાય છે.

ઉપરનાં જે–તે, જેવું–તેવું, અને જેટલું–તેટલું,–એ બધાં સંબંધી સર્વનામ છે.

૫ અનિશ્ચિત સર્વનામ

૧ કોઈ અહીં આવો.

૨ દરેકને માટે આ બાગ ખુલ્લો છે.

૩ કેટલાકને ફરવા વિના ચાલતું નથી.

૪ આપણા મિત્રોમાં **અમુક** એક વાત કહે, અને **અમુક** બીજી વાત કહે તો આપણને મુંઝવણ થાય છે.

કોઈ એટલે કોઈ ચોક્કસ માણસ નહિ, પણ ગમે તે માણસ. અહીં **કોઈ** શબ્દનો અર્થ અમુકજ માણસ એમ નક્કી કે નિશ્ચિત નથી. એનો અર્થ અનિશ્ચિત છે. તેજ પ્રમાણે **દરેક, કેટલાક** અને **અમુક** એ સર્વનામોનો અર્થ પણ અનિશ્ચિત છે.

જે સર્વનામ ચોક્કસ પ્રાણી કે પદાર્થને માટે વપરાતું નથી, તે સર્વનામ **અનિશ્ચિત સર્વનામ** કહેવાય છે.

૬ સ્વવાચક સર્વનામ

૧ મગનલાલે આ કામ **જાતે** કર્યું છે.

૨ હું **પોતે** ત્યાં જઈશ.

૩ તમે **પંડે** આ કાર્ય કરજો.

૪ રાજાએ ખુદ તે હુકમ બહાર પાડયો.

પહેલા વાકયમાં **જાતે** એ શબ્દ **મગનલાલની** પોતાની જાતને માટેજ વપરાયો છે. એ નામને માટે વપરાયો હોઈ **સર્વનામ** છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાતે એ સર્વનામ વ્યક્તિને પોતાને માટેજ એટલે પોતાને ઉદ્દેશીને કહેવાના અર્થમાં વપરાયું છે. જે સર્વનામ પોતાપણાનો અર્થ બતાવે છે તેને **સ્વવાચક સર્વનામ** કહે છે. [સ્વવાચક = પોતાના વિશે કહેનારું.]

એજ રીતે હું એ બોલનાર પોતાને ઉદ્દેશીને જ **પોતે** એ સર્વનામ વાપરે છે, તેથી **પોતે** સવનામ **સ્વવાચક સર્વનામ** છે. તેવીજ રીતે **પંડે** અને **ખુદ** એ સ્વવાચક સર્વનામ છે.

મનોયત્ન : ૨૯

નીચેનાં વાક્યોમાંથી સર્વનામ શોધો અને તેના પ્રકાર કહો:

૧ જે કામ કરે છે, તે ફળ મેળવે છે.
૨ તમારે કોઈને બોલાવવા છે?
૩ જેવું આપશો તેવું મળશે.
૪ અમે કેટલાકને તેડવા મોકલ્યા.
૫ તમે જાતે આટલું કામ કરજો.
૬ તેઓ પોતે એ પર ધ્યાન આપશે.
૭ મેળાવડામાં દરેકને ઈનામ મળ્યું.

સર્વનામ વિશેષણ તરીકે

(क) ૧ **પેલો** માણસ કેમ આવ્યો છે?
૨ **એ** વાત મારે સાંભળવી નથી.
૩ **આ** માણસ તમને ખૂબ કામ લાગશે.

પેલો એ **માણસ**નું વિશેષણ છે.
એ એ **વાત**નું વિશેષણ છે.
આ એ **માણસ**નું વિશેષણ છે.

અહીં **દર્શક સર્વનામો વિશેષણ તરીકે** વપરાયાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ख) ૧ જે માણસ અહીં આવ્યો હતો તે માણસ પાછો ગયો છે.
૨ જેવું બીજ તેવું ઝાડ થાય છે.
૩ જેટલું દૂધ પીવાય તેટલું દૂધ પીજો.

જે અને **તે**, **માણસ** એ નામનાં વિશેષણો છે.

જેવું એ **બીજ**નું વિશેષણ છે. **તેવું** એ **ઝાડ**નું વિશેષણ છે.

જેટલું અને **તેટલું** એ દૂધનાં વિશેષણો છે. અહીં **સંબંધી સર્વનામ વિશેષણ તરીકે** વપરાયાં છે.

(ग) ૧ કોઈ માણસ અહીં આવ્યો હતો?
૨ કેટલાક લોકો ઘેર ગયા.

કોઈ એ **માણસ**નું વિશેષણ છે.
કેટલાક એ **લોકો**નું વિશેષણ છે.

અહીં **અનિશ્ચિત સર્વનામ વિશેષણ તરીકે** વપરાયાં છે.

સર્વનામ-જાતિ, વિભક્તિ, વચન

સર્વનામનું વચન

(क) ૧ હેમંત દોડે છે. તે પડી જશે.
૨ છોકરાઓ રમે છે. તેઓ સાંજે ઘેર જશે.

પહેલા વાક્યમાં **તે** એ હેમંત માટે વપરાયું છે. હેમંત એકવચનનું નામ છે. એને બદલે વપરાયેલું **તે** એ સર્વનામ પણ એકજ વ્યક્તિને સૂચવે છે, એટલે એનું વચન એકવચન છે.

બીજા વાક્યમાં **તેઓ** એ ઘણા છોકરાઓને માટે વપરાયેલું સર્વનામ છે. એ બહુવચનનું સર્વનામ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ઉપરથી માલૂમ પડશે કે સર્વનામ જે નામને બદલે વપરાયું હોય તેનું વચન લે છે.

નોંધ: સર્વનામનાં જાતિ, વિભક્તિ અને વચન તેનાં નામ પ્રમાણે થાય છે.

સર્વનામની જાતિ

(ख) ૧ છોકરાએ રમત પૂરી કરી, અને **તે** ઘેર ગયો.
૨ છોકરીએ ફૂલની માળા ગૂંથી, અને **તે** મંદિરે ગઇ.
૩ કૂતરું થોડીવાર ભસ્યું, અને **તે** નાસી ગયું.

પહેલા વાક્યમાં **તે** એ સર્વનામ કયા નામને માટે વપરાયું છે?–**છોકરાએ** એ નામ માટે. **છોકરો** એ કઈ જાતિનું નામ છે?–**નરજાતિનું નામ.** ત્યારે **તે** એ સર્વનામ કઈ જાતિનું ગણાય? **નરજાતિનું.**

એજ રીતે, બીજા વાક્યમાં **તે** એ સર્વનામ **છોકરી** માટે વપરાયું છે, એટલે તે **નારીજાતિમાં** છે.

ત્રીજા વાક્યમાં **તે** એ સર્વનામ **કૂતરું** એ નામ માટે વપરાયું હોવાથી, તે **નાન્યતર જાતિનું** સર્વનામ ગણાય.

આ ઉપરથી જણાશે કે **સર્વનામ જે નામને માટે વપરાય છે, તે નામની જાતિ લે છે.**

• • •

વાક્યમાં નામ વિના એકલા આવેલા સર્વનામની જાતિની ઓળખ

૧ તે ઘેર **ગયો.**
૨ તે મંદિરે **ગઈ.**
૩ તે નાસી **ગયું.**

મોટા અક્ષરે છાપેલાં ક્રિયાપદો જુઓ:

ગયો એ ક્રિયાપદ કઈ જાતિ સૂચવે છે? **નરજાતિ.** એ કોની સાથે સંબંધ રાખે છે? **તે** એ સર્વનામ સાથે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે, **તે** એ સર્વનામની કઈ જાતિ હોવી જોઈએ? **નર જાતિ.**

બીજા વાક્યમાં, **ગઈ** એ ક્રિયાપદ કઈ જાતિ સૂચવે છે? **નારી જાતિ. તે** એ સર્વનામ કઈ જાતિમાં હોવું જોઈએ? **નારી જાતિમાં.** ત્રીજા વાક્યમાં, **ગયું** એ ક્રિયાપદ નાન્યતર જાતિ સૂચવે છે. **તે** એ સર્વનામ કઈ જાતિમાં હોવું જોઈએ? **નાન્યતર જાતિમાં.**

આ ઉપરથી જણાશે કે વાક્યમાં એકલું સર્વનામ વપરાય, ત્યારે તેની જાતિ ઘણું ખરું ક્રિયાપદનાં રૂપ ઉપરથી પારખી શકાય છે.

નોંધ: જેને બદલે સર્વનામ વપરાયું હોય તે નામનાં જાતિ અને વચન સર્વનામ લે છે.

સર્વનામની વિભક્તિ

(ग) (૧) રામની વાતો સાંભળી? **તેની** વાતો સાંભળવા લાયક છે.

તેની એ શબ્દ કોને બદલે વપરાયો છે?—**રામ** એ નામને બદલે. **તેની** એ સર્વનામ છે. **રામની** એ નામ કઈ વિભક્તિમાં છે? **છઠ્ઠી વિભક્તિમાં.** વાક્યમાં બીજા કયા શબ્દને છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય લાગ્યો છે?—**તેની** એ સર્વનામને છઠ્ઠીનો **ની** પ્રત્યય લાગેલો છે.

૨ હું સંગ્રહસ્થાનમાં ગયો; **તેમાં** નવાઈની વસ્તુઓ હતી.

ઉપર બતાવ્યું તેમ **તેમાં** એ સર્વનામને સાતમીનો **માં** પ્રત્યય લાગેલો છે.

આમ તમે જોઈ શકશો કે જેમ નામને વિભકિત લાગે છે, તેમ સર્વનામને પણ વિભકિત લાગે છે.

આથી નામની માફક **સર્વનામનાં** પણ **સાતે વિભકિતનાં રૂપ** થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુરુષવાચક સર્વનામનાં રૂપ

હું

વિભકિત	એકવચન	બહુવચન
૧ લી	હું	અમે
૨ જી	મને	અમને
૩ જી	મેં, મારે	અમે, અમારે
૪ થી	મને, મારે	અમને, અમારે
૫ મી	મારાથી	અમારાથી
૬ ઠ્ઠી	મારો, મારી, મારું	અમારો, અમારી, અમારું
૭ મી	મારામાં	અમારામાં

તું

વિભકિત	એકવચન	બહુવચન
૧ લી	તું	તમે
૨ જી	તને	તમને
૩ જી	તેં, તારે	તમે, તમારે
૪ થી	તને, તારે	તમને, તમારે
૫ મી	તારાથી	તમારાથી
૬ ઠ્ઠી	તારો, તારી, તારું	તમારો, તમારી, તમારું
૭ મી	તારામાં	તમારામાં

તે

વિભકિત	એકવચન	બહુવચન
૧ લી	તે	તે, તેઓ
૨ જી	તેને	તેમને, તેઓને
૩ જી	તેણે	તેમણે, તેઓએ
૪ થી	તેને	તેમને, તેઓને
૫ મી	તેથી, તેનાથી	તેઓથી, તેઓનાથી, તેમનાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬ ઠ્ઠી	તેનો, તેની તેનું	{ તેઓનો, તેઓની, તેઓનું તેમનો, તેમની, તેમનું
૭ મી	તેમાં, તેનામાં	તેઓમાં, તેઓનામાં, તેમનામાં

નોંધ : પુરુષવાચક સર્વનામનાં રૂપો ત્રણે જાતિમાં સરખાં હોય છે. જે અને એનાં રૂપ **તે** પ્રમાણે થાય છે.

પ્રશ્નાર્થ સર્વનામનાં રૂપ

કોણ

વિભક્તિ	
૧ લી	કોણ
૨ જી	કોને
૩ જી	કોણે
૪ થી	કોને
૫ મી	કોનાથી
૬ ઠ્ઠી	કોનો, કોની, કોનું
૭ મી	કોનામાં

નોંધ : એનાં રૂપો ત્રણે **જાતિમાં** અને બંને **વચનમાં** સરખાં છે. **પોતે** સર્વનામનાં રૂપો કોણ પ્રમાણે થાય છે.
'**આપણ**' અને '**આપ**'નાં રૂપો બહુવચનમાંજ થાય છે.

દર્શક સર્વનામનાં રૂપ

આ

વિભક્તિ	એકવચન	બહુવચન
૧લી	આ	આ
૨જી	આને	આમને
૩જી	આણે	આમણે
૪થી	આને	આમને
૫મી	આથી, આનાથી	આમનાથી
૬ઠ્ઠી	આનો, આની, આનું	આમનો, આમની, આમનું
૭મી	આમાં, આનામાં	આમનામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ : ૯

વિશેષણના પ્રકાર

તમે આગળ વિશેષણના નીચેના પ્રકાર શીખી ગયા છો :
(૧) ગુણવાચક (૨) સંખ્યાવાચક.

હવે વિશેષણનાં બીજા પ્રકાર શીખીશું.

(क) ૧ મેં **થોડું** દૂધ પીધું.
૨ તેનાથી **બધું** કામ, કે એમાંનું **ઘણું** કામ થશે નહિ.

થોડું એ શબ્દ વડે આપણને દૂધનો જથ્થો કેટલો છે તે સમજાય છે. એજ રીતે **બધું** અને **ઘણું** એ શબ્દ કામના જથ્થાને સૂચવે છે.

આવાં વિશેષણો નામનો કેટલો જથ્થો છે તે બતાવી તેના અર્થમાં વધારો કરે છે.

જથ્થો બતાવનારાં વિશેષણ **માપવાચક** કહેવાય છે.

સર્વનામ વિશેષણ તરીકે

(ख) ૧ **પેલો** માણસ દોડે છે.
૨ **આ** ચોપડી લાવો.
૩ **તે** છોકરો વાંચે છે.
૪ **એ** વાત મને ગમે છે.

પેલો એ શબ્દ મૂળ સર્વનામ છે. **પેલો** એટલે બતાવવામાં આવેલો તેજ બીજો નહિ, એમ કહી **માણસ** નામના અર્થમાં એ શબ્દ વધારો કરે છે. આ રીતે પેલો એ શબ્દ નામના અર્થમાં વધારો કરતો હોવાથી અહીં વિશેષણ બને છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર પ્રમાણેજ **આ, તે,** અને **એ** એ મૂળ સર્વનામો અહીં વિશેષણ તરીકે વપરાયાં છે. એ પણ પોતપોતાના નામને દર્શાવી તેના અર્થમાં વધારો કરે છે.

આવાં વિશેષણ તરીકે વપરાતાં દર્શક સર્વનામોને **દર્શક વિશેષણ** કહે છે.

(ગ) ૧ તમે **શો** જવાબ લાવ્યા છો?
૨ **કયો** માણસ મને મળવા આવ્યો હતો?
૩ **કેટલાં** છોકરાં વર્ગમાં હાજર હતાં?

શો, કયો અને **કેટલાં** એ મૂળ સર્વનામો છે, પરંતુ એ અહીં વિશેષણો તરીકે વપરાયાં છે. એ બધાં નામ સાથે આવેલાં છે, અને પ્રશ્ન પૂછી નામના અર્થમાં વધારો કરે છે.

પ્રશ્ન પૂછી નામના અર્થમાં વધારો કરનાર વિશેષણ **પ્રશ્નવાચક વિશેષણ** કહેવાય છે.

વિકારી અને અવિકારી

(ઘ) ૧ આ **રાતો** ઘોડો મારો છે.
૨ આ **રાતી** ઘોડી તારી છે.
૩ આ **રાતું** પંખી મારું છે.
૪ આ **રાતા** ઘોડાઓ મારા છે.

રાતો એ કોનું વિશેષણ છે?—**ઘોડો** એ નામનું.

રાતો એ વિશેષણ કઈ જાતિ સૂચવે છે?—**નરજાતિ.**

એજ રીતે **રાતી** એ વિશેષણ **ઘોડી** એ નારી જાતિના નામની જાતિ લે છે, અને એનું રૂપ **નારી જાતિનું રૂપ** બને છે.

રાતું એ વિશેષણની જાતિ એજ રીતે **નાન્યતર** થાય છે. જે નામ સાથે વપરાયું છે તેની જાતિ એ વિશેષણ લે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાતા એ વિશેષણ **ઘોડાઓ** એ **બહુવચનના નામ** સાથે વપરાયું છે, તેથી તે જાતે પણ બહુવચનમાં છે.

આ પરથી જણાશે કે વિશેષણ, નામની જાતિ અને તેના વચન પ્રમાણે રૂપ બદલે છે.

આમ **કેટલાંક વિશેષણ** પોતાના **વિશેષ્યનાં જાતિ અને વચન** લઈને પોતાનાં રૂપ બદલે છે. વિશેષણ રૂપ બદલે છે, એટલે કે તેના રૂપમાં ફેરફાર અથવા **વિકાર** થાય છે.

વિશેષ્યની જાતિ અને તેના વચન પ્રમાણે જેના રૂપમાં વિકાર થાય છે, તે **વિકારી વિશેષણ** કહેવાય છે.

(ङ) ૧ આ **લાલ** ઘોડો મારો છે.
૨ આ **લાલ** ઘોડી મારી છે.
૩ આ **લાલ** પંખી મારું છે.

ઉપલાં વાકયોમાં **લાલ** એ વિશેષણ જુદી જુદી જાતિનાં નામો સાથે વપરાયું છે, પણ એના રૂપમાં કંઈ ફેરફાર કે વિકાર થયો નથી.

આ પ્રકારનાં વિશેષણો નામની જાતિ અને તેના વચન પ્રમાણે રૂપ બદલતાં નથી, પણ પોતાના મૂળ રૂપમાંજ રહે છે. એના રૂપમાં ફેરફાર કે **વિકાર થતો નથી.**

જે વિશેષણનાં રૂપ તેના વિશેષ્ય પ્રમાણે બદલાતાં નથી, પરંતુ જે હમેશ તેનાં મૂળ રૂપમાંજ રહે છે તેને **અવિકારી વિશેષણ** કહે છે.

વિકારી વિશેષણનું બહુવચન કેમ થાય છે?

એકવચન	બહુવચન
સારો છોકરો	સારા છોકરાઓ
સારી છોકરી	સારી છોકરીઓ
સારું છોકરું	સારાં છોકરાંઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરનાં રૂપો સરખાવતાં માલૂમ પડશે કે **વિશેષણનું** બહુવચનનું રૂપ નર અને નાન્યતર જાતિમાં ફેરવાય છે. નર જાતિમાં **ઓ** નો **આ** થાય છે, અને નાન્યતર જાતિમાં ઉં નું **આં** થાય છે.

મનોયત્ન : ૩૦

નીચેનાં વાક્યોમાં વિશેષણ વિકારી કે અવિકારી છે તે કહો:

૧ **પેલું** ઝાડ **લીલું** છે, પણ આ ઝાડ **સૂકું** છે.
૨ **રાતો** ઘોડો મારો છે, પણ **લાલ** ઘોડી તેની છે.
૩ **સારાં** પુસ્તકો વાંચવાં એટલુંજ નહિ, પણ તેનું મનન કરવું.
૪ **પેલો** છોકરો **બેવકૂફ** છે.
૫ **ડાહ્યો** દુશ્મન **સારો**, પણ **મૂર્ખ** મિત્ર નકામો.
૬ શિયાળામાં આપણે **ગરમ** કપડાં પહેરીએ છીએ.
૭ રેતીના રણમાં ખૂબ **ઊનો** પવન વાય છે.

મનોયત્ન : ૩૧

નીચેનાં વાક્યોમાંનાં વિશેષણો કયા પ્રકારનાં છે તે કહો:

૧ **કેટલાક** માણસોનું મન **ચંચળ** હોય છે.
૨ **દુષ્ટ** માણસોનું હૃદય **કઠોર** હોય છે.
૩ મને **થોડું** પાણી આપો.
૪ **કયું** પુસ્તક તમારે જોઈએ છે?
૫ **કેટલા** દાખલા તમે ગણી કાઢ્યા?
૬ **આ** વાત હું તમને કાલે કહીશ.
૭ **પેલા** છોકરાઓને અહીં બોલાવો.

ક્રિયાપૂરક વિશેષણ અથવા વિધિવાચક વિશેષણ

કેટલાંક વિશેષણો નામની આગળ તેમજ નામની પાછળ આવે છે તે તમે શીખી ગયા છો; દા. ત.,

૧ આ ધોળું ફૂલ છે. ૨ આ ફૂલ ધોળું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજા વાકયમાં **ધોળું** એ શબ્દ, **છે** ક્રિયાપદને ઉદ્દેશ્ય વિશે પૂરો અર્થ કહેવામાં મદદ કરે છે, એટલે એ **ક્રિયાપૂરક** છે.

નામની પાછળ આવનારું વિશેષણ ક્રિયાપૂરકનું કામ કરે છે, તેથી તે **ક્રિયાપૂરક વિશેષણ**, અથવા **વિધિવાચક વિશેષણ** કહેવાય છે. (વિધિવાચક એટલે ક્રિયાની સાથે આવી કંઈક કહેનાર)

વિશેષણ કોના કોના અર્થમાં વધારો કરે છે?

(i) ૧ **હોશિયાર** છોકરો સૌને ગમે છે. ૨ આ પેન્સીલ **લાલ** છે.
વિશેષણ અહીં નામના અર્થમાં વધારો કરે છે.

(ii) ૧ તે **ડાહ્યો** છે. ૨ તેઓ **ભલા** છે.
વિશેષણ અહીં સર્વનામના અર્થમાં વધારો કરે છે.

(iii) ૧ ગંગા **બહુ** લાંબી નદી છે.
૨ છોકરો **ઘણું** લાંબું અંતર ચાલ્યો.
વિશેષણ અહીં બીજા વિશેષણના અર્થમાં વધારો કરે છે.

(iv) ૧ રામ **ઘણો** જલદી આવ્યો.
વિશેષણ અહીં ક્રિયાવિશેષણના અર્થમાં વધારો કરે છે.

મનોયત્ન : ૩૨

નીચેનાં વિશેષણ કોના અર્થમાં વધારો કરે છે તે કહો:

૧ સમુદ્રમાં **ખારું** પાણી મળશે.
૨ તે **બહુ દુષ્ટ** છે.
૩ તમે કેમ **બહુ** મોડા આવ્યા?
૪ વનમાં **બહુ સુંદર** હરિયાળી ઊગી છે.
૫ આંબા ઉપર **મોટી મોટી** કેરીઓ લચી રહી છે.
૬ પ્રભાતે સૂર્યનાં કિરણ **કોમળ** હોય છે.
૭ **પેલા** તળાવમાં **રમણીય** કમળો ઊગેલાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૦

ક્રિયાપદ અને તેના પ્રકાર

તમે શીખી ગયા છો કે જે ક્રિયાપદને કર્મ હોય છે તે **સકર્મક**, અને જેને કર્મ હોતું નથી તે **અકર્મક** ક્રિયાપદ કહેવાય છે. વળી કેટલાંક ક્રિયાપદોને બે કર્મો હોય છે; તે પણ તમે શીખી ગયા છો.

મુખ્ય કર્મ અને ગૌણ કર્મ



રાજાએ ખેડૂતને ગાય આપી.

ઉપરનું વાકય વાંચો. એમાં **ખેડૂતને** અને **ગાય** એ બે કર્મો છે.

આપવાની ક્રિયા કોણે કરી છે? **રાજાએ.**

એ ક્રિયાપદની અસર પહેલાં કોના પર થઈ છે?—**ગાય પર.** આપવાનું કામ, આપવાની વસ્તુ ગાયથી શરૂ થાય છે.

પછી એ ક્રિયાની અસર કોના પર થાય છે?—**ખેડૂત પર.**

જ્યારે ગાય ખેડૂતના હાથમાં સોંપાય છે, ત્યારે આપવાની ક્રિયા પૂરી થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ રીતે, વાકયમાં જ્યારે બે કર્મો આવે છે, ત્યારે જે કર્મ પર પહેલી અને સીધી અસર થાય તે **મુખ્ય કર્મ** કહેવાય છે; અને જે કર્મ પર છેવટે પહેલા કર્મને લઈને અસર થાય, તે કર્મ **ગૌણ કર્મ** કહેવાય છે.

ગાય એ મુખ્ય કર્મ છે. **ખેડૂતને** એ ગૌણ કર્મ છે.

મુખ્ય અને ગૌણ કર્મો શોધવાની રીત

વાકયમાં જો બે કર્મો હોય તો ક્રિયાપદની સાથે '**શું**' વાપરી પ્રશ્ન પૂછવો. જે કર્મ જવાબમાં આવે તે **મુખ્ય કર્મ** હોય છે. ક્રિયાપદની સાથે '**કોને**' વાપરી પ્રશ્ન પૂછવાથી જે કર્મ જવાબમાં આવે તે **ગૌણ કર્મ** હોય છે.

સંયુક્ત ક્રિયાપદ

૧ તું કેરી **ખા.**	૧ તું કેરી **ખાઈ જા.**
૨ તું હાથ **ધો.**	૨ તું હાથ **ધોઈ નાખ.**
૩ તે **પડયો.**	૩ તે **પડી ગયો.**

બંને ખાનાનું પહેલું વાકય લો.

ખા એ ક્રિયાપદ ખાવાનો અર્થ સૂચવે છે.

ખાઈ જા એ ક્રિયાપદમાં **ખાઈ** અને **જા** એમ બે ક્રિયાપદો ભેગાં આવેલાં છે. હવે એ બંને ક્રિયાપદોનો કંઈ જુદો જુદો અર્થ કરવાનો નથી, પરંતુ એ બંને ભેગાં મળીને જ ક્રિયાપદનો અર્થ થાય છે.

ખાઈ જા એ ક્રિયાપદમાં **ખા** અને પછી **જા** એવો કંઈ અર્થ નથી, પરંતુ **જા** એ ક્રિયાપદ ખાવાની ક્રિયા જલદીથી કરવી એવો અર્થ સૂચવવા વપરાયેલું છે; અને તેથી **ખાઈ જા** એટલે **જલદીથી ખા** એવો એ બે ક્રિયાપદોનો ભેગો અર્થ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એજ રીતે **ધોઈ નાખ** એ ક્રિયાપદનો અર્થ **ધો** અને **નાખી દે** એવો નથી, પણ તેનો અર્થ **જલદીથી ધોવાનું કામ પૂરું કર** એવો છે.

પડી ગયો એ ક્રિયાપદનો અર્થ **પડી** અને **ગયો** એમ નથી, પણ **પડવાની ક્રિયા એકદમ પૂરી થઈ** એવો છે.

આવી રીતે, જ્યારે બે ક્રિયાપદો સાથે આવીને પોતપોતાનો જુદો અર્થ નહિ, પણ ભેગાં મળીને એક જ અર્થ ઉત્પન્ન કરે, ત્યારે તે **સંયુક્ત ક્રિયાપદ** કહેવાય છે. [સંયુક્ત એટલે જોડાયેલું.]

આવાં સંયુક્ત ક્રિયાપદોમાં છેલ્લું ક્રિયાપદ આગલા ક્રિયાપદના અર્થમાં વધારો કરે છે; દા. ત. : **જા** એ **ખાઈના** અર્થમાં વધારો કરે છે.

મનોયત્ન : ૩૩

ઘટતું ક્રિયાપદ મૂકી સંયુક્ત ક્રિયાપદ બનાવો :

૧ રમણ, તું બોર ખાઈ ———— .
૨ તેણે પથરો ફેંકી ———— .
૩ સતીએ પાણી ઢોળી ———— .
૪ બાળકે પંખી ———— દીધું.
૫ સાંજે અમે ગામથી આવી ———— .
૬ ગૌરીનો હાથ દાઝી ———— .
૭ બ્રાહ્મણો મંત્રો ———— લાગ્યા.

અપૂર્ણ ક્રિયાવાચક ક્રિયાપદ (અકર્મક)

अ	ब
૧ હરિ ઊંઘે છે.	૧ તે થયો.
૨ પંખી ગાય છે.	૨ હિમાલય છે.

ઉપરનાં બધાં ક્રિયાપદો—ઊંઘે છે, ગાય છે, થયો, છે—અકર્મક છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અ ના પહેલા વાક્યમાં **ઊંઘે છે** એ ક્રિયાપદ છે, અને **હરિ** એ ઉદ્દેશ્ય છે.

બીજા વાક્યમાં **ગાય છે** એ ક્રિયાપદ છે, અને **પંખી** એ ઉદ્દેશ્ય છે.

આ બંને વાક્યોનો અર્થ આપણને પૂરેપૂરો સમજાય છે. એ વાક્યમાંના અકર્મક ક્રિયાપદો તેના ઉદ્દેશ્યને વિશે પૂરેપૂરી હકીકત કહી શકે છે.

હવે **બ** નાં વાક્યો વાંચો. પહેલા વાક્યમાં **થયો** એ અકર્મક ક્રિયાપદ છે, અને **તે** એ ઉદ્દેશ્ય છે. આ વાક્યનો અર્થ પૂરેપૂરો સમજાય છે?—ના, એ વાક્યમાં **તે શું થયો?** એ હકીકત મળતી નથી, તેથી વાક્યનો અર્થ અધૂરો રહે છે.

બીજા વાક્યમાં, **હિમાલય શું છે?** એ વસ્તુ વાક્યમાં કહેવાઈ નથી, તેથી વાક્યનો અર્થ અધૂરો રહે છે.

એ બંને વાક્યોને નીચે પ્રમાણે લખવાથી પૂરા અર્થવાળાં કરી શકાય.

૧ તે **પ્રધાન** થયો.   ૨ હિમાલય **પર્વત** છે.

પહેલા વાક્યમાં **પ્રધાન** એ શબ્દ ક્રિયાપદનો અર્થ પૂરો કરે છે. તેજ પ્રમાણે બીજા વાક્યમાં **પર્વત** એ શબ્દ ક્રિયાપદનો અર્થ પૂરો કરે છે.

આ ઉપરથી જણાશે કે કેટલાંક અકર્મક ક્રિયાપદો પોતાના ઉદ્દેશ્યને વિશે પૂરેપૂરી હકીકત એકલાં કહી શકતાં નથી. તેમને અર્થ પૂરો કરવાને બીજાં પદની જરૂર પડે છે. ક્રિયાપદને અર્થ પૂરો કરવામાં મદદ કરનારું પદ **ક્રિયાપૂરક** કહેવાય છે.

જે અકર્મક ક્રિયાપદ પોતાના ઉદ્દેશ્ય વિશે પૂરેપૂરી હકીકત કહી શકતું નથી, તે ક્રિયાપદ **અપૂર્ણ ક્રિયાવાચક** કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'છે' ક્રિયાપદનો ખાસ પ્રયોગ

૧ એક રાજા હતો. ૨ ઇશ્વર છે.

પહેલા વાક્યમાં **હતો** એ ક્રિયાપદ વાક્યમાં સ્વતંત્ર રીતે એકલું આવીને રાજાની ભૂતકાળની **હયાતી** સૂચવે છે.

બીજા વાક્યમાં **છે** ક્રિયાપદ ઈશ્વરની હયાતીનું સૂચન કરે છે.

આ રીતે જ્યારે 'છ' ધાતુનું ક્રિયાપદ હયાતી સૂચવવાના અર્થમાં આવે, ત્યારે તે અપૂર્ણ ક્રિયાવાચક હોતું નથી, અને તેથીજ એને ક્રિયાપૂરકની જરૂર રહેતી નથી.

૩ મગન અહીં છે.

આ વાક્યમાં **છે** એ મગનનું હોવાપણું સૂચવે છે, અને **અહીં** એ શબ્દ મગનના હોવાનું સ્થાન સૂચવે છે. આમ **અહીં** એ ક્રિયાવિશેષણનું કાર્ય કરે છે; એ ક્રિયાપૂરક નથી.

અપૂર્ણ ક્રિયાવાચક ક્રિયાપદ (સકર્મક)

અ	વ
૧ મેં ચોપડી વાંચી.	૧ રાજાએ તેને બનાવ્યો.
૨ હું તેને ચાહું છું.	૨ તેણે અરવિંદને કહ્યો.
૩ અમે ફૂલ વીણ્યાં.	૩ મેં તેને ધાર્યો.

અનાં વાકયોમાં વપરાયલાં ક્રિયાપદો–**વાંચી, ચાહું છું** તથા **વીણ્યાં**–એ બધાં સકર્મક ક્રિયાપદ છે. પહેલા વાકયમાં **મેં** એ ઉદ્દેશ્ય છે, **વાંચી** એ ક્રિયાપદ છે, અને **ચોપડી** એ કર્મ છે. એ વાકયનો અર્થ પૂરેપૂરો સમજાય છે. એજ રીતે બીજા અને ત્રીજા વાકયનો અર્થ પૂરેપૂરો સમજાય છે.

આ ઉપરથી જણાશે કે જો ક્રિયાપદ સકર્મક હોય, અને તે કર્મ સહિત આવે, તો તે પોતાનો અર્થ પૂરેપૂરો કહી શકે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે **ત્રણ**નાં વાકયો વાંચો: પહેલા વાકયમાં **રાજાએ** એ ઉદ્દેશ્ય છે, **બનાવ્યો** એ સકર્મક ક્રિયાપદ છે, અને **તેને** એ તેનું કર્મ છે.

હવે એ વાકયનો અર્થ પૂરેપૂરો સમજાય છે?—ના, કારણ કે રાજાએ **તેને શું બનાવ્યો**—સેનાપતિ કે સૈનિક—તે સમજાતું નથી. તેથી એ વાકયમાં આવેલું **બનાવ્યો** એ સકર્મક ક્રિયાપદ પોતાના કર્મ સાથે આવેલું હોવા છતાં, વાકયનો અર્થ પૂરેપૂરો જણાવી શકતું નથી. એજ રીતે, બીજા વાકયમાં અરવિંદને **તેણે શું કહ્યો**—મૂર્ખ કે ડાહ્યો—તે સમજાતું નથી. એ વાકયમાં આવેલું **કહ્યો** એ સકર્મક ક્રિયાપદ પોતાના કર્મ સાથે આવેલું હોવા છતાં, વાકયનો અર્થ પૂરેપૂરો જણાવી શકતું નથી.

ત્રીજા વાકયમાં, **ધાર્યો** એ ક્રિયાપદ પોતાના કર્મ સહિત હોવા છતાં, વાકયનો અર્થ પૂરેપૂરો જણાવી શકતું નથી.

ઉપરનાં ત્રણે વાકયોને નીચે પ્રમાણે લખવાથી પૂરેપૂરા અર્થવાળાં કરી શકાય :

૧ રાજાએ તેને **સેનાપતિ** બનાવ્યો.
૨ તેણે અરવિંદને **ડાહ્યો** કહ્યો.
૩ મેં તેને **વિદ્યાર્થી** ધાર્યો.

સેનાપતિ એ શબ્દ **બનાવ્યો** એ સકર્મક ક્રિયાપદના અર્થને પૂરો કરે છે. તેવીજ રીતે **ડાહ્યો** એ શબ્દ **કહ્યો** ક્રિયાપદના અર્થને, અને **વિદ્યાર્થી** એ **ધાર્યો** ક્રિયાપદના અર્થને પૂરો કરે છે.

આ ઉપરથી જણાશે કે કેટલાંક સકર્મક ક્રિયાપદો પોતાના કર્મ સાથે આવવા છતાં, વાકયમાં પૂરેપૂરો અર્થ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દર્શાવી શકતાં નથી. તેઓને કોઈ બીજાં પદની જરૂર પડે છે. આવાં સકર્મક ક્રિયાપદો અપૂર્ણ ક્રિયાવાચક કહેવાય છે.

જે સકર્મક ક્રિયાપદ વાક્યમાં પૂરો અર્થ દર્શાવી શકતું નથી, તે **અપૂર્ણ ક્રિયાવાચક ક્રિયાપદ** કહેવાય છે.

મનોયન : ૩૪

નીચેનાં વાક્યોમાંથી ક્રિયાપદો શોધી તે અપૂર્ણ ક્રિયાવાચક કે સંયુક્ત ક્રિયાપદ છે તે કહો :

૧ આનંદીલાલે કામ કરી નાખ્યું.
૨ અમે તેને ડાહ્યો ધાર્યો.
૩ તાજમહાલ સુંદર આરસની કૃતિ છે.
૪ વાત વાતમાં અમે તેને મૂર્ખ બનાવ્યો.
૫ અરવિંદાએ પ્યાલું ભાંગી નાખ્યું.
૬ આવતે વરસે મારો ભાઈ વૈદ્ય થશે.
૭ મારાથી કડવા શબ્દો બોલી પડાયા.
૮ રાજાએ રામરાવને પ્રધાન નીમ્યો.
૯ એક કલાકમાં હું આખું અંતર દોડી ગયો.

પ્રકરણ : ૧૧

ક્રિયાપદના અર્થ

આજ્ઞાર્થ

૧ ઘંટ વગાડ. **૨ નીચે બેસ.**

ઉપરનાં વાક્યો વાંચો. **વગાડ** એ ક્રિયાપદ ઘંટ વગાડવાની આજ્ઞા દર્શાવે છે. **બેસ** એ ક્રિયાપદ શાની આજ્ઞા દર્શાવે છે?—એ બેસી જવાની આજ્ઞા દર્શાવે છે. આથી એમાં બેસી જવાની આજ્ઞાનો અર્થ રહેલો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ બંને ક્રિયાપદોમાં આજ્ઞાનો અર્થ રહેલો છે. જ્યારે ક્રિયાપદ આજ્ઞાનો અર્થ સૂચવે, ત્યારે એ ક્રિયાપદ **આજ્ઞાર્થનું** કહેવાય છે.

વિધ્યર્થ (ફરજનો અર્થ)

૧ હમેશાં સત્ય **બોલવું.** ૨ રોજ વહેલા **ઊઠવું જોઈએ.**

પહેલા વાક્યમાં કઈ ક્રિયા કરવાની ફરજ બતાવાઈ છે? સત્ય બોલવાની. ત્યારે **બોલવું** એ ક્રિયાપદમાં શાનો અર્થ સમાયેલો છે? બોલવાની ક્રિયા કરવાની ફરજનો.

ઊઠવું જોઈએ એ ક્રિયાપદ કઈ ક્રિયા કરવાની ફરજ દર્શાવે છે? વહેલા ઊઠવાની ક્રિયા કરવાની ફરજ.

ત્યારે **ઊઠવું જોઈએ** એ ક્રિયાપદમાં શાનો અર્થ સમાયેલો છે?—ફરજનો.

હવે ફરજને સંસ્કૃતમાં **વિધિ** કહે છે, તેથી આ ક્રિયાપદો (વિધિ + અર્થ) વિધ્યર્થમાં (ફરજના અર્થમાં) વપરાયેલાં કહેવાય.

ક્રિયાપદ જ્યારે વિધિ એટલે ફરજનો અર્થ સૂચવે, ત્યારે તેનો અર્થ **વિધ્યર્થ** કહેવાય છે.

આશીર્વાદ અર્થ

૧ પ્રભુ તમને લાંબુ **જીવાડે.**
૨ તારું કલ્યાણ **થાઓ.**
૩ ભાઈ, સુખી **થાઓ.**

ઉપરનાં વાક્યોમાં બોલનાર માણસ પોતાની શુભ ઈચ્છા કે આશીર્વાદ સામાને આપે છે, તેથી એનાં ક્રિયાપદો **આશીર્વાદ અર્થમાં** વપરાયાં છે.

ક્રિયાપદમાં જ્યારે આશીર્વાદનો અર્થ રહેલો હોય છે, ત્યારે તે **આશીર્વાદ અર્થનું** કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોયત્ન : ૩૫

નીચેનાં વાક્યોમાં ક્રિયાપદો કયા અર્થમાં છે તે કહો :

૧ ઘરમાં આવો.
૨ સારા અક્ષરે બધું લખવું જોઈએ.
૩ બાગમાં જા.
૪ તમારે વડીલો સાથે વિવેકથી વર્તવું જોઈએ.
૫ તમારા પર ઈશ્વરની મહેર રહો.
૬ રમેશ, તારી ચોપડી લઈ જા.
૭ સવારે આપણે પ્રાર્થના કરવી જોઈએ.
૮ ફૂલ ચૂંટી લાવ.

સંશયાર્થ

૧ તે કદાચ **આવ્યો હોય.**
૨ મગન ઘરમાં **હોય** પણ ખરો.

ઉપરના પહેલા વાક્યમાં **આવ્યો હોય** એ ક્રિયાપદ વડે તે ખરેખર આવ્યો છે એમ ચોક્કસ જણાતું નથી, પરંતુ તે આવ્યો હોય કે ન પણ આવ્યો હોય, એવો શંકા ભરેલો અર્થ સૂચવાયો છે.

એજ રીતે, બીજા વાક્યમાં **હોય** એ ક્રિયાપદ વડે મગન ઘરમાં હોય કે ન પણ હોય, એવો શંકાભરેલો અર્થ સૂચવાયો છે.

આ રીતે એ બંને ક્રિયાપદો શંકા કે સંશયના અર્થમાં વપરાયાં છે, તેથી એ સંશયાર્થનાં કહેવાય છે.

ક્રિયાપદ જ્યારે સંશય કે શંકાનો અર્થ દર્શાવે છે, ત્યારે તે **સંશયાર્થનું** કહેવાય છે.

નિશ્ચયાર્થ

૧ પંખી **ઊડે છે.** ૨ માલિની **વાંચે છે.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરના પહેલા વાક્યમાં, **ઊડે છે** એ ક્રિયાપદ પંખીની ઊડવાની ક્રિયા ચોક્કસ થઈ રહી છે એમ જણાવે છે. એમાં પંખીના ઊડવા વિશે કોઈ પણ જાતની શંકા દર્શાવી નથી. **ઊડે છે** એ ક્રિયાપદ પંખીની ઊડવાની ક્રિયા થાય છે એમ **નિશ્ચયપૂર્વક** કહે છે. આમ એ ક્રિયાપદ નિશ્ચયનો અર્થ બતાવવા વપરાયું છે, તેથી તે **નિશ્ચયાર્થનું** કહેવાય છે.

તેવી જ રીતે, **વાંચે છે** એ ક્રિયાપદ વાંચવાની ક્રિયા નક્કી થાય છે એમ જણાવે છે. એ ક્રિયાપદ પણ નિશ્ચયાર્થનું છે.

ક્રિયાપદ જ્યારે નિશ્ચય કે નક્કીપણાનો અર્થ સૂચવે, ત્યારે તે **નિશ્ચયાર્થનું** કહેવાય છે.

સંકેતાર્થ (શરતનો અર્થ)

૧ જો તમે **આવો**, તો મોહનને આનંદ થશે.

૨ જો વરસાદ ન **થાય**, તો દુકાળ પડે.

ઉપરના પહેલા વાક્યમાં **આનંદ થશે** એમ કહ્યું છે. પણ તે આનંદ થવાનો આધાર શાના ઉપર છે?—એ આનંદ થવાનો આધાર તેના આવવા ઉપર રહેલો છે. જો તે આવે તોજ આનંદ થાય; નહિ, તો નહિ. એટલે તેના આવવાની શરત પૂરી થાય તો મોહનને આનંદ થાય.

આ ઉપરથી સમજાશે કે **આવો** ક્રિયાપદ શરત કે સંકેત સૂચવે છે. **આવો** એટલે જો આવો તો—આવવાની શરત પૂરી કરો તો.

એજ પ્રમાણે, બીજા વાક્યમાં, **વરસાદ ન થાય એ શરત** પૂરી પડે તોજ દુકાળ પડે એવો અર્થ સમજાય છે. તેથી **થાય** ક્રિયાપદ શરતનો અર્થ સૂચવે છે. (શરત માટે બીજો શબ્દ **સંકેત** છે)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યારે ક્રિયાપદ શરત કે **સંકેતનો અર્થ** સૂચવે, ત્યારે તે **શરતના અર્થમાં** કે **સંકેતાર્થમાં** વપરાયલું કહેવાય છે.

મનોયત્ન : ૩૬

નીચેનાં વાક્યોમાં ક્રિયાપદો કયા કયા અર્થમાં વપરાયાં છે તે કહો :

૧ મારા પિતા ઘેર ન પણ હોય.
૨ મગન આવે તો હુંયે આવું.
૩ અમે સૌએ હિમાલયનું દર્શન કર્યું.
૪ દુકાનદારે ઘરાકને છેતરવા નહિ.
૫ જો તમે કસરત કરો, તો તમારું શરીર સારું થાય.
૬ મારી દાદીએ કાશીની જાત્રા કરી છે.
૭ સાંભળેલી વાત ખરી પણ હોય.
૮ પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે.
૯ વસંતમાં ફૂલો ખૂબ ખીલે છે.

મનોયત્ન : ૩૭

નીચેનાં ક્રિયાપદો જુદા જુદા અર્થમાં વાપરી વાક્ય બનાવો :

રમવું, વગાડવું, નાચવું, કૂદવું, ચીતરવું, ગાવું, નહાવું, સૂવું, ફરવું, જમવું, જોવું, બોલવું, વીનવવું.

પ્રકરણ : ૧૨

પ્રયોગ

૧ છોકરો દોડ્યો. ૨ છોકરી દોડી.

છોકરો એ નામ કયા વચનમાં છે? **એકવચનમાં.** **દોડયો** એ ક્રિયાપદ કયા વચનનું છે? **એકવચનનું.**

એજ રીતે, બીજા વાક્યમાં **છોકરી** એ નારી જાતિ, એકવચનનું નામ છે, અને તેની સાથે સંબંધ ધરાવતું ક્રિયાપદ **દોડી** એ પણ નારી જાતિ એકવચનનું રૂપ લે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ઉપરથી તમને સમજાશે કે ક્રિયાપદ જે નામ સાથે સંબંધ ધરાવે તે નામનાં જાતિ અને વચનનાં રૂપ લે છે.

(૧) કર્તરિ પ્રયોગ



૧ હું કમળ જોઉં છું.
+ +
૨ અમે કમળ જોઈએ છીએ.
+ +

૩ હું જાઉં છું. ૪ અમે જઈએ છીએ.
૫ છોકરો ગયો. ૬ છોકરું ગયું.

પહેલા વાક્યમાં **જોઉં છું** એ ક્રિયાપદ પહેલા પુરુષ એક વચનમાં છે, કારણ કે તેનો કર્તા હું પહેલા પુરુષ એક વચનમાં છે. તેવી જ રીતે, બીજા વાક્યમાં **જોઈએ છીએ** એ ક્રિયાપદ **અમે** એ કર્તા સાથે સંબંધ રાખીને પહેલા પુરુષ બહુ વચનમાં છે. એ બંને વાક્યોમાં કર્મ એકજ હોવા છતાં ક્રિયાપદ તેના કર્તાઓનાં વચન પ્રમાણે રૂપ લે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રીજા અને ચોથા વાક્યમાં, **જાઉં છું** અને **જઈએ છીએ** એ ક્રિયાપદો પોતાના કર્તાના વચન પ્રમાણે **રૂપ** બદલે છે. પાંચમા અને છઠ્ઠા વાક્યમાં **છોકરો** એ રૂપ નરજાતિ એક વચનમાં છે, તેથી તેનું ક્રિયાપદ **રમ્યો** પણ નર જાતિ એક વચનમાં છે; **છોકરું** નાન્યતર જાતિ એકવચનમાં છે, તેથી તેનું ક્રિયાપદ **રમ્યું** પણ નાન્યતર જાતિ એકવચનમાં છે.

આ ઉપરથી જણાશે કે અહીં ક્રિયાપદ કર્તાનાં જાતિ અને વચન પ્રમાણે પોતાનાં રૂપ બદલે છે. જ્યારે ક્રિયાપદ તેના કર્તાની સાથે સંબંધ રાખી કર્તા પ્રમાણે પોતાનું રૂપ લે છે, ત્યારે ક્રિયાપદ **કર્તરિ પ્રયોગનું** કહેવાય છે.

કર્તરિ પ્રયોગ એટલે ક્રિયાપદનો કર્તાના સંબંધમાં પ્રયોગ કે વપરાશ.

નોંધ:—(૧) કર્તરિ પ્રયોગનું ક્રિયાપદ અકર્મક કે સકર્મક બંને હોય છે.

(૨) તેનો કર્તા પહેલી વિભક્તિમાં જ રહે છે.

(૩) ક્રિયાપદ કર્તા પ્રમાણે જ પોતાનાં રૂપ બદલે છે.

(૨) કર્મણિ પ્રયોગ



૧ મેં કમળ જોયું.
+ +

૨ મેં કમળો જોયાં.
+ +

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩ મગનથી **ચોપડો વંચાયો.** ૪ મગનથી **ચોપડી વંચાઈ.**
+ + + +
૫ મગનથી **પુસ્તક વંચાયું.**
+ +

પહેલા અને બીજા વાકયમાં કર્તા **મેં** છે, પરંતુ ક્રિયાપદ **જોયું** અને **જોયાં** એ જુદા જુદા વચનમાં છે. આ ઉપરથી સમજાય છે કે એનો કર્તા કાયમ હોવા છતાં, એનાં ક્રિયાપદનાં રૂપ કાયમ રહ્યાં નથી. અહીં ક્રિયાપદોનાં રૂપ કોનાં પ્રમાણે બદલાયાં છે? કર્મ પ્રમાણે. પહેલા વાકયમાં કર્મ એકવચનમાં છે, તેથી ક્રિયાપદ પણ એકવચનમાં છે; અને બીજા વાકયમાં કર્મ બહુવચનમાં છે, તેથી ક્રિયાપદ પણ બહુવચનમાં છે. આ ઉપરથી જણાશે કે કર્મનું વચન બદલાતાં ક્રિયાપદનું વચન પણ બદલાયું.

હવે ત્રીજું, ચોથું અને પાંચમું વાકય વાંચો. એમાં **ચોપડો, ચોપડી** અને **પુસ્તક** ત્રણે નામો એકવચનમાં છે, પણ એની જાતિ જુદી જુદી છે. તેથી તેની સાથે સંબંધ રાખતાં ક્રિયાપદો **વંચાયો, વંચાઈ** અને **વંચાયું** એ જુદી જુદી જાતિમાં આવ્યાં છે.

આ ઉપરથી જણાશે કે ક્રિયાપદ કેટલીક વાર કર્મની જાતિ અને તેના વચન પ્રમાણે પોતાનાં રૂપ બદલે છે. જ્યારે ક્રિયાપદ કર્મ પ્રમાણે પોતાનું રૂપ લે, ત્યારે તે ક્રિયાપદનો **કર્મણિ પ્રયોગ** કહેવાય છે.

કર્મણિ પ્રયોગ એટલે ક્રિયાપદનો કર્મના સંબંધે પ્રયોગ કે વપરાશ.

નોંધ—કર્મણિ પ્રયોગમાં :

૧ ક્રિયાપદ સકર્મક હોવું જોઈએ.

૨ કર્તા ત્રીજી અથવા પાંચમી વિભક્તિમાં હોવો જોઈએ.

૩ ક્રિયાપદનાં રૂપ કર્મ પ્રમાણે ફરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩) ભાવે પ્રયોગ

૧ મગન કહે છે : મારાથી ચલાયું.

ચલાયું એ રૂપ કઈ જાતિનું છે?—એ **નાન્યતર જાતિનું** છે. એ વાકયમાં કર્તાનું રૂપ કઈ જાતિનું છે?—**નર જાતિનું.**

આ ઉપરથી સમજાશે કે અહીં ક્રિયાપદનો પ્રયોગ કર્તરિ નથી.

એ વાકયમાં કંઈ **કર્મ** છે?—ના. ત્યારે એ ક્રિયાપદ કર્મણિ પ્રયોગનું પણ હોઈ શકે નહિ.

હવે એ વાકયનો અર્થ સ્પષ્ટ કરીને ફરીથી લખીએ.

મગન કહે છે : મારાથી (ચાલવાનું) ચલાયું.

ઉપરના વાકયમાં **ચલાયું** એ ક્રિયાપદનું રૂપ કોની સાથે સંબંધ ધરાવે છે?—**ચાલવાનું** એ શબ્દ સાથે.

ચાલવાનું એટલે ચાલવાનું કામ.

ચાલવાનું શબ્દ આપણે શામાંથી ઉપજાવી કાઢીએ છીએ?—**ચાલવું** એ ક્રિયાપદમાંથી એ અર્થ ઉપજાવીએ છીએ, અને સમજીએ છીએ. એનો અર્થ ક્રિયાપદમાં જ રહેલો છે.

આથી જણાશે કે **ચાલવાનું** એ **ચલાયું** ક્રિયાપદમાં રહેલી ક્રિયાનું નામ છે. ક્રિયાના નામને માટે બીજો શબ્દ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાવ છે. એટલે **ચાલવાનું** એ **ચલાયું** ક્રિયાપદનો **ભાવ** છે. પોતાના ભાવ**ને** ઉદ્દેશીને ક્રિયાપદનો પ્રયોગ થયો હોવાથી, **તે ભાવે પ્રયોગ**નું છે.

જ્યારે ક્રિયાપદનું રૂપ તેમાંજ રહેલા **ભાવને ઉદ્દેશીને** પોતાનું રૂપ લે, ત્યારે તે **ભાવે પ્રયોગ**નું કહેવાય છે.

નીચેનાં વાક્યો વાંચો :

૨ સવારે **પેટમાં** દુખ્યું.

૩ મારાથી સીતાને કહેવાઈ ગયું.

સવારે પેટમાં દુખ્યું એ વાક્યમાં **દુખ્યું** એ ક્રિયાપદ પણ ભાવે પ્રયોગનું છે, કારણ કે એનું રૂપ એના ભાવના (દુઃખવાનું) રૂપ પ્રમાણેજ નાન્યતર જાતિના એકવચનમાં છે.

ત્રીજા વાક્યમાં, **કહેવાઈ ગયું** એ ક્રિયાપદ પણ ભાવે પ્રયોગમાં છે. શું કહેવાઈ ગયું ? (કહેવાનું) કહેવાઈ ગયું.

ભાવે પ્રયોગ એટલે ક્રિયાપદનો તેના ભાવના સંબંધે પ્રયોગ કે વપરાશ.

નોંધ : ભાવે પ્રયોગમાં :

(૧) ક્રિયાપદ મોટે ભાગે અકર્મક જ હોય છે. કોઈવાર સકર્મક આવે છે.
(૨) ભાવે પ્રયોગમાં કર્તા ત્રીજી, ચોથી કે પાંચમી વિભક્તિમાં હોય છે.
(૩) ક્રિયાપદ ક્રિયાના ભાવ સાથે સંબંધ રાખી રૂપ બદલે છે. તે હમેશાં નાન્યતરજાતિના એકવચનમાં રહે છે, કારણકે ક્રિયાનો ભાવ નાન્યતરજાતિ એકવચનનું નામ હોય છે.

મનોયત્ન : ૩૮

નીચેનાં વાક્યોમાં ક્રિયાપદ કયા પ્રયોગમાં છે તે કહો.

૧ રમણ રમે છે.	૧૧ છોકરાને ગાવું છે.
૨ અમે ચોપડી વાંચીએ છીએ.	૧૨ સીતાથી ઘેંટાને મરાઈ ગયું.
૩ સીતાએ પુસ્તક વાંચ્યું.	૧૩ અમે ગાયન ગાઈએ છીએ.
૪ મારાથી સોટી ખોવાઈ ગઈ.	૧૪ મારે રમવું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫ પગમાં દુ:ખે છે.
૬ મુક્તાથી હસાયું.
૭ હું રમત રમું છું.
૮ મેં રમત પૂરી કરી.
૯ મહેશથી વંચાયું નહિ.
૧૦ તેઓ જલેબી ખાય છે.
૧૫ બાળક રડવા લાગ્યું.
૧૬ ગળામાં ડૂમો આવ્યો.
૧૭ અમારાથી કામ થયું નહિ.
૧૮ મેં ભિખારીને બોલાવ્યો.

ક્રિયાનાથ

૧ છોકરો રમત રમ્યો.
૨ છોકરાએ કેરી ખાધી.

પહેલા વાકયમાં **રમ્યો** ક્રિયાપદ કયા નામ પ્રમાણે પોતાનું રૂપ લે છે?—**છોકરો એ નામ** પ્રમાણે.

બીજા વાકયમાં **ખાધી** એ ક્રિયાપદ કયા નામ પ્રમાણે પોતાનું રૂપ લે છે?—**કેરી એ નામ** પ્રમાણે.

આ ઉપરથી જણાશે કે પહેલા વાકયમાં **છોકરો** એ નામની સત્તા **રમ્યો** ક્રિયાપદ ઉપર ચાલે છે. બીજા વાકયમાં, **કેરી** એ પદની સત્તા **ખાધી** એ ક્રિયાપદ ઉપર ચાલે છે. આમ જે પદની સત્તા કે અધિકાર ક્રિયાપદ પર હોય, તે પદ પ્રમાણે ક્રિયાપદ પોતાનું રૂપ લે છે.

વાકયમાં જે પદ ક્રિયાપદ ઉપર અધિકાર કે સત્તા ધરાવે, તે પદ પોતાના ક્રિયાપદનો **ક્રિયાનાથ** કહેવાય છે.

૧ છોકરો રમત રમ્યો.
૨ છોકરીએ ચોપડી વાંચી.
૩ મગનથી (જવાતું) જવાયું નહિ.

પહેલા વાકયમાં ક્રિયાપદના ઉપર કર્તાનો અધિકાર છે, એટલે **કર્તા ક્રિયાનાથ** છે.

બીજા વાકયમાં ક્રિયાપદ ઉપર 'ચોપડી' એ કર્મનો અધિકાર છે, તેથી **કર્મ ક્રિયાનાથ** છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રીજા વાકયમાં ક્રિયાપદ ઉપર ક્રિયાપદનો ભાવ (જવાનું) નો અધિકાર છે, તેથી ત્યાં **ક્રિયાપદનો ભાવ ક્રિયાનાથ** છે. આ ઉપરથી જણાશે કે:

૧ કર્તરિ પ્રયોગના ક્રિયાપદમાં કર્તા ક્રિયાનાથ હોય છે.

૨ કર્મણિ પ્રયોગના ક્રિયાપદમાં કર્મ ક્રિયાનાથ હોય છે.

૩ ભાવે પ્રયોગના ક્રિયાપદમાં ક્રિયાપદનો ભાવ ક્રિયાનાથ હોય છે.

મનોયત્ન : ૩૯

૩૮મા મનોયત્નનાં વાક્યોમાંથી **ક્રિયાનાથ** શોધો.

પ્રકરણ : ૧૩

કૃદન્ત

૧ પેલો ઊગતો સૂર્ય જુઓ.
૨ પેલું ઊડતું પંખી ગાય છે.

પહેલા વાકયમાં **ઊગતો** એ કૃદન્ત છે.

ઊગવાની ક્રિયા ક્યારે થાય છે?—**અત્યારે**, એટલે **વર્તમાન કાળમાં**. આ રીતે **ઊગતો** એ કૃદન્ત વર્તમાન કાળ બતાવે છે. તેથી એ **કૃદન્ત વર્તમાન** કાળનું છે. બીજા વાકયમાં **ઊડતું** એ કૃદન્ત પણ વર્તમાન કાળ બતાવે છે.

વર્તમાન કાળ બતાવનારાં કૃદન્તો **વર્તમાન કૃદન્ત** કહેવાય છે.

૧ સવારે આણેલાં ફૂલ કરમાઈ ગયાં છે.
૨ કાલે કહેલી વાત યાદ રાખજો.
૩ ધાર્યું કામ થયું નહિ.

પહેલા વાકયમાં કૃદન્ત કયું છે?—**આણેલાં** એ કૃદન્ત છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આણેલાં એ કૃદન્ત ઉપરથી આણવાની ક્રિયા ક્યારે બની એમ સમજાય છે?—એ ક્રિયા અત્યાર પહેલાં એટલે ભૂત કાળમાં બનેલી એમ જણાય છે.

તેવીજ રીતે, **કહેલી** એ કૃદન્તથી સમજાય છે કે વાત ભૂતકાળમાં કહેવામાં આવી હતી. **ધાર્યું** એ કૃદન્ત પણ ધારવાનું કામ ભૂતકાળમાં થયેલું એમ સૂચવે છે.

આમ આ બધાં કૃદન્તો ક્રિયા ભૂતકાળમાં બની છે એમ સૂચવે છે.

ભૂતકાળ બતાવનારાં કૃદન્તો **ભૂતકૃદન્ત** કહેવાય છે.

ભવિષ્ય કૃદન્ત

૧ પેલો ધોવાનો ટુવાલ લાવો.
૨ હું કાલે ગામ જનાર છું.

પહેલા વાક્યમાં **ધોવાનો** એ કૃદન્ત છે, કારણ કે ધોવાનો એ શબ્દમાં ક્રિયાનો અર્થ રહેલો છે.

ટુવાલ ધોવાઈ ગયો છે, અત્યારે ધોવાય છે કે હજી ધોવાવાનો છે? હજી એ **ધોવાવાનો** છે, એટલે કે ધોવાની ક્રિયા ભવિષ્ય કાળમાં બનવાની છે.

આમ **ધોવાનો** એ કૃદન્ત ભવિષ્ય કાળ સૂચવે છે. એવી જ રીતે **જનાર** એ કૃદન્ત જવાની ક્રિયા હજી કાલે બનવાની છે, એમ સૂચવે છે.

ભવિષ્ય કાળ સૂચવનારાં કૃદન્ત **ભવિષ્ય કૃદન્ત** કહેવાય છે.

મનોયત્ન : ૪૦

નીચેનાં વાક્યોમાંથી કૃદન્ત શોધો અને તેના કાળ કહો :
૧ પેલો નાચતો મોર જુઓ.
૨ હસતું છોકરું સૌને ગમે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩ તમે ખરીદેલી વસ્તુ મને ગમી છે.
૪ વાંચવાનું પુસ્તક અહીં આણો.
૫ અમે જાત્રાએ જનાર છીએ.
૬ વેચવાનાં ફળને ટોપલીમાં ભરો.
૭ કુંભારે ટીપવાનાં માટલાં જુદાં મૂક્યાં.
૮ અમે થાકેલા ઘોડાને નવડાવ્યો.
૯ ભરડેલા ઘઉંની રાબડી બનાવી.
૧૦ હજી તો હું નહાવાનો છું.

ધાતુનામ કૃદન્ત કે સામાન્ય કૃદન્ત

૧ સવારે **ફરવું** એ ફાયદાકારક છે.
૨ હદ ઉપરાંત **ખાવું** સારું નથી.

ઉપરનાં વાક્યોમાં મોટા અક્ષરે છાપેલાં **કૃદન્ત** કોઈ પણ કાળનું સૂચન કરતાં નથી.

જે કૃદંત કાળનું સૂચન કરે નહિ તે કૃદન્તને **સામાન્ય કૃદન્ત** કહે છે. એ કૃદંત ક્રિયાપદના ધાતુનું નામ છે, તેથી તેને **ધાતુનામ કૃદંત** પણ કહી શકાય.

પૂર્વક્રિયાવાચક કૃદન્ત (સંબંધક કૃદન્ત)

૧ હું **રમીને** ઘેર ગયો.
૨ રમણ **જમીને** સૂઈ ગયો.

પહેલા વાક્યમાં રમીને એ કૃદન્તનો અર્થ **'રમ્યો અને'** એવો છે. (રમીને = રમ્યો અને). હું રમ્યો અને પછી ઘેર ગયો. જવાની ક્રિયા થઈ તે પહેલાં રમવાની ક્રિયા પૂરી થઈ એમ બતાવવા **'રમીને'** એ કૃદન્ત વપરાયું છે. આમ એ કૃદન્ત પોતાની ક્રિયાનો સંબંધ પાછળ બનેલી **ગયો** ક્રિયાપદમાંની ક્રિયા સાથે બતાવે છે.

એજ રીતે **જમીને** એ કૃદન્ત, જમવાની ક્રિયા **સૂઈ ગયો** એ ક્રિયાપદની ક્રિયા પહેલાં બની છે, એમ સૂચવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક ક્રિયા પહેલાં બીજી ક્રિયા બની હોય તો **તે** સૂચવવા જે કૃદન્ત વપરાય, તે **પૂર્વક્રિયાવાચક** કૃદન્ત કહેવાય છે. (એને **સંબંધક કૃદન્ત** પણ કહે છે.)

[પૂર્વક્રિયાવાચક એટલે આગળ બની ગયેલી ક્રિયા સૂચવનાર]

કૃદન્ત વાક્યમાં શું શું કામ કરે?

૧ સવારે **ફરવું** ફાયદાકારક છે.

આ વાક્યમાં **ફરવું** એ કૃદન્ત ક્રિયાપદના ઉદ્દેશ્ય તરીકે આવેલું છે; તેથી એ નામનું કામ કરે છે. અહીં એ કૃદન્ત તરીકે આવ્યું છે.

૧ અમે **દોડતો** ઘોડો જોયો. ૨ **ચાવેલું** અન્ન જલદી પચે છે.

પહેલા વાક્યમાં **દોડતો** એ કૃદન્ત **ઘોડો** એ નામના વિશેષણ તરીકે આવેલું છે. બીજા વાક્યમાં **ચાવેલું** એ કૃદન્ત પણ વિશેષણનું કાર્ય કરે છે, તેથી આ કૃદન્તો વિશેષણ છે.

૧ બાળક **દોડતાં** પડી ગયું.

આ વાક્યમાં **દોડતાં** એ કૃદન્ત ક્રિયાપદના અર્થમાં વધારો બતાવી ક્રિયાવિશેષણનું કાર્ય કરે છે. અહીં એ કૃદન્ત ક્રિયાવિશેષણ તરીકે આવ્યું છે. (દોડતાં એટલે દોડવાની ક્રિયા કરતી વખતે)

૧ **રમતું** બાળક સૌને ગમે છે.
૨ **રમતાં** બાળકો સૌને ગમે છે.

આ વાક્યોમાં **રમતું** અને **રમતાં** એ બે કૃદન્તો, બાળક અને બાળકો એ નામનાં વિશેષણ છે. એ અહીં ક્રિયાવિશેષણનું કાર્ય કરતાં નથી. 'રમતાં' એ રૂપ 'રમતું' એ રૂપનું બહુવચન છે.

નોંધ : કૃદન્ત જ્યારે ક્રિયાવિશેષણનું કાર્ય કરે છે, ત્યારે તેનું રૂપ હમેશાં નાન્યતરજાતિના બહુવચનના જેવું હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોયત્ન : ૪૧

નીચેનાં વાક્યોમાંથી કૃદન્ત ઓળખી તેનો પ્રકાર કહો :

૧ મંદિરમાં જઈને અમે પૂજા કરી.
૨ નિયમિત કસરત કરવાની ટેવ પાડો.
૩ રેંટિયો કાંતીને બાળકો ઘેર ગયાં.
૪ સારે અક્ષરે લખવું એ એક કળા છે.
૫ કોઈને મરવાનું ગમતું નથી.
૬ તાજમહાલ જોઈને અમે આનંદ પામ્યા.
૭ પાંજરું ઉઘાડીને પંખીને ઉડાડી મૂક્યું.

પ્રકરણ ૧૪

અવ્યય અને તેનું કાર્ય

૧ છોકરો **દોડયો.** ૩ છોકરી **દોડી.**
૨ છોકરાઓ **દોડયા.** ૪ કૂતરું છોકરાને **કરડયું.**

ઉપરનાં વાક્યોમાં તમે જોઈ શકો છો કે નામ અને ક્રિયાપદનાં રૂપો એક સરખાં રહેતાં નથી. જાતિ વચન અને વિભક્તિના પ્રત્યયો લાગીને તેમનાં રૂપમાં ફેરફાર થાય છે.

પ્રત્યયો લાગીને જે પદોનાં રૂપમાં ફેરફાર થાય છે, તે પદો **વ્યયી** પદો છે. [વ્યયી એટલે જેનાં રૂપમાં વ્યય અથવા ફેરફાર થાય તે.]

નીચે આપેલાં મોટા અક્ષરનાં બીજાં વ્યયી પદોનો અભ્યાસ કરો :

હું ગયો **અમે** ગયા	સર્વનામ
રાતો ઘોડો દોડયો **રાતી** ઘોડી દોડી	વિશેષણ
રામ **મોડો** આવ્યો વંદના **મોડી** આવી	ક્રિયાવિશેષણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અ	બ
૧ છોકરો **જલદી** દોડયો.	૧ હું **હમેશાં** નાહું છું.
૨ છોકરી **જલદી** દોડી.	૨ અમે **હમેશાં** નાહીએ છીએ.
૩ છોકરું **જલદી** દોડ્યું.	૩ તેઓ **હમેશાં** નહાય છે.

ઉપરનાં અનાં વાકયોમાં નામ તથા ક્રિયાપદોના રૂપમાં ફેરફાર થાય છે. કયા શબ્દના રૂપમાં ફેરફાર થતો નથી?–**જલદી.**

એજ રીતે બનાં વાકયોમાં કયા શબ્દોનું રૂપ એક જ રહે છે?—**હમેશાં** એ શબ્દનું.

આ ઉપરથી જણાશે કે આવા કેટલાક શબ્દોનાં રૂપ વાકયમાં કોઈ પણ સંજોગોમાં ફરતાં નથી; એ રૂપ એક જ પ્રકારનું રહે છે. જે પદોના રૂપમાં કંઈ ફેરફાર થતો નથી તેને **અવ્યય** કહે છે.

[અવ્યય એટલે અ=નહિ, વ્યય=ફેરફાર. અવ્યય=જેના રૂપમાં ફેરફાર નહિ થાય તે પદ]

નીચે આપેલાં અવ્યય પદોનો અભ્યાસ કરો; તે શું કાર્ય કરે છે તે પણ જુઓ.

અવ્યય	કાર્ય
૧ ત્યાં તમે **ઝટ** જાઓ. ૨ તમે **અત્યારે** જશો નહિ.	ક્રિયાવિશેષણ (અવ્યય)

[**નોંધ :** ૧ રામ **ધીમો** આવ્યો. ૨ વંદના **મોડી** આવી.

આ વાકયોમાં ક્રિયાવિશેષણનાં રૂપ બદલાય છે. આવાં ક્રિયાવિશેષણો જેનાં રૂપ બદલાય છે તે અવ્યય નથી.]

૧ ખુરશી **ઉપર** ટોપી છે. ૨ છાપરા **ઉપર** વાંદર છે.	નામયોગી પદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧ હેમંત **અને** શેખર મિત્રો છે. ૨ હું સ્ટેશને ગયો **અને** મારો મિત્ર બંદરે ગયો.	ઉભયાન્વયી પદ
૧ **અરે!** આ શું લાવ્યો? ૨ **અરે!** પેલો છોકરો પડી જશે.	ઉદ્ગારવાચક પદ

આ ઉપરથી જણાશે કે નીચેનાં ચાર પદો અવ્યય હોય છે.

૧ કેટલાંક ક્રિયાવિશેષણો (બધાં નહિ, કારણ કેટલાંકનાં રૂપ ફેરવાય છે)

૨ બધાં નામયોગી પદો

૩ બધાં ઉભયાન્વયી પદો

૪ બધાં ઉદ્ગારવાચક પદો

क	**ख**
૧ **રાતો** ઘોડો દોડયો.	૧ **લાલ** ઘોડો દોડયો.
૨ **રાતી** ઘોડી દોડી.	૨ **લાલ** ઘોડી દોડી.

कનાં વાકયોમાં **રાતો** અને **રાતી** એ વિશેષણનાં રૂપ બદલાય છે, એટલે એ વ્યયી પદો છે તે શીખ્યા.

खનાં ખાનામાં **લાલ** એ વિશેષણનું રૂપ તેના વિશેષ્યની જાતિ પ્રમાણે ફરતું નથી. એવાં કેટલાંક વિશેષણો જેનાં રૂપ ફરતાં નથી, તેને આપણે **અવિકારી વિશેષણ** કહ્યાં છે. એને અવિકારી એવું નામ આપ્યું છે; તેથી એને અવ્યય કહીશું નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૫
ક્રિયાવિશેષણના પ્રકાર

તમે શીખી ગયા છો કે જે પદ ક્રિયાપદના અર્થમાં વધારો કરે છે, તે ક્રિયાવિશેષણ કહેવાય છે.

૧ રમણ **ધીમે** દોડે છે. ૨ અચલા **વહેલી** આવી.
૩ હેમંત **ઝડપથી** ચાલે છે. ૪ તમે **અહીં** આવો.

મોટા અક્ષરે છાપેલા શબ્દો ક્રિયાવિશેષણ છે.

જુદા જુદા પ્રકાર

નીચેનાં વાક્યોમાં ક્રિયાવિશેષણ કેવી રીતે ક્રિયાપદના અર્થમાં વધારો કરે છે તે જુઓ :

૧ હરણું **ઉતાવળે** દોડે છે.
૨ કૂતરો **ધીમો** દોડે છે.

હરણું **કેવી રીતે** દોડે છે?—**ઉતાવળે**
કૂતરો **કેવી રીતે** દોડે છે?—**ધીમો.**

આ બંને ક્રિયાવિશેષણો દોડવાની **રીત** બતાવે છે. તેથી એ **રીતવાચક ક્રિયાવિશેષણ** કહેવાય છે.

૧ હું **હમણાં** બજારમાંથી આવ્યો.
૨ તું **મોડો** આવ્યો.

હમણાં અને **મોડો** એ બંને આવવાનો વખત કે કાળ બતાવે છે, તેથી એ **કાળવાચક ક્રિયાવિશેષણ** કહેવાય છે.

૧ તમે **ત્યાં** જજો.
૨ હું **અહીં** ઊભો રહીશ.

ત્યાં એ **જવાનું સ્થળ** બતાવે છે, અને **અહીં** એ **ઊભા રહેવાનું સ્થળ** બતાવે છે, તેથી એ **સ્થળવાચક ક્રિયાવિશેષણ** કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧ તમે જશો **નહિ.**

૨ આમ **ના** કરશો.

ઉપરનાં વાક્યોમાં **નહિ** તથા **ના** એ બંને ક્રિયાવિશેષણો ક્રિયાનો નકાર કે નિષેધ બતાવે છે. તેથી એને નિષેધવાચક કે **નકારવાચક ક્રિયાવિશેષણ** કહે છે.

૧ તમે કામ કર્યું **ખરું.**

૨ રમણ આવ્યો છે **ખરો.**

ખરું તથા **ખરો** એ બંને ક્રિયાવિશેષણો ક્રિયા થઈ છે તે ભારપૂર્વક જણાવે છે. ક્રિયા ચોક્કસ થઈ છે એમ હકાર સૂચવે છે, તેથી એને વિધિવાચક કે **હકારવાચક** ક્રિયાવિશેષણ કહે છે.

મનોયત્ન : ૪૨

નીચેનાં વાક્યોમાંથી ક્રિયાવિશેષણ શોધી તેનો પ્રકાર કહો :

૧ મંગેશ વહેલો આવ્યો.

૨ તેઓ નીચે ઊભા છે.

૩ ઉતાવળે કામ કરશો નહિ.

૪ ઉપર ધીમે જજો.

૫ હમણાં ઝડપથી કામ કરવાનું રાખો.

૬ પછી હું આવીશ ખરો.

૭ મોડેથી ત્યાં પહોંચી શકશો.

૮ હું અહીં આવીશ ખરો.

૯ ડૉક્ટરને જલદી બોલાવો.

૧૦ તમે વચ્ચે ના પડશો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૬
પદચ્છેદ

તમે વાક્યનાં પદોને એકબીજાંથી જુદાં ઓળખતાં શીખ્યા છો. એ વિશે હવે આપણે વધુ શીખીશું. પદચ્છેદ વિસ્તારપૂર્વક કેમ કરવું તેનાં ઉદાહરણો નીચે આપ્યાં છે, તેનો અભ્યાસ કરો :

પદ	શું આપવું?
નામ	પ્રકાર, જાતિ, વિભક્તિનો સંબંધ, વચન, કર્તા કે કર્મનો સંબંધ.
સર્વનામ	નામ પ્રમાણે.
ક્રિયાપદ	પ્રકાર, ધાતુ, કાળ, અર્થ, પુરુષ-વચન, જાતિ પ્રયોગ, કર્તા અને કર્મ.
કૃદંત	પ્રકાર, જાતિ, વચન, સંબંધ.
વિશેષણ	પ્રકાર, વિશેષ્ય.
ક્રિયાવિશેષણ	પ્રકાર, સંબંધ.
ઉદ્‌ગારવાચક પદ	ઉદ્‌ગારનો પ્રકાર.
ઉભયાન્વયી પદ	સંબંધ.
નામયોગી પદ	સંબંધ.

૧ બાગનાં પંખીઓ મીઠાં ગીત ગાય છે.

બાગનાં—સામાન્યનામ, નરજાતિ, છઠ્ઠી વિભક્તિનું એક વચન-'પંખીઓ' સાથે સંબંધ.

પંખીઓ—સામાન્ય નામ, નાન્યતર જાતિ, પહેલી વિભક્તિનું વહુવચન-'ગાય છે' ક્રિયાપદનો કર્તા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મીઠાં—ગુણવાચક, વિકારી વિશેષણ, વિશેષ્ય-'ગીત'
ગીત—સામાન્ય નામ, નાન્યતર જાતિ, બીજી વિભક્તિનું એકવચન-'ગાય છે'નું કર્મ.
ગાય છે—સકર્મક ક્રિયાપદ, વર્તમાન કાળ, નિશ્ચયાર્થ, 'ગા' ધાતુ, ત્રીજો પુરુષ બહુવચન, કર્તરિ પ્રયોગ, કર્તા-'પંખીઓ', કર્મ-'ગીત'.

૨ અહો! તમે ક્યાં હતા?

અહો!—ઉદ્‌ગારવાચક પદ; આશ્ચર્ય બતાવે છે.
તમે—બીજો પુરુષ સર્વનામ, નરજાતિ, પહેલી વિભક્તિનું બહુવચન (માનાર્થે), 'હતા' ક્રિયાપદનો કર્તા.
ક્યાં—સ્થળવાચક ક્રિયાવિશેષણ અવ્યય.
હતા—અકર્મક ક્રિયાપદ, ભૂતકાળ, નિશ્ચયાર્થ, 'હો' ધાતુ, નરજાતિ, બીજો પુરુષ બહુવચન, કર્તરિ પ્રયોગ, કર્તા: 'તમે'.

૩ ટેબલ ઉપર પેલું શું છે?

ટેબલ—સામાન્ય નામ, નાન્યતર જાતિ, છઠ્ઠી વિભક્તિ અધ્યાહાર, એકવચન, 'ઉપર' એ નામયોગી પદ સાથે સંબંધ.
ઉપર—નામયોગી પદ, 'ટેબલ' સાથે જોડાયલું.
પેલું—દર્શક સર્વનામ, નાન્યતરજાતિ, પહેલી વિભક્તિનું એકવચન, 'છે' ક્રિયાપદનો કર્તા.
શું—પ્રશ્નાર્થ સર્વનામ, નાન્યતર જાતિ, એકવચન.
છે—અકર્મક ક્રિયાપદ, વર્તમાનકાળ, નિશ્ચયાર્થ, 'છ' ધાતુ, ત્રીજો પુરુષ, નાન્યતર જાતિ, એકવચન, કર્તરિ પ્રયોગ, કર્તા: 'પેલું'.

૪ દોડતા આવો.

દોડતા—વર્તમાન કૃદંત, નરજાતિ, બહુવચન, 'તમે' અધ્યાહાર સાથે સંબંધ ધરાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવો—અકર્મક ક્રિયાપદ, વર્તમાનકાળ, આજ્ઞાર્થ, 'આવ' ધાતુ, નરજાતિ, બીજો પુરુષ બહુવચન, કર્તરિ પ્રયોગ, કર્તા: 'તમે' અધ્યાહાર.

૫ જો તમે આવો તો જઈશું.

જો-તો—ઉભયાન્વયી અવ્યય, **તમે આવો** અને **આપણે જઈશું** એ બે વાક્યોને જોડે છે.

તમે—બીજો પુરુષ સર્વનામ, નરજાતિ, પહેલી વિભક્તિનું બહુવચન, 'આવો' ક્રિયાપદનો કર્તા.

આવો—અકર્મક ક્રિયાપદ, વર્તમાનકાળ, સંકેતાર્થ, 'આવ' ધાતુ, નરજાતિ, બીજો પુરુષ બહુવચન, કર્તરિ પ્રયોગ, કર્તા: 'તમે'

જઈશું—અકર્મક ક્રિયાપદ, ભવિષ્ય કાળ, નિશ્ચયાર્થ, 'જા' ધાતુ, પહેલો પુરુષ બહુવચન, જાતિ અસ્પષ્ટ, કર્તા: (આપણે) અધ્યાહાર.

નોંધ : ક્રિયાપદનું મૂળરૂપ, જેને પ્રત્યયો લાગે, તે ધાતુ કહેવાય છે; જેમકે, **કરે** છે નો ધાતુ **કર**, **લખે** છે તો ધાતુ **લખ**. ક્રિયાપદનું આજ્ઞાર્થમાં બીજા પુરુષ એકવચનનું રૂપ, તે તેના ધાતુનું રૂપ છે.

મનોયત્ન : ૪૩

નીચેનાં વાક્યોનો પદચ્છેદ કરો.

૧ મુંબાઈ બહુ મોટું શહેર છે.
૨ હમણાં ખૂબ વરસાદ પડે છે.
૩ તેઓ તમને જલદીથી બોલાવે છે.
૪ જ્યારે આવો ત્યારે મારું પુસ્તક લેતા આવજો.
૫ ખાવાની ચીજો કબાટમાં મૂકી છે.
૬ અહો! છેવટે તમે પણ હિંમત હારી બેઠા.
૭ સત્યનારાયણની કથામાં તમારે અથવા માસીએ જરૂર આવવું.
૮ તડકામાંથી ઘરની અંદર આવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ : ૧૭

વાક્ય પૃથક્કરણ

તમે આગળ સાદા વાક્યનું પૃથક્કરણ શીખી ગયા છો. હવે આપણે સાદા વાક્ય વિશે વધારે શીખીશું.

क	ख
૧ મેં—વાંચી.	મેં **ચોપડી** વાંચી.
૨ દિનકરે—ખાધી.	દિનકરે **કેરી** ખાધી.

क અને **ख**નાં વાક્યો સરખાવો. આપણને માલૂમ પડશે કે સકર્મક ક્રિયાપદ પોતાના કર્મ સાથે આવીને વાક્યનો અર્થ પૂરો કરે છે. અકર્મક ક્રિયાપદના ક્રિયાપૂરક વિશે તમે શીખી ગયા છો. હવે સકમક ક્રિયાપદના ક્રિ. પૂ. વિશે શીખીએ.

ક્રિયાપૂરક (સકર્મક ક્રિયાપદનું)

૧ મેં **ચોપડી** વાંચી ૨ રાજાએ **મહેશને** બનાવ્યો.

પહેલા વાક્યમાં **ચોપડી** કર્મ છે. બીજા વાક્યમાં **મહેશને** કર્મ છે.

પહેલા વાક્યનો અર્થ પૂરેપૂરો સમજાય છે? હા.

બીજા વાક્યનો અર્થ કર્મ હોવા છતાં પૂરેપૂરો સમજાય છે?—પૂરેપૂરો સમજાતો નથી, કારણ કે **મહેશને શું બનાવ્યો** તે જાણવાનું બાકી રહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ પહેલા વાકયમાં **વાંચી** ક્રિયાપદ કર્મના સંબંધે પૂરો અર્થ કહી શકે છે. બીજા વાકયમાં **બનાવ્યો** ક્રિયાપદ કર્મના સંબંધે પૂરો અર્થ કહી શકતું નથી. એને બીજા કોઈ શબ્દની જરૂર લાગે છે.

નીચે પ્રમાણે લખવાથી એ વાકય પૂરા અર્થવાળું બને છે.

રાજાએ મહેશને **સરદાર** બનાવ્યો.

સરદાર એ શબ્દ **બનાવ્યો** ક્રિયાપદને પોતાના કર્મ વિશે પૂરો અર્થ કહેવામાં મદદ કરે છે. સકર્મક ક્રિયાપદને પોતાના કર્મ વિશે પૂરો અર્થ કહેવામાં મદદ કરનાર શબ્દ પણ **ક્રિયાપૂરક** છે. (**સરદાર** એ 'બનાવ્યો' ક્રિયાપદનું ક્રિયાપૂરક છે.)

કર્મ અને ક્રિયાપૂરક વચ્ચે તફાવત

૧ રાજાએ **ભિખારીને રૂપિયો** આપ્યો.

૨ રાજાએ **હરિસિંહને પ્રધાન** બનાવ્યો.

પહેલા વાકયમાં આપ્યો ક્રિયાપદને બે કર્મો છેઃ **ભિખારીને** અને **રૂપિયો.** એ બંને કર્મો એકમેકથી ભિન્ન વસ્તુઓ છે. આમ વાકયમાં જ્યારે બે કર્મો આવે છે, ત્યારે તેઓ એકમેકથી ભિન્ન હોય છે.

હવે બીજું વાકય વાંચો :

હરિસિંહને શું બનાવ્યો? પ્રધાન. અહીં પ્રધાન શબ્દ બીજું કર્મ હોય એમ લાગે છે, પણ એમ નથી. **પ્રધાન** એ હરિસિંહથી કોઈ ભિન્ન વસ્તુ નથી. હરિસિંહને ઉદ્દેશીને જ એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શબ્દ વપરાયેલો છે. હરિસિંહ તેજ પ્રધાન, એ બે ભિન્ન નથી. અહીં **પ્રધાન** એ ક્રિયાપૂરક છે, કર્મ નથી.

વાક્યમાં જે કર્મો હોય તે એકમેકથી ભિન્ન હોય છે, પણ કર્મ અને તેનું સંબંધી ક્રિયાપૂરક એકબીજાંથી ભિન્ન પદાર્થ કે પ્રાણી હોતાં નથી.

૧ મેં તેને **ડાહ્યો** કહ્યો.
૨ શિક્ષકે મોહનને વર્ગનો **નાયક** બનાવ્યો.

ડાહ્યો શબ્દ **તેને** એ કર્મને ઉદ્દેશીનેજ વપરાયો છે. **નાયક** શબ્દ **મોહનને** એ કર્મને ઉદ્દેશીનેજ વપરાયો છે.

એ બંને સકર્મક ક્રિયાપદને તેમનાં કર્મો વિશે અર્થ પૂરો કહેવાને મદદ કરે છે, તેથી એ બંને ક્રિયાપૂરક છે.

મનોયત્ન : ૪૪

નીચેનાં વાક્યોમાંથી કયા વાક્યમાં બે કર્મો છે, અને કયામાં કર્મ તથા ક્રિયાપૂરક છે તે કહો :

૧ અમે ભિખારીને પૈસો આપ્યો.
૨ મેં રમેશને ડાહ્યો કહ્યો.
૩ સભાએ જવાહરલાલને પ્રમુખ ચૂંટયા.
૪ મદારીએ સાપને છૂટો મૂકયો.
૫ સતીશે રામને પુસ્તક આપ્યું.
૬ અમે ડૉક્ટરને પ્રમુખ બનાવ્યા.
૭ મસ્તીખોર છોકરાએ મહેશને મૂર્ખ કહ્યો.
૮ માએ બાળકને ફળ આપ્યું.

કર્તૃકરણ રચના
સકર્મક ક્રિયાપદની

ક	ख
૧ હું પુસ્તક વાંચું છું.	૨ મારાથી પુસ્તક વંચાય છે.
૩ મેં પુસ્તક લખ્યું.	૪ મારાથી પુસ્તક લખાયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कमां આપેલાં વાકયોનો અર્થ કાયમ રાખી તેજ વાકયો બીજી રીતે खमां બતાવ્યા પ્રમાણે લખ્યાં છે; દા. ત.: **'હું પુસ્તક વાંચું છું'** અને **'મારાથી પુસ્તક વંચાય છે'** એ બંને વાકયનો અર્થ એકજ છે, છતાં બંનેની રચના એક નથી, પરંતુ જુદી છે.

પહેલા વાકયમાં હું એ શબ્દ વડે **જાતે ક્રિયા કરવાનો અર્થ** સૂચવાય છે, અને એ **વાંચું છું** ક્રિયાપદનું ઉદ્દેશ્ય છે.

બીજા વાકયમાં એ જ હું શબ્દ પાંચમી વિભક્તિ એકવચનનું **મારાથી** એ રૂપ ધારણ કરે છે, અને કર્મ ઉદ્દેશ્ય બને છે. અહીં **મારાથી** એ શબ્દ **જેના વડે ક્રિયા થાય છે, એવા કરણનો** અથવા **સાધનનો અર્થ સૂચવે છે.**

આમ પહેલા વાકયનો કર્તા બીજા વાકયમાં સાધનના કે કરણના અર્થમાં આવે છે.

કરણ રચનામાં ઉદ્દેશ્ય

૧ મેં પુસ્તક લખ્યું. ૨ મારાથી પુસ્તક લખાયું.

જે વાકયની રચનામાં કર્તા કરણના અર્થમાં આવે, તે વાકયની રચના **કર્તૃકરણ રચના** કહેવાય છે.

પહેલા વાકયમાં **મેં** એ **ઉદ્દેશ્ય** છે, અને **પુસ્તક** એ **કર્મ** છે.

બીજા વાકયમાં **મારાથી** એ કરણનો અર્થ સૂચવે છે, એટલે એને ઉદ્દેશીને વિધાન કરવામાં આવ્યું નથી, પરંતુ **પુસ્તક**ને ઉદ્દેશીને **મારાથી લખાયું** એ હકીકત કહેવામાં આવી છે. એટલે એ વાકયમાં **પુસ્તક** ઉદ્દેશ્ય બને છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ મૂળ વાકયમાં જે કર્મ હોય છે, તે કર્તૃકરણ રચનામાં ઉદ્દેશ્ય બને છે, અને મૂળ વાકયમાં જે ઉદ્દેશ્ય હોય છે તે ક્રિયાનું કરણ કે સાધન બને છે.

નોંધ : સાધન સૂચવનાર શબ્દનો ઉદ્દેશ્ય વિશેની કહેલી હકીકતમાંજ સમાવેશ થાય છે, તેથી તેને વિધેય પક્ષમાં **ક્રિયાવર્ધક** તરીકે મૂકવામાં આવે છે.

અકર્મક ક્રિયાપદની કર્તૃકરણ રચના

૧ હું હસું છું. ૨ મારાથી (હસવાનું) હસાય છે.
૩ તે ગામ જાય છે. ૪ તેનાથી ગામ (જવાનું) જવાય છે.

ઉપરનાં વાકયો સરખાવતાં માલૂમ પડશે કે અકર્મક ક્રિયાપદની પણ કર્તૃકરણ રચના હોય છે. મારાથી (હસવાનું) હસાય છે.

અહીં ક્રિયાપદ કયા પ્રયોગમાં છે?—ભાવે પ્રયોગમાં. **મારાથી હસાય છે** એ હકીકત કોને ઉદ્દેશીને કહી છે?—**હસવાનું** એ ભાવને ઉદ્દેશીને. ત્યારે **હસવાનું** એ ઉદ્દેશ્ય છે. અહીં અકર્મક ક્રિયાપદની કર્તૃકરણ રચનામાં ક્રિયાપદનો ભાવ ઉદ્દેશ્ય હોય છે.

પૃથક્કરણનો અભ્યાસ

નીચેનાં વાક્યોનું પૃથક્કરણ કર્યું છે; તેનો અભ્યાસ કરો:

૧ સવારના પહોરમાં, બાગનાં પંખીઓ મધુર ગીત ગાય છે.
૨ થોડા વખતમાં મારો ભાઈ વકીલ થશે.
૩ નિશાળનાં બાળકો મેદાનમાં રમત રમે છે.
૪ મેં સવારે મારો પાઠ વાંચ્યો હતો.
૫ બીજે દિવસે દરબારમાં રાજાએ મોહનસિંગને સેનાધિપતિ બનાવ્યો.
૬ શહેરીઓની મળેલી સભાએ રામચંદ્રને પ્રમુખ ચૂંટયા.
૭ સીતાથી ફૂલની માળા પડી ગઈ.
૮ મને પગમાં દુઃખે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉદ્દેશ્ય પક્ષ		વિધેય પક્ષ				
ઉદ્દેશ્ય	ઉદ્દેશ્યવર્ધક	ક્રિયાપદ	કર્મ	કર્મવર્ધક	ક્રિયાપૂરક	ક્રિયાવર્ધક
પંખીઓ	બાગનાં	ગાય છે	ગીત	મધુર	—	સવારના પહોરમાં
ભાઈ	મારો	થશે	—	—	વકીલ	થોડા વખતમાં
બાળકો	નિશાળનાં	રમે છે	રમત	—	—	મેદાનમાં
મેં	—	વાંચ્યો હતો	પાઠ	મારો	—	સવારે
રાજાએ	—	બનાવ્યો	મોહન-સિંગને	—	સેના-ધિપતિ	બીજે દિવસે; દરબારમાં
સભાએ	શહેરીઓની મળેલી	ચૂંટ્યા	રામ-ચંદ્રને	—	પ્રમુખ	—
માળા	ફૂલની	પડી ગઈ	—	—	—	સીતાથી
(દુ:ખવાનું)	—	દુ:ખે છે	—	—	—	પગમાં; મને

મનોયત્ન : ૪૫

નીચેનાં વાક્યોનું પૃથક્કરણ કરો :

૧ ગામના બાગમાં અમે ખીલેલાં ફૂલો જોયાં.
૨ આપણા દેશમાં મોટા મોટા સંતો જન્મ્યા કરે છે.
૩ અજિતા ફૂલની માળા ગૂંથે છે.
૪ મારાથી એ દૃશ્ય જોઈ શકાયું નહિ.
૫ મગનને માથામાં દુ:ખે છે.
૬ અભિમન્યુ લડાઈમાં ખૂબ હિંમતપૂર્વક લડ્યો.
૭ હિંદુસ્તાન આપણી જન્મભૂમિ છે.
૮ દુનિયામાં મોટા માણસો હમેશાં પૂજાય છે.
૯ ઋષિએ પાસે આવેલા હરણને સ્નેહથી પંપાળ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૮
વિરામ ચિહ્નો
(૧) પૂર્ણવિરામ

રામ વનમાં ગયા | સીતા તેમની સાથે ગયાં | લક્ષ્મણ પણ તેમની પાછળ પાછળ ચાલ્યા |

ઉપરના લખાણમાં ત્રણ વિચારો પૂર્ણપણે જણાવવામાં આવ્યા છે, અને જ્યાં એક વિચાર પૂરો થાય ત્યાં ઊભી લીટી દોરી છે. બોલનાર અહીં બોલતી વખતે અટકે છે, તેથી ઊભી લીટી એ દરેક વાક્યનો અંત સૂચવે છે. દરેક પૂર્ણ વાક્યને છેડે કંઈક હદ બતાવનાર નિશાની કે ચિહ્ન કરવામાં આવે, તો વાંચનાર ત્યાં અટકે, અને એ વાક્ય પૂરૂં થઈ ગયું એમ સમજી શકાય. સંસ્કૃત લખાણમાં દરેક વાક્યને છેડે ઉપર બતાવ્યા જેવી ઊભી લીટી તેનો અંત સૂચવે છે, અને એક વાક્યને બીજા વાક્યથી જુદું પાડે છે. ગુજરાતીમાં આપણે વાક્યને અંતે એક ટપકું કે બિંદુ મૂકીએ છીએ. એ ચિહ્નને **પૂર્ણ વિરામ** કહે છે. પૂર્ણ એટલે પૂરું, અને વિરામ એટલે થોભવું તે. વાક્યને છેડે પૂરેપૂરો વિરામ લેવાનું, અટકવાનું એ ચિહ્ન છે.

ઉપરનાં ત્રણે વાક્યો એ ચિહ્નનો ઉપયોગ કરીને નીચે પ્રમાણે લખી શકાય :—

રામ વનમાં ગયા. સીતા તેમની સાથે ગયાં. લક્ષ્મણ પણ તેમની પાછળ પાછળ ચાલ્યા.

આ બધાં વાક્યો હકીકત જણાવે છે. એવાં વાક્યને છેડે **પૂર્ણવિરામ** આવે છે.

(૨) પ્રશ્નચિહ્ન

૧ હું કાલે સૂરત જઈશ.
૨ તે મૅટ્રિકની પરીક્ષામાં પાસ થયો.
૩ દિલ્હી જમના નદી ઉપર આવેલું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરનાં વાક્યોની હકીકત જાણવી હોય તો આપણે નીચે જણાવેલા સવાલ કે પ્રશ્ન પૂછવા પડે.

હકીકતવાળું વાક્ય	પ્રશ્ન પૂછતું વાક્ય
૧ હું કાલે સૂરત જઇશ.	૧ તમે કાલે ક્યાં જશો ?
૨ તે મૅટ્રિકની પરીક્ષામાં પાસ થયો.	૨ તે કઈ પરીક્ષામાં પાસ થયો ?
૩ દિલ્હી જમના નદી ઉપર આવેલું છે.	૩ દિલ્હી ક્યાં આવેલું છે ?

પ્રશ્ન પૂછનારાં આવાં વાક્યોને છેડે આપણે પૂર્ણવિરામ મૂકતા નથી, કારણકે એ હકીકત કહેનારાં વાક્યો નથી. એવા સવાલ પૂછનારા વાક્યને ઓળખવા માટે આપણે તેને છેડે એક ખાસ ચિહ્ન વાપરીએ છીએ. આવા (?) ચિહ્નને **પ્રશ્નચિહ્ન** કહે છે.

મનોયત્ન : ૪૬

નીચે આપેલાં વાક્યોની હકીકત જાણવા પ્રશ્ન પૂછો, અને તેને છેડે ચિહ્ન મૂકો :—

૧ બાગમાં રામ ઊભો છે.
૨ સાપ વાંકોચૂંકો ચાલે છે.
૩ વાતચીત કરતી વખતે ધીમેથી બોલવું જોઈએ.
૪ અમે રોજ કસરત કરીએ છીએ.
૫ હમણાં મને નિરાંત મળતી નથી.
૬ હિમાલય સૌથી ઊંચો પર્વત છે.
૭ ટેકરી પરથી અમે આસપાસ નજર ફેંકી.

(૩) ઉદ્‌ગાર ચિહ્ન

૧ અહો, કેવડું મોટું મોજું !
૨ અફસોસ, ગરીબ બિચારાનું ઘર તૂટી પડ્યું !
૩ હાશ, છેવટે કામ થયું ખરું !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરનાં વાક્યો વાંચો તો જણાશે કે એ કોઈ એક પ્રકારની લાગણી બતાવે છે. પહેલું વાક્ય આશ્ચર્ય કે અચંબો બતાવે છે. બીજું વાક્ય દુ:ખની લાગણી બતાવે છે; અને ત્રીજું વાક્ય સંતોષની લાગણી બતાવે છે. આ પ્રકારનાં વાક્યો કે શબ્દો આપણા મોંમાંથી એકાએક નીકળી જાય છે, તેથી તેને ઉદ્‌ગાર કહેવામાં આવે છે. આપણે ઉદ્‌ગારનો અર્થ સ્પષ્ટ રીતે જણાવવો હોય, ત્યારે વાક્યને કે શબ્દને છેડે આવું (!) વિરામ ચિહ્‌ન મૂકીએ છીએ. એને **ઉદ્‌ગાર ચિહ્‌ન** કહે છે.

મનોયત્ન : ૪૭

નીચે વાક્યો આપ્યાં છે; તેને છેડે અર્થ પ્રમાણે પૂર્ણવિરામ, પ્રશ્ન કે ઉદ્‌ગાર ચિહ્‌ન મૂકો :—

૧ રસ્તામાં ખૂબ કાદવ હતો
૨ તારાઓ રાત્રે પ્રકાશે છે
૩ તમે અહીં કેમ આવ્યા છો
૪ કેવડો મોટો સાપ
૫ અમાસે ચંદ્ર ઊગે છે કે નહિ
૬ મહેશ સીતાને કવિતા શીખવે છે
૭ આ તે કેવી સુગંધ
૮ કેટલી અંધારી રાત
૯ બહાદુર કદી પાછી પાની કરે છે
૧૦ તેનાથી આટલું પણ ન કૂદાય
૧૧ કાલે મારે ત્યાં જરૂર આવજો
૧૨ કુતુબમિનાર કેટલો ભવ્ય છે

મનોયત્ન : ૪૮

નીચે આપેલાં લખાણનાં વાક્યો છૂટાં પાડ્યાં છે. તેમને છેડે યોગ્ય વિરામ ચિહ્‌નો મૂકો :—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું કાલે તમારે ઘેર આવીશ | તમે સાંજે તમારે ઘેર મળશો કે નહિ | તમે જો બહાર જવાના હો તો મને વખતસર ખબર આપજો | હું મારી સાથે મારા મિત્રને લેતો આવીશ | તમે કાલે કોઈ સ્થળે જવાના છો |

નીચે આપેલાં વાક્યોને છૂટાં પાડીને તેને છેડે યોગ્ય વિરામ ચિહ્ન મૂકોઃ—

આખો દિવસ વરસાદ વરસ્યો અમે તેને લીધે બહાર ફરવા જઈ શક્યા નહિ તમે તે દિવસે શું કર્યું તમે કોઈ સ્થળે ફરવા ગયા હતા કે નહિ અમે તો ઘરમાં બેસીને શેતરંજ રમ્યા કરી જ્યારે અમે રમીને થાક્યા ત્યારે અમે ગાવાનું શરૂ કર્યું.

. . . .

(૪) અલ્પવિરામ

૧ મારો ભાઈ અને મગન અને વિતુ અને શાન્તિ અને હું મેળો જોવા ગયાં.
૨ મારો ભાઈ, મગન, વિતુ, શાન્તિ, અને હું મેળો જોવા ગયાં.

ઉપરનાં વાક્યો વાંચો. આપણે પહેલી રીતે વાક્યમાં **અને** નો વારંવાર ઉપયોગ કરીને બોલતા નથી, પણ બીજી રીતે બોલીએ છીએ. એ રીતે **અને** નો ઉપયોગ છેલ્લા બે શબ્દોની વચ્ચે કર્યો છે, અને બાકીનાં નામોની વચ્ચે જ્યાં (,) નિશાન છે ત્યાં થોડો વિરામ લઈને કે અટકીને આપણે બોલીએ છીએ. વાક્યની અધવચ કેટલેક સ્થળે આવી રીતે થોડું અટકીને, એટલે અલ્પ વિરામ લઈને, આપણે આગળ ચાલીએ છીએ. એને માટે આવી (,) નિશાની વપરાય છે. તે **અલ્પવિરામ** કહેવાય છે.

૧ તેણે ચોપડી, પેન, રબર અને ખડિયો ટેબલ ઉપર મૂક્યાં.
૨ રમેશ, તું અને અમે બધાં સાથે જઈશું.
૩ ઊંચું, લાલ, ચોરસ ટેબલ અહીં લાવો.
૪ અહો, તમે ક્યારે આવ્યા ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલું વાક્ય વાંચો અને કહો: અલ્પવિરામ કેવી રીતે વપરાયું છે? પહેલા વાક્યમાં અલ્પવિરામ એકી સાથે આવતાં નામોને છૂટા પાડવા વપરાયું છે. બીજા વાક્યમાં તેવી જ રીતે નામ તથા સર્વનામોને છૂટાં પાડવા વપરાયું છે, અને ત્રીજા વાક્યમાં ટેબલ એ વિશેષ્યનાં વિશેષણોને છૂટા પાડવા એનો ઉપયોગ થયો છે. ચોથા વાક્યમાં ઉદ્‌ગારવાચક શબ્દ (**અહો,**)ને વાક્યથી છૂટો પાડવા અલ્પવિરામ વપરાયું છે.

આ ઉપરથી સમજાશે કે, (૧) ઘણાં નામ, સર્વનામ કે ઘણાં વિશેષણો એક સાથે આવે, ત્યારે તેમને છૂટાં પાડવા માટે ઉપર બતાવ્યા પ્રમાણે અલ્પવિરામ વપરાય છે. [છેલ્લા બે શબ્દો વચ્ચે **અને** નો ઉપયોગ થાય છે, એ ધ્યાનમાં રાખવું] (૨) ઉદ્‌ગારવાચક પદને વાક્યથી છૂટું પાડવા પણ એ વપરાય છે.

મનોયત્ન : ૪૯

નીચે આપેલાં વાક્યોમાં જ્યાં જરૂર હોય ત્યાં અલ્પવિરામ, તથા વાક્યને છેડે યોગ્ય વિરામચિહ્નો મૂકો:—

૧ તમે કાગળ શાહી પુસ્તક અને પેન્સિલ કઈ દુકાનેથી ખરીદો છો

૨ ગઈ કાલે અરવિંદ તેનો ભાઈ તેની બેન અને તેના કાકાનો દિકરો મને મળવા આવ્યાં હતાં

૩ તે કેટલો હોશિયાર બહાદુર ચપળ અને ભલો છોકરો છે

૪ અહો પણે નીચા ગોળ લાલ ટેબલ ઉપર કંઈ ચળકે છે

૫ મારી સાથે કોણ કોણ આવશે

૬ તમારી સાથે મગન છગન લાલુ પદ્મા તે અને તેનો ભાઈ આવશે

૭ અહા કેવી શાંત સુંદર નિર્મળ ચાંદની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૯

શબ્દ અભ્યાસ

(૧) સમાનાર્થ શબ્દો

નીચે कમાં જે શબ્દો આપ્યા છે તે દરેકનો **એક કે વધારે** ભાઈબંધ શબ્દ खમાંથી શોધીને તેની સામે લખો:— જેમકે, રસ્તો–માર્ગ.

(क) રસ્તો, પાણી, આંખ હાથ, પગ, આબરૂ, લાલ, આકાશ, વાદળ, પાંદડું, ધોળું, કાળું, ઊનું, સ્મૃતિ.

(ख) ઉષ્ણ, આભ, ગગન, રક્ત, કીર્તિ, યાદ, ચક્ષુ, અક્ષિ, નયન, પર્ણ, વારિ, કર, હસ્ત, માર્ગ, મેઘ, ધવલ, શુભ્ર, કૃષ્ણ, ઈજ્જત.

(૨) વિરોધી શબ્દો

નીચે कમાં જે શબ્દો આપ્યા છે તે દરેકનો **એક અથવા વધારે** વિરોધી શબ્દ खમાંથી શોધી તેની સામે લખો:–

(क) બળવાન, સદ્‌ગુણ, પાપ, આરંભ, સફળ, સજ્જન, સ્થિર, રોગી, અપરાધ, ધનિક.

(ख) દુર્ગુણ, દુર્બળ, અંત, છેડો, પુણ્ય, અફળ, નિષ્ફળ, દુર્જન, નીરોગી, નિરપરાધી, અસ્થિર, ચલિત, નિર્ધન, ગરીબ.

નીચેનાં ખાનામાં જુદાજુદા શબ્દ ઉપરથી તેના વિરોધી શબ્દ બનાવ્યા છે, તેનો અભ્યાસ કરો; અને એ પ્રમાણે **ग**માં આપેલા શબ્દોના વિરોધી શબ્દો બનાવો:—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાભ	ગેર + લાભ,	ગેરલાભ
માર્ગ	કુ + માર્ગ	કુમાર્ગ
માન	અપ + માન	અપમાન
એક	અન્ + એક	અનેક
અપરાધી	નિર્ + અપરાધી	નિરપરાધી
ગુણ	અવ + ગુણ	અવગુણ

ગ શાંત, સ્થિર, રસિક, ઉત્તર, મૃત, દોષ, અંત, ધર્મ, પાર, સદ્વર્તન, રૂપ, ઉદ્યમી, ચલ.

(૩) અનેકાર્થ શબ્દો

નીચે એક શબ્દના જુદા જુદા અર્થ થાય છે, તે તેની સામે બતાવ્યા છે; તેનો અભ્યાસ કરો, અને તેને જુદા જુદા અર્થમાં વાક્યમાં વાપરોઃ—

શબ્દ	અર્થ
૧ **ગોળ**	ગોળ આકારનું,
	ખાવાનો પદાર્થ.
૨ **મોર**	એક પંખી,
	આંબાનાં ફૂલનો ઝૂમખો.
૩ **કર**	હાથ,
	કિરણ,
	હાથીની સૂંઢ,
	સરકારમાં ભરવાનો વેરો
૪ **ખાતર**	ખેતરમાં કસ વધારવા માટે નાંખવામાં આવતું ખાતર,
	બરદાસ, સેવા,
	ચોરે ભીંતમાં પાડેલું બાકું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગજ	હાથી, સળિયો, સારંગી વગાડવાનું ધનુષ
ગુરુ	મોટો, શિક્ષક, ભારે, એ નામનો ગ્રહ
કચ્છ	કછોટો, કિનારાનો પ્રદેશ, એક પ્રદેશનું નામ
આંકડો	સંખ્યા, વેપારીનું બીલ, સળિયાનો વળેલો છેડો, વિંછીનો ડંખ
પાણી	જળ, શૂરાતન, ટેક, ઝવેરાતનું નૂર
પત્ર	પાન, છાપું, કાગળ
વજ્ર	ઇંદ્રનું હથિયાર, ફૂલની દાંડી
વર્ણ	જાતિ, રંગ, અક્ષર
વાટ	રસ્તો, રાહ, દિવેટ, પૈડાં ઉપરનો પાટો
મગજ	શરીરનો એક ભાગ, મીઠાઈનું નામ, મીંજ

પ્રકરણ : ૨૦

સમાસ

क	ख
ભાઈ અને બેન	ભાઈ બેન
સીતા અને રામ	સીતારામ

ભાઈ અને બેન એમ કહેવાને બદલે આપણે **ભાઈબેન** એમ બે શબ્દોને જોડી એક શબ્દ રૂપે વાપરીએ છીએ. તેવીજ રીતે સીતા અને રામ એમ કહેવાને ઠેકાણે **સીતારામ** એમ પણ કહીએ છીએ. **ભાઈ અને બહેન** એમાં ત્રણ જુદા જુદા શબ્દો છે, પણ એ ત્રણ જુદા શબ્દો સાથે મળીને જે અર્થ બતાવે છે તેજ અર્થ **ભાઈબેન** એવા એક શબ્દથી સમજાય છે.

'રામલક્ષ્મણને સૌ કોઈ ઓળખે છે'. આ વાક્યમાં **રામલક્ષ્મણ** એ આખા શબ્દને વિભક્તિનો પ્રત્યય લાગ્યો છે કારણકે **રામલક્ષ્મણ** એ એક શબ્દ ગણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામલક્ષ્મણ એ શબ્દનો અર્થ **રામ અને લક્ષ્મણ** એવો થાય છે. **આવી રીતે** એકથી વધારે શબ્દ અમુક અર્થમાં ભેગા આવીને તેનો એક શબ્દ ગણાય, ત્યારે તેમનો સમાસ થયો કહેવાય છે.

અભ્યાસ (૧)

સમાસ	અર્થ
૧ પાપપુણ્ય	પાપ અને પુણ્ય
૨ અષાઢશ્રાવણ	અષાઢ અને શ્રાવણ
૩ માબાપ	મા અને બાપ
૪ ખુરસીટેબલ	ખુરસી અને ટેબલ
૫ બારીબારણાં	બારી અને બારણાં
૬ ખડિયોકલમ	ખડિયો અને કલમ

ઉપરના સમાસોમાં આવેલાં પદો **'અને'** ના સંબંધે જોડાયલાં છે, અને તેથી તેનો સંબંધ સ્પષ્ટ કરતાં તેમની વચ્ચે **'અને'** મૂકવામાં આવે છે.

અભ્યાસ (૨)

સમામ	અર્થ
ચંદ્રકિરણ	ચંદ્રનું કિરણ
રાષ્ટ્રપતિ	રાષ્ટ્રનો પતિ
સૂર્યપ્રકાશ	સૂર્યનો પ્રકાશ
દેવદર્શન	દેવનું દર્શન

ઉપરના સમાસોમાં આવેલાં પદો છઠ્ઠી વિભક્તિના સંબંધે જોડાયલાં છે. અને તેથી તેનો અર્થ સ્પષ્ટ કરતાં એક પદને છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય લાગે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અભ્યાસ (૩)

સમાસ	અર્થ
મહારાજા	મોટો રાજા
મહાદેવ	મોટો દેવ
શ્યામવર્ણ	કાળો વર્ણ (રંગ)
પરમધર્મ	બહુ મોટો ધર્મ
ઉચ્ચસ્વર	બહુ મોટો સ્વર

ઉપરના સમાસોમાં આવેલાં પદો વચ્ચે **વિશેષણ અને વિશેષ્યનો** સંબંધ છે. પહેલું પદ વિશેષણ છે અને બીજું પદ વિશેષ્ય છે. આવી રીતે વિશેષણ અને વિશેષ્ય સાથે આવીને એક શબ્દરૂપે વપરાય છે.

નીચે આપેલા સમાસોનાં પદો છૂટાં પાડી તેનો અર્થ કરી બતાવો:—

રામનામ	પાર્વતીપરમેશ્વર	તરુછાયા
દોરીલોટો	લક્ષ્મીનારાયણ	કંદમૂળ
મહાદેવ	સૂર્યકિરણ	દેવમૂર્તિ
પરહિત	જનહિત	શિવમંદિર
પરમહિત	પતંગદોરી	ગુરુચરણ
ફૂલપાંખડી	નીલઆકાશ	ચંદ્રતારા
ગૌરવર્ણ	શ્યામરંગ	ધવલગિરિ
દેવાલય	નાકકાન	હાથપગ
કોમળસૂર		

નોંધ : જુદાજુદા સમાસ અને તેનાં નામ વિશે તમે આગળ શીખશો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ : ૨૧

પત્ર લેખન

નીચે એક પત્રનો નમૂનો આપ્યો છે, તેનો અભ્યાસ કરો :

પિતાને પત્ર

પાઠક ફળિયું,
બારડોલી
૧૫–૧–'૩૯

પૂજ્ય પિતાજી,

તમારો પત્ર મળ્યો; વાંચી જાણ્યું કે તમે પંદર દિવસ પછી મુંબાઈનું કામ પૂરું કરીને અહીં આવનાર છો.

તમે મુંબાઈ ગયા ત્યારે એક વાત કહેવાની હું ભૂલી ગયો હતો. મારે એક ફાઉન્ટન પેનની જરૂર છે; તેથી તમે પાછા આવો, ત્યારે દયાળ બાગની બનાવટની એક સ્વદેશી પેન લેતા આવજો. મને રંગબેરંગી પેન ગમતી નથી, તેથી કોઈપિણ એક સાદો રંગ પસંદ કરશો. પેનની જીભી તીણી અણિવાળી હોય તે જોશો.

અહીં સર્વે મજામાં છે.

લિ.
રમેશના પ્રણામ

ઉપરનો પત્ર વાંચતાં જણાશે કે એ અમુક ચોક્કસ સ્વરૂપમાં લખાયલો છે : (૧) સૌથી પહેલાં પત્રના મથાળાને જમણે ખૂણે લખનાર પોતાનું સરનામું આપે છે. તેમાં પ્રથમ મહોલ્લાનું નામ, પછી ગામનું નામ અને તેની નીચે પત્ર લખ્યાની તારીખ આવે છે. (૨) જરાક નીચેથી ડાબી બાજુએ જેને પત્ર લખ્યો હોય તેને માટેનું યોગ્ય સંબોધન આવે છે; જેમકે, **પૂજ્ય પિતાજી.** વડીલને પત્ર લખ્યો હોય ત્યારે તેમને પૂજ્ય એ વિશેષણથી સંબોધાય છે. કેટલીક વાર પૂજ્યને બદલે મુરબ્બી એ વિશેષણ પણ વપરાય છે; જેમકે, **મુરબ્બી કાકા, મુરબ્બી મામા,** વગેરે. (૩) આ પછી પત્રમાં લખવાની હકીકત આવે છે. તેમાં જુદા જુદા મુદ્દાઓ પ્રમાણે જુદા જુદા પેરા કે ફકરાઓ પડે છે. (૪) ત્યાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી પત્રને અંતે જેને પત્ર લખ્યો હોય તેના પ્રત્યે વિનય કે સ્નેહ સૂચવતો શબ્દ વાપરીને લખનાર પત્ર પૂરો કરે છે; જેમકે,

લિ.

રમેશના પ્રણામ

પત્ર પૂરો કર્યા પછી તેને વાળી પરબીડિયામાં મૂકવો, અને નીચે બતાવ્યા પ્રમાણે તેના ઉપર સરનામું કરવું.

ટિકિટ

શ્રી. મગનલાલ ગિરિજાશંકર પાઠક,
૫૫, વાલકેશ્વર રોડ,
મુંબઈ

પત્રોના નમૂના

૧

પુત્રને પત્ર

૫૫, વાલકેશ્વર રોડ,
મુંબઈ
૧૭-૧-'૩૯.

ચિ. રમેશ,

તારો પત્ર મળ્યો. તમે બધાં કુશળ છો જાણી સંતોષ થયો.

તારા લખ્યા પ્રમાણે તારે માટે હું એક ફાઉન્ટન પેન લેતો આવીશ. હું જ્યારે મુંબઈ આવવા નીકળ્યો, ત્યારે સ્ટેશન ઉપર તારી મોટી બેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેને માટે એક સાડી લાવવા કહ્યું હતું. કેવા રંગની સાડી લાવવા માટે મને કહેલું, તે યાદ રહ્યું નથી; તેથી સાડી વિશે પૂરેપૂરી વિગત લખી જણાવવા તું તેને કહેજે. ગયું અઠવાડિયું મોટા કાકા સાથે ખૂબ ધમાલમાં ગયું, અને હજીયે ધમાલ ચાલુ છે.

લિ.
મગનલાલના આશિષ્

નોંધ : વડીલ જ્યારે પોતાનાથી નાનાને પત્ર લખે ત્યારે તેને ચિરંજીવી એ વિશેષણથી સંબોધે છે; (ચિ. એ ચિરંજીવીનું ટૂંકું રૂપ છે.) અને પત્રને અંતે તેને આશિષ્ આપે છે.

૨

મિત્રને પત્ર

રામપુરા,
૮–૩–'૩૯.

પ્રિયભાઈ બાબુ,

તારો પત્ર નથી. મને ચિંતા થાય છે કે તારી તબિયત ઠીક ચાલતી ન હોવી જોઈએ. આ પત્ર મળે તું તારી કુશળતા જણાવશે એવી આશા રાખું છું.

હું તને કેટલાએક વખત થયાં કહેતો આવ્યો છું કે શરીરને ભોગે અભ્યાસ તરફ વધારે પડતું ધ્યાન આપવું, એ ખરેખર નુકસાનકારક છે. તારી શાળામાં તો રમતગમત તરફ ખાસ ધ્યાન આપવામાં આવે છે, અને ત્યાં સારી સારી મેદાની રમતો રમાય છે, એ મેં ત્યાં જોયેલું.

હું ઇચ્છું છું કે બહુ ભારે નહિ એવી, સમૂહમાં રમાતી સાધારણ રમતોમાં તું ભાગ લે તો ઠીક. એમાં શરૂઆતમાં તને રસ ન પડે તે બનવા જોગ છે, પરંતુ જેમજેમ તારું શરીર સુધરતું જશે, તેમ તને એનો શોખ લાગશે. તેં રમવા જવાનું શરૂ કર્યું છે એમ તારા હવેના પત્રથી જાણીને મને ખૂબ આનંદ થશે.

લિ. સ્નેહાધીન,
હરીન્દ્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કામ ધંધાના પત્રો

(વેપારીને પત્ર) નવાગામ,

તા. ૨૦-૧-'૩૯.

શ્રી વ્યવસ્થાપક,

નવીન પુસ્તક ભંડાર, સૂરત

સવિનય જણાવવાનું કે નીચે લખેલાં પુસ્તકો બનતી ઉતાવળે વી. પી. પારસલથી ઉપરના સરનામે મોકલી આપશો.

સાહિત્ય પાઠાવલિ–ભા. ૧, નકલ ૨

હિંદનો સરળ ઇતિહાસ — નકલ ૨

એવી ચોકસાઈથી પૅકિંગ કરજો કે પુસ્તકો બગડે નહિ, અને રીતસરનું વળતર આપશો.

લિ.

અરવિંદ રામચંદ્ર દેસાઈ

ઉપરનો પત્ર વાંચી જોતાં તમને માલૂમ પડશે કે :

(૧) તે ટૂંકો અને મુદ્દાસરનો છે. કામ સિવાયનું આડું અવળું લખાણ એમાં નથી.

(૨) એમાં સંગાવેલી વસ્તુઓ વિશે જોઈતી માહિતી અને વિગત આપી છે; જેમકે, પુસ્તકોનાં નામ, નકલની સંખ્યા અને માલ કેવી રીતે મોકલવો તેની સૂચના.

(પોસ્ટમાસ્તરને પત્ર) ધંધુકા,

તા. ૭-૫-'૩૯

મહેરબાન પોસ્ટમાસ્તર સાહેબ,

પોસ્ટ ઑફિસ, ધંધુકા

સવિનય જણાવવાનું કે હું મે માસની ઉનાળાની રજાઓ દરમ્યાન મારા કાકાને ત્યાં અમદાવાદ રહેવા જનાર છું. મારા નામનું એક માસિક આવે છે તે, અને બીજા કોઈ પત્રો હોય તો તે, નીચેને સરનામે મોકલી આપવા મહેરબાની કરશો.

જગદીશચંદ્ર નવનીતલાલ પરીખ,

શ્રી દોલતભાઈ ઇચ્છારામ પરીખને ત્યાં,

પ્રીતમનગર, અમદાવાદ

લિ.

જગદીશચંદ્ર પરીખ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોયત્ન : ૫૧

નીચે સૂચવ્યા પ્રમાણે પત્રો લખો :—

૧ તમે જોયેલા મોટર અકસ્માત વિશે તમારા મિત્રને લખો.
૨ તમારી બેનની વરસગાંઠને દિવસે ભેટ મોકલી તેને પત્ર લખો.
૩ મેળામાં ખોવાઈ ગયેલા બાળકને તમે તેને ઘેરે કેવી રીતે પહોંચાડયો, તે તમારી માને લખી જણાવો.
૪ તમારા કાકા બહારગામ રહે છે. તમારા પિતાની તબિયત ઠીક રહેતી નથી. એ સમાચાર તમારા કાકાને જણાવો.
૫ તમારા વપરાશ માટે જોઈતી કરિયાણાની ચીજો મંગાવવા તમારા ગાંધીને ચિઠ્ઠી લખો.
૬ તમે જેમને ત્યાંથી દૂધ મંગાવો છો તેમને ચોખ્ખું દૂધ મોકલવા લખો.
૭ તમારા મિત્રથી શાળાની કોઈ વસ્તુ ભાંગી ગઈ છે. એ બાબત શાળાના મુખ્યશિક્ષકને જણાવવા તેને સલાહ આપો.

પ્રકરણ : ૨૨

નિબંધ લેખન

નીચે હાથી વિશે એક લખાણ કર્યું છે તે વાંચો.

હાથી

જમીન ઉપર રહેનારાં પ્રાણીઓમાં હાથી સૌથી મોટું અને ઊંચું પ્રાણી છે. હાથીને થાંભલા જેવા ચાર પગ અને સૂપડા જેવા કાન હોય છે. એની આંખો એના શરીરના પ્રમાણમાં બહુજ ઝીણી હોય છે. શરીર રચનામાં બીજાં પ્રાણીથી હાથી તેની સૂંઢ અને સફેદ લાંબા દાંત વડે જુદો જ તરી આવે છે. હાથી પોતાની સૂંઢવતી પાણી ખેંચી તેને મોંમા રેડીને પીએ છે. આવી મોટી સૂંઢ વડે તે મોટાં વજનદાર ઇમારતી લાકડાં સહેલાઈથી ઊંચકી શકે છે એટલુંજ નહિ, પરંતુ એક ટાંકણી જેવી વસ્તુ પણ ઊંચકી લે છે.

હાથી ઉમદા અને ગંભીર પ્રાણી હોવાથી એને પાળી શકાય છે. સરકસમાં એની પાસે વિવિધ પ્રકારની કસરતો અને ખેલો કરાવવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવે છે, અને જંગલમાં ઇમારતી લાકડાંઓને એક સ્થળેથી બીજે સ્થળે વહી જવામાં એનો ખૂબ ઉપયોગ થાય છે. અસલના વખતમાં દશેરા જેવા તહેવારને દિવસે સવારીમાં, અને યુદ્ધને પ્રસંગે લડાઈના મેદાનમાં, એનો ઉપયોગ થતો ઇતિહાસમાં હાથીની વફાદારીનાં અનેક ઉદાહરણો વાંચતાં આપણને હાથી કેટલું ચતુર અને ઉમદા પ્રાણી છે, તેનો ખ્યાલ આવે છે.

ઉપરનું વર્ણન વાંચતાં જણાશે કેઃ—

(૧) વર્ણનમાં, **હાથીનો દેખાવ** અને તેનો **ઉપયોગ** એ બે મુખ્ય મુદ્દાઓ ચર્ચવામાં આવ્યા છે.

(૨) દરેક મુદ્દાને લગતા જુદા જુદા વિચારો એક સાથે સાંકળીને લખ્યા છે.

(૩) એમ કરવાને લીધે લખાણ સંબંધવાળું બન્યું છે.

(૪) એ લખાણ બે વિભાગમાં વહેંચાયું છે, કારણ કે દરેક મુદ્દો સ્વતંત્ર વિભાગમાં ચર્ચાયો છે. એવા વિભાગને ફકરો કે કંડિકા કહે છે.

હવે હાથી વિશે ઉપરના લખાણમાં આવેલી હકીકત બીજી રીતે લખી છે તે વાંચોઃ—

હાથી

જમીન ઉપર રહેનારાં પ્રાણીઓમાં હાથી સૌથી મોટું અને ઊંચું પ્રાણી છે. હાથી પોતાની સૂંઢ વડે પાણી ખેંચી પોતાના મોંમાં રેડીને પીએ છે. અસલના વખતમાં દશેરા જેવા તહેવારને દિવસે સવારીમાં અને યુદ્ધને પ્રસંગે લડાઈનાં મેદાનમાં એનો ઉપયોગ થતો. શરીર રચનામાં બીજાં પ્રાણીથી હાથી સૂંઢ અને સફેદ દાંત વડે જુદોજ તરી આવે છે. હાથી પોતાની સૂંઢ વડે મોટાં વજનદાર ઇમારતી લાકડાં ઊંચકી શકે છે એટલુંજ નહિ, પણ એક ટાંકણી જેવી ઝીણી વસ્તુ પણ ઊંચકી લે છે. હાથીને થાંભલા જેવા ચાર પગ અને સૂપડા જેવા કાન હોય છે, જ્યારે એની આંખો એના શરીરના પ્રમાણમાં બહુજ ઝીણી હોય છે. સરકસમાં એની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાસે વિવિધ પ્રકારની કસરતો અને ખેલો કરાવવામાં આવે છે, અને જંગલમાં ઇમારતી લાકડાંઓને એક સ્થળેથી બીજે સ્થળે વહી જવામાં એનો ખૂબ ઉપયોગ કરવામાં આવે છે. હાથી ઉમદા અને ગંભીર પ્રાણી હોવાથી પાળી શકાય છે. ઇતિહાસમાં હાથીની વફાદારીનાં અનેક ઉદાહરણો વાંચતાં આપણને હાથી કેટલું ઉમદા અને ચતુર પ્રાણી છે, તેનો ખ્યાલ આવે છે.

આ બીજા લખાણમાં ઘડીકમાં હાથીના દેખાવની તો ઘડીકમાં તેના ઉપયોગની હકીકત કહેવામાં આવી છે. તેથી એ લખાણ તૂટક તૂટક અને સંબંધ વિનાનું લાગે છે. જે જે હકીકતો સાથે કહેવાવી જોઈએ, તે કહેવાઈ નથી; જેમકે, હાથીની શરીરરચના વિશેનાં વાક્યો સાથે આવવાને બદલે ગમે તે ક્રમમાં આવે છે. આ ઉપરાંત દરેક મુદ્દાને લગતા વિચારો એકી સાથે ન ગોઠવવાથી લખાણ જુદા જુદા ફકરામાં વહેંચી શકાયું નથી.

ઉપરની બાબતોથી જણાશે કે સારું લખાણ કરવા માટે મુખ્ય મુદ્દાના પેટામાં સમાઈ જતા નાના વિચારોને એક સાથે ગોઠવવા જોઈએ, અને એ દરેક મુખ્ય મુદ્દાને એક સ્વતંત્ર ફકરા રૂપે લખવો જોઈએ. આમ જેટલા મુખ્ય મુદ્દાઓ હોય તેટલા ફકરા લખાણમાં આવી શકે.

નિબંધ લેખનને લગતી કેટલીક સૂચના:

(૧) સૌથી પ્રથમ, મુખ્ય મુદ્દાઓના પેટામાં તેને લગતા વિચારો ગોઠવવા.

(૨) દરેક મુદ્દા પ્રમાણે એક સ્વતંત્ર ફકરો પાડવો.

(૩) લખાણ સંબંધવાળું અને સળંગ અર્થવાળું બને તે ધ્યાન રાખવું.

(૪) વિષયને યોગ્ય ભાષા વાપરવી.

નિબંધના નમૂના

કમળ

કમળ એ પાણીનું ફૂલ છે, કારણ કે એ હમેશાં પાણીમાં જ ઊગે છે તળાવ કે બીજાં જળાશયો જેમાં પાણી સ્થિર હોય તેમાં એના વેલા ફાલે છે, અને એનાં પાંદડાં પાણીની સપાટી ઉપર તરતાં પંખા જેવાં લાગે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. કમળના ફૂલનો દાંડો ખૂબ લાંબો હોય છે, અને એની ઉપર એનું ફૂલ પાણીની સપાટીથી ઊંચે ખીલે છે.

કમળની જુદી જુદી જાત હોય છે. સૂર્યકમળ સૂર્યના પ્રકાશમાં ખીલે છે, અને રંગમાં લાલ હોય છે. ચંદ્રકમળ ચંદ્રના તેજમાં વિકસે છે, અને એ રંગમાં ભૂરું હોય છે. કમળની એક જાત જેને પોયણી કહે છે, તે સફેદ હોય છે. કમળ જથ્થાબંધ ઊગે છે અને ખીલે છે; તેથી જ્યારે એ સામટાં ખીલેલાં હોય છે, ત્યારે પાણીની સપાટીનો દેખાવ અતિ સુંદર બને છે.

કમળ એ પવિત્ર ફૂલ મનાય છે. શિવની પૂજામાં એનો છૂટે હાથે ઉપયોગ થાય છે. લક્ષ્મી કમળમાંથી જન્મી છે એવી કથા છે, તેથી તેને કમલા કહે છે. આ ફૂલની સુગંધ ભમરાઓને ખૂબ પ્રિય હોય છે, અને તેઓ એની આસપાસ મધ ચૂસવા ગુંજ્યા કરે છે.

મોર

આપણા દેશનાં જાતજાતનાં પંખીઓમાં મોર સૌથી સુંદર પંખી ગણાય છે. એનાં લાંબાં ભભક ભરેલાં પીછાંઓ, ઊંચી ભૂરી ડોક, માથા પરની મનોહર કલગી અને ડોલતી ચાલને લઈને એ બહુ આકર્ષક લાગે છે. ચોમાસાની શરૂઆતમાં એ પોતાનાં પીછાંઓ પીઠ ઉપર મોટા પંખાના આકારમાં ફેલાવીને દબદબાથી આમતેમ આનંદથી ચાલે છે. એ સમયે એ અતિ મોહક લાગે છે લોકો એની આ પ્રકારની થનગનાટ ભરેલી ચાલને મોરનું નૃત્ય કહે છે. મોરની માદા ઢેલ કહેવાય છે. તેને મોર જેવાં લાંબાં અને સુંદર પીછાં હોતાં નથી. કોઈ કોઈ વાર મોર ઊંચે સ્થળે બેસીને મોટા ટહુકા કરે છે. એનો અવાજ કંઈક કર્કશ અને તીણો હોય છે, અને તે કેકા કહેવાય છે.

એનાં પીછાંઓમાં ભૂરા, રાતા અને લીલા રંગના ચાંદલાઓ હોય છે. એ પીછાંઓને દેવની મૂર્તિના મુગટમાં કલગી રૂપે મૂકવામાં આવે છે. એના પીછાંની ચમરીઓ દેવસેવામાં વપરાય છે, અને લોકો એના પંખાઓ પણ બનાવે છે.

આ પંખી હિંદુઓને મતે પવિત્ર ગણાય છે. એને સરસ્વતીનું વાહન કહ્યું છે, અને તેથી એનો શિકાર કરવાનો નિષેધ કરવામાં આવ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરિયા કાંઠે ઉજાણી

ગયા રવિવારે અમારી શાળાના અમે દશેક વિદ્યાર્થીઓ અને ત્રણ શિક્ષકો દરિયા કાંઠે ઉજાણીએ ગયા હતા. સૂર્ય ઊગતાં પહેલાં અમે ઘેરથી નીકળી પડ્યા, કારણ કે અમારે પગે ચાલીને જવાનું હતું. નીકળતી વખતે સૌએ થોડું થોડું ભાતું બાંધી લીધું હતું. દરિયે પહોંચ્યા પછી એક નાળિયેરીના જૂથની નીચે અમે પડાવ નાંખ્યો, અને અમારા ચાકરને સામાન સોંપી અમે નહાવા ઊપડ્યા.

ભરતી ચઢતી હતી અને ઉપરાછાપરી મોજાંઓ ઊછળીને અમારા શરીર સાથે અથડાતાં હતાં. અમારામાંથી જેમને તરતાં આવડતું નહોતું તેમને, પૂજ્ય બાપુભાઈએ વિનુની દેખરેખ નીચે કાંઠા ઉપર રેતીમાં થોડીવાર રમત રમવા કહ્યું. એ લોકો આટાપાટા, હુતુતુતુ વગેરે રમતો રમીને પરસેવાથી ઝબકોળાઈ ગયા, એટલે અમે તેમને સાથે રાખીને કમર જેટલા પાણીમાં નવડાવ્યા. વિનુ વગેરે રમતા હતા, ત્યારે અમને નહાવાની અને રમવાની શી મઝા પડી હતી!

પછી બહાર નીકળીને બધા નાસ્તો કરવા બેઠા. નાસ્તો કરતા જઈએ અને તરેહતરેહની વાતો ઉડાવતા જઈએ. છેવટે સંગીતનો કાર્યક્રમ રાખ્યો હતો, અને તેની એવી રમઝટ જામી કે સૂર્ય માથે આવ્યો તેની પણ કોઈને ખબર પડી ન હતી. છેવટે અમે સૌ ઘેર જવા નીકળ્યા.

મનોયત્ન : પર

નીચે આપેલા વિષયો ઉપર નિબંધ લખો:

૧ રેલ્વે સ્ટેશન
૨ નવરાત્રિ ઉત્સવ
૩ તમારા ગામનું મંદિર
૪ ફેરિયો
૫ મધમાખી
૬ મોહરમ
૭ કપાસ અને તેનો ઉપયોગ
૮ ભજનમંડળી
૯ ખલાસીનું જીવન
૧૦ ચંદ્ર

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

GUJARATI GRAMMER & COMPOSITION, Book II
by R. D. Desai, M. A., B T. & J. U. Mehta, B. A., B. T.
Price : 5 as.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar